હાકોર—અરે કમબખત મારાને ડોસલો કેહેવાય ?
રંગલો—લ્યોને તમારો દાજી ને મારો ડોસલો એમ. ત-
મારા દાજીએ રેવાજનો સંધ કાહાડયો.
હાકોર—કેવડો હતો ?
રંગલો—મોટો ?

ઠાકોર—કેટલો મોટો ?

રંગલો—બહુ મોટો !

ઠાકોર—કેહેને, હાથી કેટલા, ઘોડાં કેટલાં હતાં, ઉંટ, રથ, વેહેલ, ગાડાં, પાળા, એ કેટલાં કેટલાં હતાં ?

રંગલો—બસ !

ઠાકોર—બસ તે કેટલાં ?

રંગલો—અકે નહી !

ઠાકોર—તું તો કેહેતોતોને કે સંઘ કહાડયો હતો.

રંગલો—એક ખેતરૂં હતું તે ધરેણે મુકી, છોકરાંને રજળતાં કર્યાં ત્યારે જાત્રા જવાયું. ફાટા ટુટા પગમાં જોડા, માથે જુની પાઘડી ને અંગમાં થીગળાવાળો ડગલો પેહેરેલો, હાથમાં લાકડી ને કંમરે ખાંડું, એવા વેશે નિકળ્યા. મારો ડોસલો જોડે ચાકર થઇને, ગયો. અમલપાણી કરે રોટલા ખાય ને હીંડયા જાય. ત્રણ ગાઉ રેવાજી રહ્યાં ત્યાંને મુકામે તમારા દાજી રોટલા ઘટતા હતા, ને મારો ડોસલો પાણી ભરવા જ્યાતા, એવામાં તીરથ આવ્યું.

ઠાકોર—તીરથ તે શું ?

રંગલો—તીરથ એટલે ધધાડું. તે ચોકામાં પેહું ને કેમે કર્યું જાય નહીં. તમારા દાજીએ પાડી બુમ. મારો ડોસલો દોડી આવ્યો, ને ધધેડાનો એક કાન ઝાલ્યો, તમારા દાજી બીજો પકડયો, ને બંને મળી ખેંચતા ખેંચતા વેગળે તેને મેલી આવ્યા. તેથી હું તમારો ધધાઇ ભાઈ કેહેવાઉં.

ઠાકોર—હીકતો મારો દાજી ને તારો ડોસલો એએ મરી ગયા, હવે આપણી સગાઇ ઉતરી.

રંગલો—લોને ફરીને આપણે ચડતી કરીએ.

ઠકરાળાં—સાંભળોછો રંગજી ઠાકોર, પાણી નહીં જાઈએતો ઠાકોર પીશે શું.

રંગલો—તરશે મરશે.
ઠકરાણાં–પાણી ભરવા હમે ગયાં તેમાં અમારો વાંક નથી.
રંગલો—ત્યારે કોનો છે તે કહી દેખાડો.
ઠકરાળાં ઉભાં થાયછે ને ગાયછે. ભુંગળીઆ ભુંગળા વ-
ગાડેછે. ચાલ દેશી. આની હો હાકોર કાંઇ એમાં મારો
વાંક નથી; આની હો હાકોર હુંતો પાની ગઇ પસ્તાની રે
રામા; આની હો હાકોર છોડી ધાયણીના કામ રામા; આની
ડો ઠાકોર આપણા કાકોજીના કામ રામા.
રંગલો—રોહો, રોહો, બધા છાના રોહો. તમે મને કા.
જી કોહોછો તે કેમ. હું તમારો કાકોજી શાનો ?
ઠકરાળાં— રંગાજી ઠાકોર, તમે કાકાજી કેમ નહી. તમા.
રે હમારે પીયરની સગાઈ છે.
રંગલો—હુંતો સાસરાની સગાઇ રાખુંછું.
ઠકરાળાં—ત્યારે પીયરની ખોટી ?
રંગલો—ના ખોટી કેમ, હું બેએ રાખુછું, એક કાયાના
બે સગાઇ.
ઠકરાળાં—બે કેઇ ?
રંગલો—માથાથી કેડ સુધીતું અડધું શરીર પીયરતું, તે
બાકીતું અરધું સાસરાતું.
ઠકરાળાં—એ જુદાં કરોને.
રંગલો—ના તેમ ના થાય.
ઠકરાળાં—રંગજી તમે જાણોછો ? આ ઠાકોરને પરના-
રીપર ચીત લાગ્યું છે. ગાયછે આની હો ઠાકોરતું પરનાર
ચીત લાગ્યું રે, મારૂં તેણેકરી દીલ ભાગ્યું; તમે જુઠા ગ-
જ લાથ વાગ્યો, તમે મુજને મારી ઘેર જાઓ. આ જી રે
જી રે તમે સનેહેરી સીદ લગારો રે રામા, તમે સનેહેરાના
વેરી રામા. (ચડાવેછે) સનેહેરાના વેરી રામા, સનેહેરાના

વેરી રામા, સ્નેહેરાના વેરી રામા.” એસા થઇ તા થઇ. પડદો કરી ઠકરાળાં માંહે જાયછે.

ઠાકોર—હે રંગલા, આ ઠકરાળાંએ મારે માથે જૂઠું કલંક મેલ્યું છે. હમે એમાંનું કાંઇ જાણતા નથી. પરનારીમાં જાણતો હોઉતો સોગન ખાઉ.

રંગલો—ખાઓ સોગન.

ઠાકોર—કલેડામાંની સલ્યા મારે હઇએ પડે.

રંગલો—કલેડામાંની સલ્યાતો મારે હઇએ પડે ને જોડે વાડકો દાળ; પેલો પથર તમારે હઇએ પડે એવા સગ ખાઓ. ભાભીજીને કહુછું એ વના બીજા ખાઓ.

ઠાકોર—લે ફરીને ખાઉછું. હે સુરજ નારાએણ જો હું સાચો હોઉતો મારે દીકરા થાજો ચાર.

રંગલો—છી, છી, ભુલ્યા, ભુલ્યા ઠાકોર, પાંચ જોઇએ ને ચાર કેમ બોલ્યા.

ઠાકોર—પાંચ કેમ અલ્યા ?

રંગલો—ચારતો તમે મરશો ત્યારે ખાંધ લેશે, ને પાંચમો હોયતો દુણી લે.

ઠાકોર—તારે તું પાંચમો. તું અમારા ઘરનો ચાકર એટલે દીકરો ખરોકેને.

રંગલો—તે ખરૂં. પણ મારામાં એક કટેવ છે. હું તો મડદાને સગળાવુછું.

ઠાકોર—તારો બાપ મરી ગયો ત્યારે કર્યું હતું ?

રંગલો—હું તાંહાં નહોતો.

ઠકરાળાં પડદા બાહાર નીસરી ગાય છે ને કહે છે—રંગલા અમારે ઠાકોર જોડે રાસણું થશે, રંગલો જવાબ દે છે કે ઠીક, રાસણું ગાઓ. ઠકરાળાં ગાય છે

ચાલ દેશી. "જીરે જીરે અમોલા લીધા રે રામા, વેગલા રહેજો રે રામા; હાંથી પરો જાને રાગા, અરે મારી સોઠના ભંભેર્યા રામા, નજરે ના આવે મારા વેરી, ઓ જીરે નજરે ના આવેરે મારા રાગા; જીરે જીરે અમોલા લીધારે રામા." એ છેલો બોલ ચડાવીને ગાય છે, ને રોય છે. ઠાકોર વળગવા જાય છે તેને ઠકરાળાં ખસેડી દેછે. પછી બે જણા લડે છે. ઠાકોરની ઢાલ છીનવી લે છે. રંગલો ઠકરાળાંની તરફ થાય છે. ને ઠાકોર ઉપર પોતાનાં પાઘડી લુગડાં ફેંકે છે, કુદે છે, ધુણે છે ને લોકને હસાવે છે.

ઠકરાળાં—રંગાજી અગારેને ઠાકોરને રાઢ થઇ તેવારે તમે કયાં ગયાતા ?

રંગલો—હું મારા ભનરીબની વહુને તેડવા ગયોતો. હોતતો બચકાં ભરત.

ઠકરાળાં—હું ને ઠાકોર સોગટાની બાજી રગતાંતાં તેમાં ઠાકોર જુડી ચાલ ચાલ્યા, તેથી રાઢ થઇ. અમે, ને ધારણી, કુગતી, રાયલેલ, અમદાણી એ સૈાએ મળીને ઠાકોરને માર્યા, ઠાકોર નાસી ગયા. અમે ઢાલ પડાવી, પણ તરવાર લઇ નાઠા. જાઓને તરવાર લાવેાને, સુમલદીને છેતરીને લાવજો.

રંગલો—જાઉં ભાભીજી લાવુછું, એમાં મોટું શું કામ છે.

ઠકરાળાં—જાઓછો તો હું તમને સીખામણ દઉછું તે સાંભળજો. ઠાકોર રાડી કરીને ગયા છે, હજી અગલ નહીં ઠર્યા હોય, તમે તરવાર લેવા જાઓ એટલામાં ઠાકોર તમારૂ માથું વાઢી નીચે પાડે તો બોલશો નહીં હો. હું તમને રૂપીઆ દશની પાઘડી બંધાવીશ.

રંગલો—માથું પડયા પછી પાઘડી કાંહાં બાંધુ? ટૅચલે બાંધુ ?

ઠકરાળાં—હાથ વાઢે તો બોલશો નહીં હું તમને સોનાનાં કડાં પેરાવીશ. (વગેરે કહે છે) જાઓ તારે ગાતા ગાતા જાઓ. રંગલો પરભાતીઉ ગાતો જાય છે. જાગીએ ગોપાળલાલ, કેસરીઆનો ભેનો રે. ઠાકોરને ઝવાર કરે છે.

ઠાકોર—આવ રંગલા આવ્યો, કેમ આવ્યો.

રંગલો—આપણા દરબારમાં ભજકવ્યથી જીવો સરાણીયો સારી સારી તરવારો લાવ્યો છે, તેથી તમને ઠકરાળાંએ સંભાર્યા છે. તે કહે છે ઠાકોરની તરવાર ઉતરી ગઇ છે, તે બદલી નવી લેવાને મંગાવી છે. તરવાર આપોતો બદલાવી લાવું.

ઠાકોર—અમે બ્યતરી હથીઆરાં વગરતો નહીં રહીએ.

રંગલો—લો આ લાકડી. એમ કહી તરવાર ઝુંટવેછે. ઠાકોર મુકતા નથી.

રંગલો લઇ લે છે ને કહે છે એ લઈ ગામનાં ઢોર ચારી આવો, ને મારો આખલો પણ ચારજો. જુઓ આ ઠાકોર ગોવાળીઆ થયા!

ઠાકોર—લાકડીમાંતો નવ ગુણ છે તે સાંભળ આંધળાની આંખ, પાંગળાનો પગ, જે ઘેર નાર કભારજ તે ઘેર દંડ સભાવ, કુત્તા મારન, ને કુનર સાસન, જળ તારણ, છોરૂ, ગોરૂ, ને સરપા હાંકલીઆં; કવિગદ કહે સુણો, ઠાકરો નવ ગુણ લાકડીઆં.

રંગલો ઠાકોરના હાથમાંથી લાકડી પણ ખુંચી લઇ નાસી જાય છે, ને ઠકરાળાં કને આવી કહે છે, જુવોને આ તરવાર વેચાતી લાવ્યો કેટલી કીમતની છે.

ઠકરાળાં—લોઢાની શી કીમત! એનું શું આલ્યું. રંગલો મસ્કરી કરે છે, ઠકરાળાં તરવાર ખુચી લઇ તેને મારી

ડે છે રંગલો ઠાકોર પાસે જાય છે.
ઠાકોર—હે રંગલા, તરવાર લાવ્યો ?
રંગલો—હે રાજ, દરબારમાં બકરાંએ લઇ લીધો.

ઠાકોર ઠકરાળાંની પાસે તરવાર માગે છે પણ તે આપતાં નથી તે વારે સગન્નવવાને આ પ્રમાણે કહે છે.—
વાલમ કહે વધુ ચાલવું, હુવો તે પ્રાતસકાળ; કામની કહે
વેહેલા આવજ્યે, આજી ઢાળ હો સંભાળ. ચેટી જલર ને
બંકડી, ધનુષ ને તરવાર; બગદો બંજદ બકડો, હો ધા-
રી તરવાર; કેગરી છરી ચુકણી, ધાયો શીવણી ધામ; ઝ-
લર કટાર ને વાઘ નખ, ઉપટ પટ આમ; ઢાલ શેલ
ને કામડી, ધનક ને કબાન; દોરી ગુપતી ધાયેાટી, સુરબાણ
ત્રસુ ઠોલી; ધનક નાગણી ને ટકારા, છકડ તબલ ત્રાટક;
કતલી મુસલી, નયેા ચક્ર તે પાંતરીશ; કવિગદ કહે સુણ
જવું પરદેશા માંહે; કર લેપ પટ ભીડીયાં, તારી કામની
કસા સાહે. હરીએ હથીયાર બંધાવીયાં, દુરીજન કરે
કાજ; જીણે બાંધે રણ જીતીએ, તે કેમ છોડું આજ. શો
કેમ છોડું આજ, તું સાંભળ સલુણ દેહ નારી; જીને બાંધે
દશમત કાંધે. તે કેમ છોડીએ તરવારી.

પણ ઠકરાળા માનતાં નથી ને તરવાર આપતાં નથી ત્યારે ઠાકોર તેની સાથે લડે છે ને રીસાઇ જાય છે. રંગ-
લો ટિખળ કરી લોકને હસાવે છે. ઠકરાળાં ઠાકોરને મના-
વવા જાય છે ને ગાય છે. સકળ સભા રળીઆમણી, મા-
રા રામાને મનાવવા જાઉં; ઓ જીરે જીરે અબેાલા રાજ
ભંગાવેા. જીરે ઠાકોરાને ચડવાને ઘોડો ઠકરાળાંને દોગ્યા
બેટડીઓ; ચીર ત્યારે લાવશેા ત્યારે હસીને બોલીશું,
હસીને બોલીશું તે ટાણેજે. તા થઈ ... થઇ.

ઠાકોર—હે રંગલા, હવે અમલ ઉતરી ગયાં, ધારણીને બોલાવો કસુંબો કાઢે ને પાય. હે છોરી ધારણી અમલનું પોતું. પાણીનો છાગળ લઇને હેંડ.

છોડી નથી આવતી તે વારે રંગલો કહે છે, અરે રાંડ ધારણી, ગુલાગડી આવને. તોએ નથી આવતી. ઠકરાળાં બોલાવે છે એટલે હાથમાં કંકુની થાળી ને પાણીની છાગળ લઇને આવે છે. ત્યારે ઠકરાળાં ગાય છે ધારણી તું વેહેલી આવે, અમલનાં પોતાં લાવે; સાકર હોયતો લેતી આવેરે, અમલનાં પોતાં લાવે;

ઠકરાળાં—ધારણી તુ કહીં ગઇતી?

ધારણી—મુંબાઇ ગઇતી. તાંહાં બાર મહીનાએક કંસારાને ઘેર રહી. આ બે ભુંગળીઆ. એ કંસારાના દીકરા છે.

ભુંગળીઆ—ચલબે સાલી જુઠી. આ બે ભુંગળો કંસારાની બનાવેલી બરી. અમેતો ભવાયાના બેટા છીએ.

ધારણી—મુંબઇથી સુરત આવી. ત્યાં ડબગરને ઘેર રહી. તેનો દીકરો આ પખાજી.

પખાજી—જુઠી રાંડ જુઠી. પખાજ ડબગરે મઢેલી. હુંતો ભવૈયાનો દીકરો છું.

રંગલો ને ધારણી લડે છે, ને ઠઠા મશકરી કરે છે પછી જાય છે. ઠકરાળાં ગાય છે તારો કસુંબો કેસરવર્ણો, અમલ ભાંગ આરોગો મારી નણદીના વીરા. હાંજી આરોગોરે (ચડાવીને) તા થઇ તા થઈ.

ઠાકોર—હે રંગલા, અમલ વના અમલીઓ, નિરધનને શીઆળો; અમલ વીના અમલીઓ, ઘોડો ચડ પાળો, અમલ વીના અમલીઓ, દુધ વિના બાળો;

અમલ વિના અમલીઓ, ઉનાળો અંગારો. હે રંગલા,
અગલ આજે અગલીઆ, ગાતા થાજો મલ, રાયાંજદાં
રમાડવા આયો તહ અમલ. કોટ ઉપર કાંગરા, ઘેંઘ ઉપ-
૨ ઢાલ, એમ રણ વચે અગલી ફરે, જેમ મોતી વચે
લાલ. બના સારાં સુબડાં, ઔર સુબડાં અવલ; ઈણી વ-
ખત થાને ધ્યાદ કરાં થેં આજે સેણ અમલ. ગડદાંતણી
હોય ગરજના, ગલ અબાડે ગલ; ધણી વખત થાને ઈ-
યાદ કરા, થેં આજો સેણ અગલ. સાંઝ સમે કાગની મ-
દગાતી, કંથ મળવા ઉગંગ ધરે; કાગની કીકી કરે કેગ
કાળી, જેનો પીયુ ના રાતડી આંખ કરે. રાતડી આંખ
તે રંગ પણ રાતો, રાતો માતો આવ બણી; ધોળી આંખ
તે દીલ પણ ધોળો, પછે ધોળે મુઢે માં આવ ધણી. શી-
રા પૂરી સાકરાં, આછો ભાત અગલ; જંબા કેરી ગુગત
બની, તહ આયો સેન અગલ. સોઢીડાની નાર, નત ઉઠી
બચડા કરે; તું તારાને વાર, ગારેતો પીયે સરે. જલહરન
બલ હરન, કામ હરન દ્રવ હરન; અમરત છોડ બીખ
બાત પીયા, કોન ભલપન જાન. ધરતોડન, મૂખ મોડ-
ન, સેજ રમાવત સામ; અમરત છોડ બખ બાત હે, ત-
રીઆ ઓઇ બલપન જન.” એના પછી કમુંઓ કાઢે છે
ને ઠાકોરને પાય છે, તથા ગાય છે–એકવાર લોને રામા,
બીજી વાર લોને રામા, ત્રીજીવાર લોને રામા. હોજી લ્યો-
ને રામા (ચડાવીને) થઇ તા થઈ.

ઠાકોર હકરાળાંને કહે છે તમે પીઓ ત્યારે હકરાળાં
કહે છે સકળ સભાને તમે જઈ પુછો કોઇ બેરાં અગલ
આરોગે, મારી નબુદીના વીરા. જીરે પેટમાં દુબે રામા રે.
મઠ થઇ તા થઈ. (બંનેને સહેલા થઇ.)

ઠાકોર—હે રંગલા હાલો હાલો જે નર હુવા, રા-

ખ્યા નવ રહંત; મન ઘોડે ચિત્ત પીંગડે, તાણી ભીડ્યા તંગ. રાણા ભેમસંગજીના પટા લખ્યા તે માટે હમે ઘેર રહેવાના નથી. ઠકરાળાં તેને ઘેર રહેવાને કહે છે ને મહિના ગાય છે.

દુહો.—કારતગ માસ નહીં દઉં ચાલવા, કામની કહું કરજોડ; અબળા મન ઉલટ ઘણો, ગોરી ઉભી આળશ મરોડ. કારતગ માસ નહીં દઉં ચાલવા, શીળા હુવા પરવેશ; મારો પીયુ પરતાને જઈ રહ્યા, ઘેર અબળા આલેવેશ. ચંતડામા ચોડો લાગીઓ, તરવર પોકચાં તીર; એણી રતે ઠાકોર ચાલીઆ, મારે નયણે ઢળીઆં નીર. ગાણું. જીરે જીરે રાજ રોહો રોહો રે, જાવા નહીં દઉ રામા, રાજ મારા અવગુણ પાલવ ના બાંધોરે રામા. એવું મેલી કેમ ચાલસો જીરે જીરે રામા.

ઠાકોર—હે રંગલા, આ કારતગ મહીનો ઠકરાળાંએ વખાણ્યો તે કારતક કહેવો છે તે સાંભળો-કારતક મહીને ચાલશું, અબળા મેહેલો વાદ; સાથીડા સુંઢાવશું, શુભ ચાલશું પ્રભાત. કારતક આગળ ને રવી નિરમળ, જગહી અંતર જળકજળ; કાજળસર દીપગળ વસ્ત્ર ઉજળ, મનમે મનજન, સફળ અંગ સકોમળ; તરણી મોહોબળ, કંઠ ઐઢાવળ, ગુજગળ, રતનજળ, રપ સબળ, તરીઆ હુકમત શળહળા સમાન, પાતળ રે મન રેન ખટકે એની રત.

દુહો. કારતક માસે અમે ચાલશું. કાંકરો કલપંત; ઠાલ અમો ઘર આવશું, હકમએ હરખ ઘરંત. કુમ કુમ લઈ કરો ચાંદલા, સબઅરો મળી વધાવીએ; અસાઈત મુખ ઓચરે, કુશળખેમ ઘેર આવીએ.

ઠકરાળાં—માગસરમાં નહી દઉં ચાલવા, અબળા

આળેવેશ; ગ્રેહ વાર્યું નવ કરે, પીયુ કાંહાં ચાલ્યા પરદેશ.
ગાણું. માગસર મન છે માહેરું, મારૂં ચિત ના રહે ઠામ;
તમે જુવો જાણ્ય જોશીઓ, એક વાત પડી છે વરાંશ.
આંખડીનું કાજળ લળી રહ્યું, મારે અંગે ચીર ના સોહા-
ય, એની રતે હાકોર ચાલીઆ, મારી ભરીઆ જોબન
જાય. જીરે જીરે રાજ રોહો રોહોને જાવા નહીં દઉં. રાજ
મારા અવગુણ પાલવ ના બાંધો. એવું મેલી કેમ ચાલ-
શો, જીરે જીરે રામા.

હાકોર—માગસર માસે અમે ચાલશું અબળા દો
આશીશ; શુભ સકને અમે ચાલશું, તમે રહે ના ઘરશો
રીશ. હુઓ પગસર મગસર. શીતડમર, તપેતમર, તેલ મ-
શલ, ધોમ અગર, પસર મસર; નારી નર, ઉત્તરવાને દઈ
દીનીઆર, દબણુતર, પરતુછને વધીઆ તગર, ચોલવળાવે
પળવટ, શળહળા સમાન પાતળરે, મન રેન અટકે એની રત.

હકવાળાં—આગે ઓરડે ચોઢતા, નથી ચાલ્યાનો મો-
ખ; એણી રતે નહીં દઉં ચાલવા, ઘેર ગાળો મહીનો
ચોસ. ચોસ માસની પ્રીતડી, બરી દોહેલી જાય; મદ મ-
રતમાં મેલી ગયો, કેમ કરૂં મોરી માય. અબળા તે જુવે
એકલી, આળસ થાય ગારે અંગ; એણી રતે ઠાકોર ચા-
લીઆ, મારા જોબનીઆના દન.

ગાણું. જીરે જીરે રાજ રોહો રોહોને જવા નહી
દઉં. રાજ મારા અવગુણ પાલવ ના બાંધો. એવું મેલી
કેમ ચાલશો, જીરે જીરે રામા.

હાકોર—હે રંગલા, રાણીએ ચોસ વખાણ્યો, હવે હ-
મે વખાણીએ તે સાંભળ. ચોસ માસે ચાલશું, તાણી ભી-
ડ્યા તંગ; અબળા મને આરત ઘણી, પીયુ મળવા ઉછં-
ગ. કુપહી નીર કળ કળે. અન કળકળ કામની ઉર, ધુવર-

તો હીર ખીર ધરે, અંતઃકરણથી અમરત ઝરે. ખાણું તો છંડુ તરીઆ નામ, નાગ ખણું રાફ ન છંડે; પુરણ પોસ જઠરા અગન, પાનરસ અનેક જાત શળહળા સમાન, પાતળરે મને રેન ખટકે એની રત. પોસે પ્રીત ન વીસરીએ, ને સુખે કરીએ પરીઆણ; ચંતે ચોળોના ઘાલીએ, તમને દાજી કેરી આણ. હઠીલી હથીઆર બંધાવીએ, કે અમે સકન ભાગીને સધાવીએ.

ઠકરાળાં—માહા માસે નહીં દઉં ચાલવા, તપે તરૂણીનો તેજ; ભમર ભોગી સાહેબા, આપણ રંગભર રમશું સેજ. કામની કહેરે હું કેમ રહું, આ વીહીલો માહા એક માસ, મારા પીયુ સંગાથે એક પ્રીતડી, રંગ ભીના રહયા અવાસ. જીવશે તે જાણશે, જોબન હશે વીનાશ; એણી રતે ઠાકોર ચાલીઆ, મારે રેણુ જાય ખટ માસ. જરે જરે, રોહો રોહો.

ઠાકોર—માહા માસે ચાલશું. મેગળ બાંધ્યા બાહાર; ઉંટે હાથર ભીડીઆ, ને કામની સજે સણગાર. જેની રતે અનળ ન ફરહરે, તેની રતે થરથર રહે અનળ; કયુ એકે વા વાય શીતળ, કયુ એક તરવર ઝરે, કયુ એકના ઝરે. નકો દન ભયા પળવટ, શળહળા સમાન, પાતળરે મને રેન ખટકે એની રત સમાન. માહા માસે આવી મળી, ને લાવી ચોસર હાર; કંઠે હમે ઘાલીઓ ને તલક કર્યાં વીશાળ. ગોરાંદેહ કંઠ વળગી રહી, અમે તેથી સુખ પામ્યા સહી.

ઠકરાળાં—ફાગણ માસે નહી દઉં ચાલવારે, કામની કહે સુણ કંથ; અબીલ ગુલાલ ઉરાડશું, આપણે રમશુ માસ વસંત. ફાગણ માસ ફરકીઓ, કેશુ કરે કલોલ; જેમ જેમ વાલમ સાંભરે, મારા નેણ ઝમ ઝમ લોલ. જળવટ

ગયાં કેમ વીસરે, તરવર ચોંચ્યા કંથ; ગોણે રતે હાકોર
ચાલીગ્યા, મારા સુનાં રહ્યા વસંત. ઓ જરે જરે.

હાકોર—ફાગણ માસે ચાલશું, આવી રત વસંત;
અબીલ ગુલાલ ઉરાડશું, નારીઓ કરશે નરત. આખર
અર્યા ને કેશુ ફુલ્યા, કુપળ તરને ફુલ ઝર, રંગ કેશર અ-
રગ અંગ, ગુંઝ ભમર કોકીલા શર પરગળ, પરમલ ના-
રી નેંન ભત ફાગસો, ફાગ શોભાગ દન કેશર ભંગન તેં
રગત ભાત શળહળા સમાન, પાતળ, મને રેન ઘટકે ગો-
ની રત સમાન. ફાગણ માસે ફાગ ખેલતી, આવી ગોરાંદે
પાસ; કેશર ઘોળી કળશ ઝારી ભરી, સાત સાહેલી સાથ.
અબીલ ગુલાલ બહુ છાંટતાં; મન ગમતી ગોઠ અમે
આપતાં.

હકરાળાં—ચૈતર માસે નહી દઉ ચાલવા, હુંપ પડે લુ
વાય; દમરા મરવ કેતકી, ફાગની કંઠે ના સોહાય. ચૈતર
માસની છાંયડી; ચંપક મોરી મોરી જાય રે; ચુવા ચંદન
અરગજા, મારે અંગે તેલ ના સોહાય રે. અંગે તે મારે
ત્રેહ ઘણો, રવાગી પધાર્યા ગામ; ટચલી આંગળી કેરી મુ-
દ્રકા, લલીવત લાગી બાહે. ચૈતર ચંપો મોરીઓ, મોરી તે
દાડિમ દાખ; આંખે સુઝા ચગમગે, કોયલ સરખે સાદ.
લાખ લાખને સાટવો, એટલી મુજમાં હાણ; ટચલી આં-
ગળી કેરી મુદ્રકા, લળી આવી ગોરાંદે બાંહ. જરે જરે રા-
જ રોહોને જવા નહી દઉં.

હાકોર—ચૈતરે માસે ચાલશું, પાદર મોરી મોરી જા-
ય; અબળા મન આરત ઘણી; મને ઘર રહો ન સોહાય.
ચૈતર વન પછે પવન, ફળીઆ ફળકે દન, મુજ જોબન
તુજ દન. ગળે ચંદન છાંટીઆ, ભમર શીર ગુજઆણુ,

નીશા ઘટે ને દન વધે સુરજ દે લગન, નીકોદન ભયા પ-
ળવટ, શળહળા સમાન, પાતળ રે મને રેણ ખટકે એની
રત સમાન. ચૈતર માસે ચંતા તજે, કાં સહેા આંસુ ધાર;
સાથી જુવે ભાગેાળ વાટડી, મુકેા હઠ થાય અમને વાર.
મુખથી કહેા તમે જાઓ, ને માનુની સહુ મંગળ ગાઓ.

ઠકરાળાં—વૈસાખે વન મેારીઆ, મેારી તે દાડેમ દ્રા-
ખ; એને વન સુડીલા ચગમગે, કેાયલ સુણાવે મધુરેા
સાદ. વૈસાખે વને મેારીઆં, મેારી તે દાડેમ દ્રાખ; મેારી
તે મરવા કેતકી, મેારી તે આંબે સાખ. કેાએલડી કલબલ
કરે, વનમાં તે અતી ઘણી ભીડ; એણી રતે ઠાકેાર ચાલી
આ, હઇડે જેાબનીઆની પીડ.

ઠાકેાર—વૈશાખ માસે ચાલશું, સજેાખાના કાહાડયા
આહાર; ઘેાડે જીન માંડીઆં, હઇઆં અનઝાર વાર.

વૈશાખ જમીઆણુ, છળળળ છતીઅન, તેજતેા અ-
નળ, ને વેળતેા એાતમ ફળે એાહેાબત, ગળે ચંદન ચા-
તુરી, તતખયન, નેત્ર ટાડેા પદમની, આમ રસ ભંગ રસ,
કેાકમ સરસ, ગ્રહે ગ્રહે સુડા નાના પંખ ગત, શળહળા
સમાન.

ઠકરાળાં—ધુપ પડે ને તન તપે, જલમ મહીનેા જે-
ઠ; એણી રતે કેમ ચાલશેાજી; ગેારી ઉભી છજ હેઠ. જે-
ઠ માસમાં જળ ભલાં, ને ભલાં તે આંબા વન; ભલી તે
સજન ગેાઠડી, ભલાં તે ફેાફલ પાન. આગે તે પંડીત ભા-
ખતા, જેાશી તે જેાતા જેાશ; નાવલેા તમારેા આવશે, તુ-
મે રહે ના ઘરશેા રેાશ.

ઠાકેાર—જેઠ માસે ચાલશું, આંબે પાકી સાખ;
અનેક ફળ તાંહાં આવશે, મીઠી દાડમ દરાખ.
સરેાવર નીર ખેચીઆ, આંબાગળ વેડ વમળ, ફળે

દાડેગ, સફળ ફળ, જળ જળ જેઠ તપ આગે સળી રસ,
તે ભણે કવિ કીરત ભત. શળહળા સમાન.

હકરાળા—ઝરણ ઝરે ને તન તપે, વીજ તણેા ચ-
મકાર; એણી રતે કેમ ચાલશેા, પીયુ આવ્યેા માસ આ-
ષાડ. માસ બાલે આવીગેા, ઘટા ગરવા વરસે મેહ; પ-
પૈયા પીયુ પીયુ કરે, તે કાયર કંપે દેહ. એક અંધારી
ગોરડી, દુજે વીજ તણેા ચમકાર; એટલાં વાનાંતેા ભલાં,
દેને મંદીર હેાય બરથાર. એાળરે ૭રે.

હાકેાર—અસાડ માસે અમે ચાલશું, ગાજે વીજ
ઘનઘેાર;
પપૈયા પીયુ પીયુ કરે, મીહા બેાલે મેાર.
જળરી આગર ડમર, ઘેારહી બાદલ લીલ ઘટા, ચા-
રુદ પીયુ પીયુ ચલે, બેાગ બીજાહી દાદુર વટ, ઝણ ઝણ
ઝબે, જળ ઝબળ નિજળ ઝરે, ઘર ઘર ઘરકે મેાર, કરે
કેાયલ કેાકેા, સર પરગલ, ભરવા સરેાવર લહેરગાર ઘડ
ઝાડે ઝેની ઝટ. શળહળા સમાન.

હકરાળાં—શાવણ માસે નહી દઉં ચાલવા, ભીજે તં-
બુ દેાર; દુંગર ગેાદેશે તાણીગ્યા, ૭ણા ૭ણા ટહુકે મેાર.
શાવણ માસની સુંદરી, ગેારી ઉભી સરેાવરીગ્યા પાળ; વે-
ણુ રાગડી સગારે, નાકે મેાતી ઝાક ઝગાળ. લેલાવટ ટી-
લડી શેાભતી, કંઠે ગકાવળતેા હારજ; સેાળ વરસની સું-
દરી જુવે, નાવલા કેરી વાટજ. શાવણ માસની સુંદરી,
ગેારી ઉભી સરેાવર પાળ; મુખ નિહાળે પેાતાતણું, વેણુ
રાગડી ગુંગાય રે. દુંગરીગ્યા દશ આંગળાં, મારગ વરસમાં
ચાર; સરેાવર ઉભી સુંદરી, જુવે નાવલા કેરી વાટ.
હાકેાર—શાવણ માસે ચાલશું, નવી ગાવી રાલ;
મરજુ પાર ઉતારશે, ઘેર ગાવીશું કાલ.

શાવન ખીન ખીન, શાવન ઘેાર ધરન લીલવરણ, હરણ વરણ પંગરણ સેાહી જડે ચુડે ભરન સેારન સેાહીજે, રાગ મલાહાર મન મેાહીજે, ઘડીઅર પગ્યત શાળ હળા હળ.

ઠકરાળાં—રામ ધન ગાજે ને અમરત ઝરે, પીયુ મળવાની આશ; એણી રતે કેમ ચાલશેાજી, રાજ અણળા મન ઉદાશ. ભાદરવેા ભરથાર વના, મને દિન દેાહેલેા જાય; દહી દુધ અતી ઘણાં, સવાદ સઘળા થાય. સખર અંબર છાયલેા, ઘટા ગરૂઆ વરસે મેહ; એણી રતે ઠાકેાર ચાલીઆ મારી દુખે દાજે દેહ.

ઠાકેાર—ભાદરવે અમે ચાલશું, જેશીએ જેયા જેશ; પારકા પટા લખાવીઆ, તમે રહે ન ઘરશેા રેાશ. ભાદરવેા ખનું એક ઉજળ, ખનું એક લીલેા ને ખનું એક પીળેા, ખનું એક વરસે ને ખનુંએ રેહે, ખનું એક માતા લીલી રત. શાળ હળાહળ.

ઠકરાળાં—આસેા માસે નહી દઉં ચાલવા, નવ દહાડા નવ રાત; દસેમે દસરા પુજશું, આપણે રમશું કાળી ચેાદશની રાત. આસેા માસ દીવાલીઆં. ઘેર ઘેર મંગળ ગાય; તમે ઉઠેા સખ્યિર સલક્ષણી, કાપડ પેહેરેા સાર. મારૂ આગળ વાલું એલચી, તેારણ નાગરવેલ; બારે મહીને ઠાકેાર ના આવીઆ, મારે મહીરે વળાની મેહેલ.

ઠાકેાર—રજપુતાના બેટડા રાખે પરાયાની વટ; ઠકરાળાં ગનાવે ઘેર ના રહે, ઈમ કહે અસાધ્યત જાત. આસેા ઉજળ ને તુછ જળ. સાથ વમળ, સમુદરા રંગી વાદળ, પુલ્યા કમળ, નકેાદન ભયા પળવટ. શાળ હળાહળ.

ઠકરાળાં—સાંભળેાછેા રંગજી ઠાકેાર. ઠાકેારના રહ્યા એટલે અમે ઠાકેારને જમાડીશું.

રામદેશનો રવાંગ.

ડુંગલો—હું રહેવાનો છઉં તે મને જમાડજોને.
ઠકરાળાં—સાંભળો, સાંભળો; ચીત્ત ચુરમુ તે મન
ધાણશી, ઉપર ઘીની ધાર; કોળીએ કોળીએ હું ચોખતી,
દીવરાણાં દશવાર હાકોર ચાલ્યા ચાકરી, મને મેલી નોંધા-
રી; મુજ સરખી રાજ તખતે નહીં મળે, કોક ગળશે ધુ-
તારી. હાકોર ચાલ્યા ચાકરી, ઉપલાણે પલાણ; છતે સરો-
વર ધુંયાં ધોતીયાં તે પથરા લાલ ચોરંગ કાંકન વેચું રા-
જ ઘેર રહ્યા, વેચું હઇયાનો હાર; ઘેર બેઠા મોજ માન-
તે, મુજ નોંધારીનો આધાર. ચુરજ હું તને પુજતી, કર-
તી આદીત વાર; ઘડી બેચાર મોડા ઉગજે, મારો પીયુ છે
આલનદાર. કુંઅડીઓ સરવે ટોળે મળી, દશ ને વીશ;
તેનો પરણ્યો ઘેર નહીં, તેની ગોરી ચંપે ઈશ. મોતી ગ-
ય ગણ જોવડાં, તેના આડા અવળા વેહ; જુજવા આભા-
પનાં છોરવાં, તેના આવડાશા નેહ. મોતી ભાગ્યું વીંધતાં,
ગન ભાગ્યું કબોલ; જોક કેરે બોલડે, પરણ્યા બાંધી પ્રીત
ન તોડ. રાગ ગારે મન મોતીનું જુગાણું, હું પરવાળી
વેલ; જો મન ના માને પીયુ તાહેરું, તો મારે મદીએર
વળાવી મેલ.

હાકોર દીઓ તે વારે શુકનનો દુહો રાણી બોલેછે.
આગેથી દેવા ઉતરે, ને જમાણે હરખાન હોય;
તાંદાં પગ હેલે ચેંગડે, તખને વેરી ના ગંજે કોય.
પછે વલાગણુ ગાય છે. રાગ ગામેરી. (ચડાવીને)
હાગા હાગા જાઓને રે રામને વળાવીઓ. ઉભા ઉભા
ચડ પીપળીઆની છાય, નેણુ સલુણી ગોરાંદને ભેલ ઘણો.
આડાં આડાં હરણાં રે રામ તખને ઉતરે, હરણા તારે કોટે
ધુઘરમાળ; સોને રે મઢાવું હરણા તારી શીંઘડી, મારા રા-
મને પાછો વાળ. નેણુ સલુણી ગોરાંદને ભેલ ઘણો, હુંગરી

એ ચડીને રે રામ તને જોઇશું, મારા રાજ, ડુંગરીએ છે દેવા કેરા વાસ; ભુતળનું ભમતું ગોરાંદેને ખીવરાવશે, હોશે મારા જોબનનો વનાશ. જોણુ સલુણી ગોરાંદેને જેહ ઘણો. જીને જીને આંગણે ગંગોદક નદી વેહે, તેની ગોરી છીદરીએ સીદ જાય; જીનો જીનો પરણ્યો રામ સરીખો પાતળો, તેની ગોરી મહીએરીએ કેમ જાય, જોણુ સલુણી ગોરાંદેને જેહ ઘણો. માન ફેરવીને હવે બીજી ઢાલ ગાય છે. વળાવી આવીને ઘરમાં રોય છે. સાગ સીસમના ઢોલીઆ, ડમરા મરવા તે વાએ સોવાએ; ઉપર રામજી પોઢતા, મૃગયાનેણી તે ઢોળે વાએ. પાદર મોરી રે રાજ પાદર મોરી રે, પાદર મોરી ફુલડે, વનમાં મોર્યો કેશ, ગોરાંદે મોર્યા ભર જોબનમાં, જોનો પીયુડો ચાલ્યો પરદેશ.

ફરીને સંદેશો મોકલે છે, ઘોડો ને ઉંટ મોકલેછે તેનું ગાણું.

" સુંદરી સંદેસો મોકલે. ઘેર વલણ કરો, જોના નાથ સામળીઆ. જીરે જીરે મારા અવગુણ પાલવ ના બાંધો રે રામા. જીરે જીરે પુરવની પ્રીત સંભારો રે પાતળીઆ. ચડવા ઘોડો હયશલો, ડેરો લાધવારે ઉંટ રે રામા."

(વેશ સંપૂર્ણ.)

સુરાસામળાનો વેશ.

રાગ સામેરી. એક સામેરીરે, દુજો શામવેદ, ત્રીજું
નારાયેણ નામ, ચોથું વૃત એકાદશી, પાંચમું ગંગા સ્નાન.
ઉંચો રે ધઢ દીસે દ્વારકાનો, પથરા લાખ કરોડ;
સામો રતનાગર ગરગડે, ત્યાં રાજ કરે રણછોડ.
માગણ જાળે માગવા, મન ધરજો મોહન;
રેવંત ચાલે કુદતો, પાવા પત સુહાણ
ચાલો મન જઈએ દ્વારકાં, કરીએ ઉત્તમ કામ;
જાતાં ભેડીએ જાદવો, વળતા રાવળ જોમ.

સુરો પડદા બહાર આવેછે તે વેળા ગાવાની મેલણી—
મનના પ્યારા કેમ કીજીએ, આપણા રે મારી સઇએર,
મનરા પ્યારા કેમ કીજીએ આપણા રે મારી સઇએર.”
એજ ચઢાવીને ત્રણ ચાર વાર ગાય છે ને ફરે છે. પછી
હા હા હો હો એમ હોકારો કરે છે એટલે ભુંગળો વાગે
છે. પછી સુરો ઉભો રહે છે ને નીચેના દુહા બોલે છે.

ધન ધન મોહન નીધરા, ધન કુંવર લખ ધીર;
પાવેથી સાગ પ્રગટચો, અધ રાજવી હમીર.
રાખી અતરવટ રજપુતાવટ, સબ ધીરાગાં સમધીર;
શરીર વીંધાણ ભાલડે, તોએ નયણે ન અંચે નીર.

હો હો ભાઇ નાએક આ વેશ કોના કહીએ ! સુરા
રાઠોડનો કહીએ. તે સુરો કયાં થયો ? જોધપરા રાઠોડ
જોધપરથી આવી સંએડ *ખાદલપર આવીને રહ્યા. માધ-
વ ને કેશવ બે ભાઇ હતા. માધવદેવનું સાસરૂં બેડભાદ-
રવે. માધવદેવ એક દી જંબાને બેઠા તેવારે કહ્યું આજ-

* એ ગામ ડભોઇની પાસે છે એવું મે સાંભળ્યું.

એ ચડીને રે રામ તને જોઇશું, મારા રાજ, હુંગરીએ છે દેવા કેરા વાસ; ભુતળનું ભમતું ગોરાંદેને ળીવરાવશે, હોશે મારા જોબનનો વનાશ. નેણ સલુણી ગોરાંદેને જ્રેહ ઘણો. જીને જીને આંગણે ગંગોદક નદી વેહે, તેની ગોરી છીદરીએ સીદ જાય; જીનો જીનો પરણ્યો રામ સરીએ પાતળો, તેની ગોરી મહીએરીએ કેમ જાય, નેણ સલુણી ગોરાંદેને જ્રેહ ઘણો. માન ફેરવીને હવે બીજી ઢાલ ગાય છે. વળાવી આવીને ઘરમાં રોય છે. સાગ સીસમના ઢોલીયા, ડમરા મરવા તે વાએ સોવાએ; ઉપર રામજી પોઢતા, મૃગયાનેણી તે ઢોળે વાએ. પાદર મોરી રે રાજ પાદર મોરી રે, પાદર મોરી ફુલડે, વનમાં મોર્યો કેશ, ગોરાંદે મોર્યા ભર જોબનમાં, જેનો પીયુડો ચાલ્યો પરદેશ.

ફરીને સંદેશો મોકલે છે, ઘોડો ને ઉંટ મોકલે છે તેનું ગાણું.

" સુંદરી સંદેસો મોકલે. ઘેર વલણ કરો, જેના નાથ સામળીયા. જીરે જીરે મારા અવગુણ પાલવ ના બાંધો રે રામા. જીરે જીરે પુરવની પ્રીત સંભારો રે પાતળીયા. ચડવા ઘોડો હઇશલો, ડેરો લાધવારે ઉંટ રે રામા."

(વેશ સંપૂર્ણ.)

ડીમાં પેઠી. ભાવો કહે રંડી મોડી કિયું આઇ. અસ્ત્રી કહે
ગાહારાજ ગારો ઘણો આવ્યો છે. ભાવો કહે રડો ભાંગ
રગડ. અસ્ત્રીએ ભાંગ વાટી તયઆર કરી ભાવાને પાઈ.
ને ગાંજનો સલ્પો પણ પાયો. પછે બંને ઉંઘી ગયા. મા-
ધવદેવે ઓ સરવે જોયું. મારેલા વાઘનો કાન કાપી લીધો
હતો. બંનેનાં ગળાં કાપવાને તરવાર ખેંચી, પણ વળી
મનમાં વિચારયું કે રે રામ અસ્ત્રી હત્યા નહિં લઉં એ-
કલા ભાવાને મારૂં. મડીમાં જઈ ભાવાના ગળાપર તલવાર
મેલી ને ચાંપી તે માંથુ વેગળું જય પડયું. પછી પોતે
બારણે નીસરી ઓક ઝાડપર ચડી બેઠા. ભાવાના લોહીએ
કરી અસ્ત્રી ન્હાગી, ને જોય છે તો ભાવાને મારેલો ભાળ્યો.
લઈ તરવારને બાહાર નિસરી. બે જેતરવા આણી મેર
દોડી બે જેતરવા પેલી મેર દોડી પણ મારનાર માલમ
પડયો નહિ પાછી આવી ભાવાની લોથ બારણે લાવી હા-
થમાં જગા લય બોલી, હે મારા ભાવા ચારે ચ્યોદે જે વારે
તારો મારનાર મળે તે વારે તારૂં વેર લઉં તોજ હાસ
બેસું

" કીણે મારા હેણાં હેર્યા, કીણે લીધી મારી કેડ;
પત રાણું પરિયા તણું, શીશ કાપુ સમશેર."

એમ કહી જગા મેલ્યું ને ભાવાને દાટયો. પછે તલવાર
હોં હાં કરી ફેરવી. તરવારનો કટકો માધવદે બેઠા હતા
ત્યાં જઇને ચોંટયો. તે લઇ માધવદેવે ઢાલના ભંડારીઆ-
માં મેલ્યો ને ઉતરી અસ્ત્રી પેહેલાં જઈ ઢોલીઆ ઉપર સુ-
તા. પછવાડેથી અસ્ત્રી આવીને સુતી. સવારે ઉઠી કોઇને
કહ્યા વગર માધવદે એકલા ચાલ્યા ગયા. ઘેર આવીને ભા-
ભીને કહ્યું એ અસ્ત્રી કાગની નથી. ભાભી કેહે કમ ન-
થી. માધવદે બોલ્યા.

ની કઢી સારી થઇ નથી. ભાભીએ મેણું માર્યું, સારી બા-વી હોય તો વહુને તેડી લાવો. તે સાંભળતાંજ ઠાકોર ઉઠી ઘોડે ચડયા.

દુહો.

માધવ રેવંત પલાણીઆ, સાસરે તેડવા જાય.
ઝટપટ વેહેલા પધારીઆ, મને બરી વમાસણ થાય.

પોતે ઘોડે બેસીને સાસરે ગયા. ત્યાં બતરીસે રસોઇ તઇઆર કરી; તેત્રીશ ભાતનાં શાક કર્યાં. રાઠોડ જમ્યા. તેમને સારૂ મેડીએ ઢોલીઓ બીછાવ્યો. માધવદેવ સુવા ગયા. પછવારેથી અસ્ત્રી આવીને ઢોલીઆપર બેઠી. માધવદે મોહોપર લુગડું નાખીને જાગતા પણ આંખ મીચીને સુતા હતા. બાએડીએ પછેડી ઉપાડી જોયું પણ ઠાકોર ઉંઘતા જણાયા. ઠાકોરે એની પરીક્ષા જોવાને એમ કર્યું હતું. બાએડીએ વિચાર્યું ઠાકોર ઉંઘે છે એટલામાં હું મા-રા બાવાને આજ મળી આવું. એમ કહી વીરકાછ વાળી દીધો: ઢાલ તરવાર હાથમાં લીધાં, ને નીચે ઉતરી. કરરર કરતી દરવાજાપર જઇ સાંકળ ઉઘાડી આગળ ચાલી. સા-માં અંધારી રાત સમ સમ બોલી રહી છે. માધવદેવ ઠા-કોર કેહે જોઉં અસ્ત્રી કાંહાં જાય છે ને શું કરે છે, હું એ-ની પાછળ જાઉં. ઢાલ તરવાર લઇ તેની કેડે થયા. અ-સ્ત્રીને સામા નવ ચોર મળ્યા. તાણી તરવારને પડી તે ન-વે ચોરના માંથા વાઢી નાખ્યાં. આગળ હીંડીતો સામો બોં બોં કરતો વાઘ મળ્યો. હાથે રૂમાલ વીંટી તેના મોડા-માં આપ્યો ને બીજે હાથે ઝટકો એવો માર્યો કે તે ધડ-ને શીશ જુદાં કર્યાં. ત્યાંથી ગંગાપર ગઈ. મહીસાગરમાં જળ બે કાંઠા ભરેલા છે, ને પ્રવાહ બળ બળ વેહે છે. અસ્ત્રી માંહી પડી પેલે પાર તરી ગઈ. જઇને બાવાની મ-

જોઇતી કુળ સુંદરી, જોઇતી ખરી બાપ;
જો લાવુ ઘેર આપણે તો, થાય પરીઆનું પાપ.
વેરી ઉઠયો દાવ લે, વસીઅર ચંપો બાય;
વસન વળુદી ગોરડી, વીખ દઇ પરઘેર જાય.

એ અસ્ત્રી સારી નથી. ભાભીએ ફરીને પૂછ્યું કેમ સારી નથી. ત્યારે માધવદેએ જે જોયું હતું તે બધું કહ્યું. તે સાંભળી ભાભી બોલ્યાં.

" જાઓ માધવદે પાછા ફરી, હરખે તેડી લાવો એ નાર;
તેના પેટશું આવે પૂત્ર રે, તે બાદશાહશું બાંધે તરવાર. "

માધવદે પાછા ગયા ને બાએડીને તેડી લાવ્યા. ઘર સુતાર બાંધ્યું, (એટલે ઘર કરી રહ્યાં) તેને પેટે ત્રણ દીકરા થયા, સુરો, સામલ, ને જુંગો. છ, સાત, આઠ વરસના થયા. હવે એક દહાડો સમાજોગ છે. માધવદે પોતે નાહાવા બેઠા. અસ્ત્રીને કહે પેલા ઓરડામાંથી બેપાડું લઇ આવો. અસ્ત્રી ઘરમાં લેવા ગઇ. ઓરડામાં કોઠીઓ વચે બિલાડી બેઠી હતી, ને પુરૂ અજવાળું નહોતું, બલાડી આંખો ગરગટાવતી હતી, તે જોઇ બાધી એના બાપ એમ કહી તે બાઇ પાછી ફરીને અસ્ત્રી ચરીત્ર કરવા લાગી. માધવદેવે પુછ્યું કેમ અસ્ત્રી શું છે? તે કેહે મનેતો બલાડી કરડે છે, ગને બીક લાગે છે માધવદે બોલ્યા શી વાત કરોછો, એ અસ્ત્રી ચરીત્ર શાં કરવાં.

વાઘ ચડારણ જળતરણ, નવ શીશ કાટચા જેણ;
આજ મંજરે બીવરાવ્યા અસ્ત્રી ચરીત્ર તેણ.

અસ્ત્રી કહે સામીનાથ તમે શું બોલ્યા. એ વાત ખોટી છે. માધવદે કહે. ખોટી છે તો લાવ ગારી ઢાલના ભંડારીઆમાંથી તરવારનો કટકો ને વાઘનો કાન. અસ્ત્રીએ

કે તેમનાં ચેહેરેલાં ચીર પણ બહુજ સુગંધીદાર થા-
યછે. રાજા તે સાંભળી પાછો વળ્યો ને મોહોલમાં
આવી સુઈ ગયો. સવાર થતાં તેણે માધવ કેશવ
પરધાનોને તેડાવ્યા ને કહ્યું મહીકાંઠાના ઠાકરડા બં
ડણી નથી ભરતા. લશ્કર લઈ જાઓ તેમને વસ
કરો. રાજની આજ્ઞા માથે ચઢાવી બંને ભાઇ મહી-
કાંઠે ગયા. ત્યાં જઇ ડેરા તંબુ તાણ્યા છે, માંહે ક-
ચેરી ભરી છે, મેહેવાસીઓને એકઠા કર્યા છે, કોઇ
બંડણી લાવ્યાં છે, કોઇના જમીન લેવાય છે, કોઇને બાં-
ધ્યા છે, કોઇને સીપાઇઓ મારે છે, એમ થઇ રહ્યું
છે, માધવ કેશવ નાગર હતા. અહીં પાટણમાં રા-
જાએ પોતાની દાસી મોકલી તેમને ઘેર પદમનીઓને
કેહેવડાવ્યું કે રાજા તમારે ઘેર જમવાને આવે છે.
પદમનીઓએ જવાબ કહાવ્યો કે ભાઇ બેનને ઘેર
જાય, બાપ દીકરીને ઘેર જાય તેમ આવજો. દાસી-
એ રાંડે એવું ન કહેતાં કહ્યું કે તેઓ કહેછે રાજા-
જી સુએ આવજો, અમે વાટ જોઈ બેહાં છઇએ.
રાત પડતાં રાજા ગયા. નાગરીઓએ સુંદર રસોઈ
કરી જમવા બેસાર્યા. રૂપાના થાળમાં બત્રીસ રસો-
ઇ ને તેત્રીસ શાક પીરસ્યાં. હાંડી અને જુમરતા દી-
વા ઝળકી રહ્યા છે. પદમનીએ જાણું વસ્ત્ર ચેહેર્યું હતું,
સોળે સણગાર ધારણ કર્યા હતા, ચોટલાની લટો છુ-
ટી મેલી હતી, અંગમાંથી ગોગરાના અત્તરથી વી-
શેશ સુગંધ આવે છે, એવી રમઝુમ કરતી હાથમાં
રૂપાની વાઢી લઈ રાજાને ઘી પીરસવા આવી. લુ-
ગડું મોઢાપરથી ખશી ન જાય માટે દાંત વચે
રાખ્યું હતું તે ઘી રેડતાં ખસી ગયું ને જાણે વા-

હાકોરને નિશાળે સોંપી ગયો હતો. તે છોકરો બંદો છે, એ કામ કદાપિ તેનું હશે. રાજા કહે એને મારી નાંખું; મારી કુંવરીને એ છેડનાર કોણ. રાજાને ક્રોધ ભરાણો જોઈ પરધાન બોલ્યા બમા મહારાજ બમા. એ કુંવેર રાઠોડ છે ને ઉંચા કુળનો છે, હાલ શોધ્યો એવો વર ગળનાર નથી. રાજા કહે ઠીક છે ત્યારે એની વેરે લગ્ન કરો. ઘડીયાં લગન લધ પરણાવી દીધાં. પરણાવીને મોહોલ રેહેવાને આપ્યો, હાથી, ઘોડા, ચાકર, નફર, દાસ દાસીઓ, જાગીર, બજાના આલ્યા. બંને બાય પીએને મોજ કરે.

એક રાતના રાજા ફરણ નગર ચરચા જોવા નિસર્યા. ફરતા ફરતા દરવાજા બાહાર આવ્યા. ત્યાં તલાવપર ધોબણી લુગડાં ધોતો હતો. પુનમનો ચંદ્રમા માથે આવી રહ્યો છે. ધોબણી સોહી સોહી કરે છે. રાજા તેની પાસે ગયો ને બોલ્યો.

ધોબણી કેના ધુવે છે કપડાં, સરોવર તીર;
હું તુજ પુંછું પરીએટડા, તું કેનાં પખાળે ચીર.

રાજા—અલ્યા આ વખતે, અરધી રાતે કેનાં લુંગડાં ધુવે છે તે મને કહે.

ધોબણી—માધવ કેશવ દો બંધવા, રાજા તણા વજીર;
તેને મોહોલે વસે બે પદમની, તેના પળાળ ચીર.

રાજા—દહાડે કેમ નથી ધોતો.

ધોબણી—એના ચીરમાંથી એટલી ખુશબો નીકળે છે કે ભમરા આવી મને ચુંટી બાય છે. રાત્રે ભમરા હુંગતા હોયછે માટે રાતના ધોઉંછું.

રાજા કહે અલ્યા એટલી બધી સુગંધી શાની. ધોબણી કહે પદમનીઓના પરસેવાની એટલી સુવાસ હોયછે

કે તેમનાં ચેહેરેલાં ચીર પણ બહુજ સુગંધીદાર થા-
યછે. રાજા તે સાંભળી પાછો વળ્યો ને મોહોલમાં
આવી સુઈ ગયો. સવાર થતાં તેણે માધવ કેશવ
પરધાનોને તેડાવ્યા ને કહ્યું મહીકાંઠાના ઠાકરડા બં
ડણી નથી ભરતા. લસ્કર લઈ જાઓ તેમને વસ
કરો. રાજાની આજ્ઞા માથે ચઢાવી બંને ભાઇ મહી-
કાંઠે ગયા. ત્યાં જઇ ડેરા તંબુ તાણ્યા છે, માંહે ક-
ચેરી ભરી છે, મેહેવાસીઓને એકઠા કર્યા છે, કોઇ
બંડણી લાવ્યા છે, કોઇના જમીન લેવાય છે, કોઇતે બાં-
ધ્યા છે, કોઇને સીપાઇઓ મારે છે, એમ થઇ રહ્યું
છે. માધવ કેશવ નાગર હતા. અહીં પાટણમાં રા-
જાએ પોતાની દાસી મોકલી તેમને ઘેર પદ્મનીઓને
કેહેવડાવ્યું કે રાજા તમારે ઘેર જમવાને આવે છે.
પદ્મનીઓએ જવાબ કહાવ્યો કે ભાઇ એનને ઘેર
જાય, બાપ દીકરીને ઘેર જાય તેમ આવજો. દાસી-
એ રાંડે એવું ન કહેતાં કહ્યું કે તેઓ કહેછે રાજા-
જી સુખે આવજો, અમે વાટ જોઈ બેઠાં છઇએ.
રાત પડતાં રાજા ગયા. નાગરીઓએ સુંદર રસોઈ
કરી જમવા બેસાર્યા. રૂપાના થાળમાં બત્રીસ રસો-
ઇ ને તેત્રીસ શાક પીરસ્યાં. હાંડી અને જુમરતા દી-
વા ઝળકી રહ્યા છે. પદ્મનીએ જાણું વસ્ત્ર પેહેર્યું હતું,
સોળે સણગાર ધારણ કર્યા હતા, ચોટલાની લટો છુ-
ટી મેલી હતી, અંગમાંથી ગોગરાના અત્તરથી વી-
શેશ સુગંધ આવે છે, એવી રમઝમ કરતી હાથમાં
રૂપાની વાટી લઈ રાજાને ઘી પીરસવા આવી. લુ-
ગડું મોઢાપરથી ખશી ન જાય માટે દાંત વચે
રાખ્યું હતું તે ઘી રેડતાં ખસી ગયું ને જાણે વા-

દળામાંથી સુરજ નિકળ્યો તેવું થઈ રહ્યું. તેનું મુખડું રાજાની નજરે પડયું. રાજા તુરત મોહ પામી ગયો. તેની શુધબુધ જતી રહી ને દગમુડ થઇ ગયો. પેલી ધી રેડી જાય છે પણ રાજા બસ કહી શકતો નથી. થાળ ધીથી ભરાઇ ગયો. રાજાથી બોલાતું નથી. પદમની પાછી વળી જવા લાગી કે તેના પગના ઝાંઝરના નાદથી રાજા જાગરૂત થયો. તેણે વિચાર્યું હું એની જરા મશ્કરી કરી પરીક્ષા જોઉં. ધોબો ભરી ધી તેની પીઠ ઉપર છાંટયું. તેવી પદમની કરોધ કરી બોલી ' જે બીજે કોઈ હોય કેની તો આ વાઢી છુટી મારી માથું ભાગી નાંખુ. પણ શું કરૂં તુ મારો રાજા છે. જા જવા દઉંછું.

કેશરી મુછ ને ભોરંગ મેણા, શોડા શરણાગત;
કરપીનું ધન ને સતીનો પાલવ, તે મુવે જાય પરહથ.

એ પાંચ વાના મુવા કેડે પારકે હાથ જાય છે. હુતો સતી અસ્ત્રી છું. શું કરૂ જે તું મારા બાપને ઠેકાણે છે. નીકર આ વાઢી એવી મારત કે માથાના કપાસીઆ કાઢાડત એમ કહી તે ચાલી ગઇ. રાજા ઉઠી પોતાને મેહેલ આવ્યો. પદમનીએ તેજ વખત પોતાના સ્વામીને કાગળ લખ્યો. કે મારા નાથ રાજા તમારાપર કોપ્યો છે માટે આ વાંચતા વારને ઘેર આવજો, પાણી પીવાને પણ ખોટી રહેશો નહી. હલકારા સાંઢણીએ બેસી ગયા તે મધરાતે પોંતા. તાંહાં કચેરી ભરાએલી હતી, ભરણાં ભરાતાં હતાં, લખત લખ્યાં હતાં. કાગળ વાંચતાંવાર તે ઉતારા તંબુ ઉઠાવી બંને ભાઇ સાંઢણીઓ ઉપર અસવાર થયા. પ્રોહ ફાટતાં શેહેર બાહાર આવી પોચ્યા. ત્યાં પો-

તાની અસ્ત્રીઓને બોલાવી લીધી ને તુરત દાલી ભણી રવાને થયા.

અલાઉદ્દીન ખુની એ વખતે બાદશાહ હતો, તેની હજુરમાં જઇ સલામ બજાવી. બાદશાહે પુછ્યું કાંહાંસે આતેહૈં. નાગરો કહે ગુજરાતસે. બાદશાહે પૂછ્યું ગુજરાત કેસી હય? કેશવ માધવ કહે પધડીમે છોગા, મોહોપર મુછ, વીંટીમે નગીના, ઐસી ગુજરાત હય. બાદશાહ બોલ્યો હમકું લા દેગા. નાગરો કહે નસીબ તમેરા. ટેગ હમેરી, તરવાર તુમેરી, રસ્તા હમ દેખાયગા. બાદશાહ તેર તુંબા લશકર લઇને ચડયો. કુચપર કુચ, અગાડીનું પછાડે ને પછાડેનું અગાડી, એમ કરતાં પાટણની ભાગળપર આવી મુકામ કર્યો. રાજાને ખબર થઇ કે નીમકહરામ કેશવ માધવ બાદશાઇ ફોજ લાવ્યા છે. બત્રીશ પાનનું બીડું રાજ સભામાં મેલી રાજાએ કહ્યું એવો કોઇ છે કે બાદશાહનું લશકર જોઇ આવે, ને બબર લાવે કે દુશ્મનની ફોજ થોડી છે કે ઘણી. થોડી હોયતો લડીએ તે ઘણી હોયતો હાથ જોડી તાબે થઇએ. બીડુ ઉઠાવવાની કોઇની હીંમત ચાલે નહી. ત્રણ દહાડા સુધી તે પડયું રહ્યું. ચોથે દિવસે સુરજી સામેથી કચેરીમાં આવતો હતો. તેને કોઇએ લશકરીમાં પટકાર્યો કે ભલે સુરજી આવે છે તે આ બીડુ લેશે. તે સાંભળી સુરજી આવતાં ઉભા રહ્યા. મુછોપર હાથ ફેરવી બીડું ઉપાડયું ને માથે મેલ્યું. તે વેળા તેની અસ્ત્રી બારીએથી જોતી હતી તે બોલી.

"સામ સોહંદા પાંદડા, ગંરવા કંઠ ચોશાય;
લઇ શકેતો લેવરાવજે, નીતર શર સાથે બંધાય."

તેણીને સુરાએ ઉત્તર વાળ્યો કે,

કંઇ લીધા કાંઇ લેવરાવીઆ, હું લીધા સમરથ;
રણ વચે પડે બુમડી, તાંહાં જોજે મારા હાથ.

એવું કહી પોતે ઘેર આવ્યો. સાંજ પડી તે વારે વાળુ કરી સુવા ગયો. સવામણ પુલની સેજ પથરાઇ હતી તેમાં અસ્ત્રી ભરથાર પોઢયાં. અસ્ત્રીનો હાથ પાસા તળે આવ્યો તેથી ચુડાની ચીપ ટુટીને તેની ચપટી સુરાને આવી. તે હોં હોં હોં કરતો ઉઠયો ને કહે મને કાંઇ, કરડયું. જોને દીવો લઇને એ શું છે. અસ્ત્રી કહે સ્વામીનાથ કાંઇ નથી. સુરો કહે સાપ કરડયો હશેતો લોક કહેશે ઝેરે મુવો માટે દીવો લઇને જોને. અસ્ત્રીએ દીવો લઇને બધા પુલ ઉલટપાલટ કરીને જોયું પણ કાંઈ દીઠું નહી, તેલવાળી આંગળી સોનાની ચીપે લોહોતાં તેને છુટી દીઠી ત્યારે તેણે કહ્યું સામીનાથ આના ખુચવાથી હોં હોં કરી ઉઠયા ને આટલા બીધા, તો કાલે પારકી માના જણ્યા મળશે, ને જે વખત તરવારોના પરછટ પડશે તેવારે તમારી શી વલે થાશે. સુરે જવાબ દીધો કે સેજપર આવીએ તે વખત પુલથી કુમળા, ને લઢાઇપર ચડીએ તે વેળા લોઢાથી કઠણ એવા અમે છીએ. આ ચુડો ઉતારી મેલો, હું કાલે પાદશાહના હાથીને મારૂં ને તેના દંતુશળનો ચુડો કરાવું તે પહેરજે.

સવારે નાહી ધોઇને વસ્ત્ર પહેર્યાં ને ઘોડો તઇઆર કરી શકુન જોય છે, એટલે માથા ઉપર ગરધને ભમવા માંડયું. સુરાએ ઉંચુ જોયુંતો માથે ગરધન ભમતી દીઠી. તે વારે દુહો બોલ્યો.

ગરધન માં ભમ ઉતાવળી, પલાણું તાં લગ ધીર;
શર બેસાડ આપણે, નકર સામા તણે શરીર.

એવામાં માલણ આવી, તેણે સુરાના કોટમાં હાર નાનાખ્યો. બાંધ્યો હાર હતો માટે અપશુકન થયા. તેપર નિચલો દુહો કહ્યા.

સુરાસાગળાનો વેશ.

માલણ તું મારી બેનડી, છુટાં બાલે પુલ;
સુરો જાઉં લઢવા, જેમ આશાડા પુર.
એમ કહીને હાર પોતાની અસ્ત્રીને આપવા માંડયો,
ત્યારે માલણે કહ્યું નાહારાજ અસ્ત્રીને શાને આપોછો એ
કાંઈ તગારી હારે આવનાર છે? આ આપના ઘોડાને પે-
હેરાવો. તે સાંભળી સુરાની સ્ત્રી બોલી.
ઘોડા ગાંધણ મરાવીએ, ને સુખ ભર્યાં લોહાં;
દુરી આશે જે મરે, હું બલીહારી માલણ તુહાં.
એના જવાબમાં માલણ કહે છે.
ઘોડો માંધણ મભાણવણ. ધણ જશે અવળા;
ઢાલાતણે ઝખુડા, તમે શેહેશો બે જણા.
સુરાએ ઘોડાનાં ગળામાં હાર નાખ્યો. અસ્ત્રી ધણીને
પુલે વધાવીને પાછી વળી. સુરો આગળ વધ્યો. મારગમાં
પોતાનો જવાન ભાણેજ મળ્યો, તેનું નામ વધાવો હતું.
ભાણેજે પુછયું મામા કાંહાં જાઓછો. સુરો કહે બાદશાહ
ના લસ્કરમાં લઢવા જાઉંછું. વધાવો કહે મને જોડે લોને મેં લ-
ડાઈ જોઇ નથી. સુરજી કે હાક આવ મારી પાછળ બેસી
જા. શેહેરના દરવાજા બાહાર નિકળ્યા તેવારે બાદશાહનું
લશકર જોયું. વાદળા ચડયું હોય તેવું દૂરથી દેખાણું. ભા-
ણેજે કહ્યું જુવોને મામા વરસાદ કેવો ચડયો છે. સુરો
કહે ના એ વરસાદ નથી એતો બાદશાહનું લશકર છે.
ઢબકતી ઢાલ પરફરતા નેજા, ઓ ઢળ દીસે બાદશાહતણા.
મામો કહે સુણ ભાંણેજા, આપણે મરીશું બરા પંણ
મારીશું ઘણા. ગંધરાતે દળમાં પેઠા. બાદશાહનો જાંહાં ડે-
રો હતો ત્યાં પોંચ્યા. ચાગડાનો કોટ હતો તે કાપ્યો ને
અંદર ગુસ્યા. બાડી બાવી તેમાં બેરના અંગારા ધકો ર-

ઘા છે. ઉંટો ઉભાં હતાં તેગાંના કેટલાંકને મારી અંગારા ઉપર નાખ્યાં ને તે પર થઈ ચાલ્યા ગયા. આગળ જતાં વાઘની ચોકી આવી. સુરાએ લુગડાનો દડો નાખ્યો તે જેવો વાઘ લેવા જાય છે કે ઝટકો મારી તેનાં ધડ શીશ જુદાં કર્યાં. છેલે બાદશાહના તંબુમાં દાખલ થયો. ત્યાં ત્રણ સખસ હતા, એક વાકાં નવીશ, એક બાદશાહ, ને એક મુગલ સીપાઈ. સુરાએ બાદશાહને ત્રણ સલામો કરી, બાદશાહ અચરજ પામ્યો ને સામુ જોઈ બોલ્યો 'અબે હિંદુ તું કાંહાંસે આયા, ઓર તીન સલામ કીયું કીની સાત કરના. સુરો કહે સાહેબ એમાંની એકે આપકું નહિ. બાદશાહ બોલા તબ કીનકુ. સુરો કહે જી એક મેરે માતપીતાકું, જીને મેરેસે જનમ દીયા ને ભેનેસે કોરા કીઆ. એક સલામ ઉસકુ કી, ઓર દુસરી સલામ અમેરા રાજ ધેલારા કરણકું, કે જીસકા મેં નીમખ ખાતાહું. તીસરી ધાર ભવાની જો મેરી તલવાર ઉસકું કી. ઈસિસે સારા દળ કાટના હે. બાદશાહ કહે કીઆ ગજબ બોલતા હે, એક ધા ઓર સાત ટુકડે. એવી અસારત પોતાનો કને મુગલ બેઠો હતો તેને કરી એટલે તેણે કમાન ઉપર ટકોરો ચડાવી જોસભેર ફેકયો. સુરાએ તે ચુકાવ્યો ને એક ઝાડને વાગો. તે ઝાડના બે ફટકા થયા. સુરે કહ્યું આપકા બચન ખાલી ગયા. સાત ટુકડા ના હુવા, ફકત દો હુવે. દેખો અબી મેં કર દેતાહું, ઈસતરે ધા ના કીજીએ, યું ધા કીજીએ. પોતાનો ઘોડો લાવી કાબેદે કર્યો ને તે પર એક ધા કર્યો તેથી તેના સાત ફટકા થયા. ઘોડાની ડોકપરથી ઝટકો માર્યો તે પગમાં થઇ પુંછડી સુધી ઉતારી નાખ્યો, તેથી માથું, ધડ ચાર પગ, ને પુંછડું એ સા-

ત બાગ જુદા પડ્યા. બાદશાહ કહે "તેણા બાગો ઘણો
હિંદુ મુના હે." પાને શેહાની કોડી હતી તેમાં નોટો તે
તેના કોટ ઉપર ચડીને ઉભો. મુનો બાદશાહની સામો હો-
હીવાળી નાગી તલવાર લઈ ઉભો તે કહ્યું હુકમ હોયનો
લડું, એવામાં એક મોગલ પાછળથી આવ્યો, તેને , એણે
બે બકરા તે હાથમાં બે સીસા હતા. મુરાએ તેને બાબ્યો
નહિ. બાદશાહે તે મોગલને ઠંડારત કરી તે પડ્યો તેણે
બકરા તે સીસા બાંધે ઉતારી બાયામાંથી ટકોરો કઢાડો
મે વાગ ચડાવી જે મુકયો કેની કે મુરાનું મથું નીચું પ-
ડ્યું, તેજ વખત માયાનો આસપાસ તરવારથી કુંડાળું
કરી જે ધાયો તે લાબો માગા વાઢી નાખ્યા. ચોગરદમ
ફરી વળ્યો. પોતાનું અંગ ભાલાથી વીંધાઇ ગએલું છે તે
લોહીની ધારા આખે શરીરે વહી રહી છે. ભાણેજ તેના
ધડ કને ઉભો રહી કહે વાહવા મારા મામા ! વાહવા
મામા !

રાખ્યો બતરવટ રજપુતાવટ, સમધીરમાં સમધીર;
શરીર વીંધાણું ભાલડે, ધારત બંચે નીર.

બાદશાહ કહે એ બોલતા હે સો કોન, ઓર લડતા
હે સો કોન ? તોકરો જવાબ દે છે, સાહેબ એ લડતા હે
સો મામા હે ઓર બોલતા હે સો ઉસકા ભાણેજ હે. બા-
દશાહ કહે અરે તોબા એ શીર વગરકા ધડ એસા લડતા
હે તબ શીરવાળા લડેગા તબ કીયા હોયગા. એમ કહી
વધારાને પૂછયું તું કબ લડેગા. વધારે કહ્યું મેરા મામા
ગીરેગા તબ મે લડુંગા. બાદશાહ કહે સુભાન અલ્લા, તબ-
તો કોન જાને કીયા ગજબ હોયગા. તેરા મામુ કબ ગીરે
ગા, ભાણેજ કહે તીન બાંતાં હોવે તો મેરા મામુ ગીરે.
બાદશાહ કહે કીયા સો બોલ. ભાણેજે કહ્યું એકતો અમેરે

જ્યતે આદમી આપકે ઉવાં બંદીવાન હે ઉસકુ છોડો, દુસરા આપકા લશકર સાડાતીન કદમ પીછા હડે, તીસરા અમારા ધેલારાકરણકી દવાઈ આપકે લશકરમે સવાપોહોર ફરે. બાદશાહએ કબુલ કરી તેગ કરયું પણ સુરો પડયા નહિ તે જોઇ બાદશાહ વધાવાને કેહે કીયુંએ એ ગીરતા નહિ. ત્યારે વધાવે કહ્યું હાં બમાં મામા બમાં, હિંદવાણે હદ થઇ, બાદશાહ તોબા કરેછે, મામા બસ થઈ હવે આવો. એ સાંભળી સુરો પોતાના માથા આગળ આવ્યો. એટલામાં પોતાની અસ્ત્રીને પાદશાહના હાથીના દાંતના ચુડા કરાવવાની વાત સાંભરી આવી તેથી તે પાછો દોડયો ને પાદશાનું હાથીખાનું હતું ત્યાં જઈ સાતસે હાથી માર્યા ને દતુસત્રો પકડી શેહેર ભણી નાખ્યા. તેના ઢગલા દરવાજા આગળ થયા. પછી પાછો માથા આગળ આવી તરવારને પોતાના અંગરખાની ચાળ વડે લોહીનાખી સાફ કરી ભાણેજને આપીને ઇસારતથી કહ્યું જેવું દીહુ તેવું તારી માંમીને જઇ કેહેજે. ભાણેજ સાર કહી શેહેરમાં ગયો. રતનબાઈ સુરાની અસ્ત્રી વાટ જોતી ગોખમાં બેઠીછે કે કોઇ આવેતો ખબર પુછું. વધાવાને તરવાર લેઇ આવતો દેખી તે બોલી,

કેહે વધાવા રૂડી વાતડી, સસીબેર ન લજ્જે જોણુ;
કેત્તા સુરે ધેમડ ગુડીયા, કેત્તા હણ્યા પરીબેણુ.

વધાવો ઉત્તર કરેછે,

સાતસે ધેમડ ગુડીઆ. સોડા સંખન પાર;
મસ્તક વના ધડ લડે, હે માગી તુજ ભરથાર.

રતનબાઇ—લે વધાવા રૂડી લોભડી, લાખ પસાર આલીશ;
છની ચાલે મારા પીયુ ચડયા, તીની ચાલે ચડીશ.

એવામાં વધાવાની વહુ આવી ચોંચી તેણે કહ્યું,
સુરા પાસે ઘર કરી, બાલી લજ્જનો મોરા કંથ;
તું રહ્યોહોત ઘર ઝું પડે, તો મામા સાથે લડવા જાહંત.
અરે ભુંડા કોરાને કોરો કાળું કરીને શું આવ્યો એ
ઝટકાએ ખાધાવના આવ્યા. ક્ષત્રીનું નામ બોળ્યું! છી! છી!
વધાવો—માથું કુદું ધડ ધસ્યું. પાસાં ગાઢાં જોય;
ઉપર બીજારા મોરીઆ, જેના ફળ આરોગસે કોય.
રતનવહુ—સુરાનું માથું તુટું ને ધડ ધસ્યું, પાસાં ગાઢાં જોય;
ઉઠશેતો આરોગશે નહીંતર આગ ચરતા જોય.

પછી તે વધાવાને કહેછે ઉઠ તું મારી સંગાતે ચાલ,
આપણે મારા સામીતું મસ્તક લાવીએ. તે બોળામાં લઇ
હું બળી મરીશ. વધાવો બીકથી ના કહેછે ને ધબરાયછે ને
કહેછે હું આગી હું આવી શું કરીશ. આગીએ સમજાવ્યો,
ધીરજ આપી. બ્યા તું ના આવે તારે કોણ આવે. હું એ-
કલી જાઉં તે શી રીતે જાણું કે માથું ક્યાં પડયું છે. વ-
ધાવો તેની જોડે ગયો. હાથીના દંતુસળીના ઢગલા આવ્યા.
દંતુસળ સીંદુરે રંગ્યા હતા તે જોઇને બાઇ બોલી,
ઓ દીસે સુરા સીંદુરીઆ, આ દીસે ગજદંત;
સાહેજ બોલ્યાતા બોલડા, પાળ્યા મોરા કંથ.
ચોડીવારમાં દુશમનની છાવણીમાં દાખલ થયા. માથું
પડયું હતું ત્યાં જઇને કહ્યું
વાએ ફરકે તારી મુછડી, રસન ઝબુકે દંત;
કાગા રણે શું ચોટીઓ, મુજ સવાગણ પંથ.
હે સામીનાથ આમ પડયો તે ઠીક નહીં. એમ કહી તે
રોવા લાગી. પાદશાહને ખબર થઈ કે સુરાનું શીર તેની
આસ્ત્રી લેવા આવીછે. તેણે હુકમ કર્યો હાં જાઓ તેને ઘેરો

કાબાનો વેશ.

કંબરમાં એક પુતળી બાંધેલી હોયછે, તે છેલીવારે અવળું
ડોકું ચેહેરે છે.

ઉપર કહેલી અસંભવીત અને અશક્ય વાતો ભવૈયા
તથા અજ્ઞાન લોક સાચી અને બરેબર બનેલી માને છે!

કાબાનો વેશ.

ગાવા વગાડવા ઉભા રહેલા હોય તેઓ કહે છે, રા-
મ ભજો, 'રામ ભજે, રામ ભજે ભાઇઓ રે રામ ભ-
જો; એસા થઇ તા થઇ.'

બ્રાહ્મણ આવે છે ને કહે છે, " હું બ્રાહ્મણ ગામમાં
આવ્યોછું મહારાજ, હું ગંગાપારી બ્રાહ્મણછું, મારો કાંઈ
આટો કુટો થાય એનું છે માહારાજ."

નાગેર—હા, ગામમાં જ ટેલ નાખ તારો આટો કુટો
થશે.

બ્રાહ્મણ—વાર જજમાન રાજા, ભગવાન તમારૂ ભુરૂં
કરે, હું ટેલ નાખુછું.

ભટને કુંવારો કુંવારો કહે છે, પીતરાઈ મેણાં દે છે.
ભટને પરણ્યા વન. ક્રેમ ચાલે, ભટના મંદીરમાં કોણ મહાલે.
જેવા ચઇતર વૈસાખના તડકા,એવા કુંવારા બ્રાહ્મણને બડકા.
ભટના સસરાનું નામ છે પંડ્યો, મને ખુણે ઘાલીને દંડ્યો.
ભટની સાસુનું નામ છે લાલી, રૂપઇઆ માગે એક પાલી.
ભટની સાળીનું નામ છે વેલી, એને નાખો કુવામાં ઠેલી.

માહારાજ મને આટો મળ્યો, હવે હું રસોઈ કર-
વા બેસુછું. ઓકા કરતા હઉં. માહારાજ તમેરા મુલકમે

કાયકા ચોકા કરતે હો.

નાએક—ગાએકા ગોબરકા.

બ્રાહ્મણ—ગાયકા ગોબરકા ! છી ! છી ! ગાયતો ઘાસ ખાય, ફુસ ખાય, વાકો ખરાબ ચોકો, ઉનકો ચોકો હમારા મુલકમાં ના કરે.

નાએક—તબ તુમારા મુલકમાં કાએકા કરતે હો ?

બ્રાહ્મણ—માણસકા ગોબરકા.

નાએક—ખરાબ તુમેરા મુખ ખરાબ !

બ્રાહ્મણ હાથે ચોકો કરતો હોય તેમ ચાળા કરતો બોલે છે, ' ચોકા કરો નારાયણ, ચોકા કરો નારાયણ.' પછી નાહાવાના ચાળા કરે છે ને કહે છે, અસ્નાન કરો નારાયણ, અસ્નાન કરો નારાયણ. પછી અંગ લોહે છે. પગથી લોહેતો ઉપર ચડે છે ને કહે છે તુમ ગુજરાતી લોક ખરાબ હો, તમ મોહોકા તેજ પાઉ ઉપર લાતે હો, હમ નીચેકા ઉપર લાતે હૈ. બબડતો બાખર કરતા હઉં. રોટલા કરવાના ચાળા કરે છે ને પછી બાવા બેસે છે ને કહે છે ' અબ કોઈ આવેતો મેરેકું કહેના હો. દેખ ભાઈ કુત્તા આયગાતો મેં નહીં ખાઉંગા, ભંગીયા આવેગા તબ મેં નહીં ખાઉંગા ભીસ્તી આયગાતો મેં નહીં ખાઉંગા. ફકીર આયગાતો મેં નહી ખાઉંગા.'

નાએક—ટુકડા રોટી ડાલીઓ.

બ્રાહ્મણ—કોન હે ?

નાએક—કુત્તા આયા ઉઠ ન.

બ્રાહ્મણ—કુત્તાકા મોહોમેસે લેકર [illegible] હી બ્રાહ્મણ હઉં.

એક—ટુકડા રોટી દીજીઓ.

કાણાનો ખેલ

બ્રાહ્મણ—કોન હે ?
નાગેઠ—ફકીર.
બ્રાહ્મણ—ફકીરકી ઝોલીમેસે લેકર આઉ અસા હઉં.
નાગેઠ—ટુકડા રોટી દીજીએો.
બ્રાહ્મણ—કોન હે ?
નાગેઠ—ભીસતી આયા તેરે ઘરમે પાની દાલતા હે.
બ્રાહ્મણ—ઉસકા પાની નહીં હોના, તો મત પીઉંગા.
નાગેઠ—ટુકડા રોટી દીજીએો.
બ્રાહ્મણ—કોન આયા ?
નાગેઠ—ભંગીઆ આયા.
બ્રાહ્મણ—ઉં, ઉં, હમને ગેઠાહું આતા નહીં. ભંગીઆકું નહી દઉંગા. ચલો ભાઈ અબતો જાતાહું, મેરેકું દુવારકાં જનેકા મારગ કોઇ દેખાવ. મેને અસ્નાન કીઆ, આગા તઇઆર હુવા, અબ મેં જાઉંગા. કોઇ રસ્તા બતાવ.

નાગેઠ—એક લંબા રસ્તા હે, ઔર એક ટુંકા હે, એક ૭ મહિનેકા, દુસરા એક મહીનેકા.
બ્રાહ્મણ—મેરેકું ટુંકડા હોયસો દેખાવ.
નાગેઠ—ટુંકડા મારગપર ભો હે, હુવાં કાણા લોક લુંટતે હે
બ્રાહ્મણ—મોરે પાસ પીરજગલાકા ધોંસા હે સો સાલા મર જાય. મેરી પાસ પલમ હે, મેરેકું કોન લુંટને વાલા હે.
નાગેઠ—જા તબ.

બ્રાહ્મણ જાય છે, ને કાણો આવે છે તેથી મેલણી ગવૈ.... ગાગે છે—

કાયકા ચોકા કરતે હો.

નાગેક—ગાગેકા ગોબરકા.

બ્રાહ્મણ—ગાયકા ગોબરકા ! છી ! છી ! ગાયતો ઘાસ ખાય, દુસ બાય, વાકો બરાબ ચોકો, ઉનકો ચોકો બમારા મુલકમાં ના કરે.

નાગેક—તબ તુમારા મુલકમાં કાગેકા કરતે હો ?

બ્રાહ્મણ—માણસકા ગોબરકા.

નાગેક—બરાબ તુમેરા મુલ્ક બરાબ !

બ્રાહ્મણ હાથે ચોકો કરતો હોય તેમ ચાળા કરતો બોલે છે, ' ચોકા કરો નારાયણ, ચોકા કરો નારાયણ.' પછી નાહાવાના ચાળા કરે છે ને કહે છે, અસ્નાન કરો નારાયણ, અસ્નાન કરો નારાયણ. પછી અંગ લોહે છે. પગથી લોહોતો ઉપર ચડે છે ને કહે છે તુમ ગુજરાતી લોક બરાબ હો, તમ મોહોકા તેજ પાઉ ઉપર લાતે હો, હમ નીચેકા ઉપર લાતે હૈ. અબતો બાબર કરતા હઉં. રોટલા કરવાના ચાળા કરે છે ને પછી બાવા બેસે છે ને કહે છે ' બબ કોઈ આવેતો મેરેકું કહેના હો. દેખ ભાઈ કુત્તા બાયગાતો મેં નહીં બાઉંગા, ભંગીયા બાવેગા તબ મેં નહીં બાઉંગા ભીસ્તી બાયગાતો મેં નહીં બાઉંગા. ફકીર બાયગાતો મેં નહી બાઉંગા.'

નાગેક—ટુકડા રોટી ડાલીબો.

બ્રાહ્મણ—કોન હે ?

નાગેક—કુત્તા બાયા ઉસ્ કા.

બ્રાહ્મણ—કુત્તાકા મોહોમેસે લેકર બા કાઉં, મેં ગંગારી બ્રાહ્મણ હઉં.

નાગેક—ટુકડા રોટી દીજીબો.

બ્રાહ્મણ—કોન હે ?
નાગેઽ—ફકીર.
બ્રાહ્મણ—ફકીરકી ઝોલીમેસે લેકર આંઉ ઐસા હઉં.
નાગેઽ—ટુકડા રોટી દીજીઓ.
બ્રાહ્મણ—કોન હે ?
નાગેઽ—બીસતી આયા તેરે ઘરમે પાની દાલતા હે.
બ્રાહ્મણ—ઉસકા પાની નહીં હોના, મેરા મુત પીઉંગા.
નાગેઽ—ટુકડા રોટી દીજીઓ.
બ્રાહ્મણ—કોન આયા ?
નાગેઽ—ભંગીઆ આયા.
બ્રાહ્મણ—ઉં, ઉં, હગતે ગેઠાહું ખાતા નહીં. લ-
ગીઆકું નહી દઉંગા. ચલો ભાઈ અબતો જાતાહું, મેરેકું
દુવારકાં જનેકા મારગ કોઇ દેખાવ. મેને અસ્નાન કીગા,
ખાયા તયઆર હુવા, અબ મેં જાઉંગા. કોઇ રસ્તા બ-
તાવ.
નાગેઽ—એક લંબા રસ્તા હે, ઔર એક ટુંકા હે,
એક ૭ મહિનેકા, દુસરા એક મહીનેકા.
બ્રાહ્મણ—મેરેકું ટુંકડા હોયસો દેખાવ.
નાગેઽ—ટુંકડા મારગપર લો હે, હુવાં કાણા લોક
લુંટતે હે
બ્રાહ્મણ—મેરે પાસ પીરજમલાકા ધોંસા હે સો સા-
લા મર જાય. મેરી પાસ ઇલમ હે, મેરેકું કોન લુંટને
વાલા હે.
નાગેઽ—જા તબ. . .
બ્રાહ્મણ જાય છે, ને કાગો આવે છે તેથી મેલણી
ગવૈઆ ગાએ છે—
‘ આ હેડી આયોરે રામા, આ હેડી આયોરે, કાગો

આયેારે.' એસા થઇ તા થઇ.

કાબેા બ્રાહ્મણને લુંટી લેછે, તેથી તે રેાતેા રેાતેા આવે છે ને કહે છે મેરેકું મારગ બતાનેવાલા મરે, મેંતેા લુંટાયેા.

નાએક—તેરા કીયા ગયેા? ચંગેા ભયેા કે નંગેા?

બ્રાહ્મણ—ચંગેા કીયા નંગેા ભયેા. સેરેક સેનેા ગયેા, સેરેક રૂપેા ગયેા, પાની પીનેકી કરબતીઆ ગઇ, કૂત્તા મારનેકી લઠીઆ ગઈ, રામ ભજનેકી માળા ગઈ, ધેાતી ગઇ, પેાથી ગઇ, સબ મેરેા લે ગયેા.

નાએક—તું અબ રેાતેા કીયા, તું કહેતેા હેાતેા મેરી પાસ પીરબભલાકેા ધેાંસેાયેા, સેા કીયુ મારેા નહીં.

બ્રાહ્મણ—અરે ભાઇઆ એતેા મેં ભુલ ગયા. સાલેા કાબેા મેરેકું મારને લગેા એસેા કે મેસબ ભુલ ગયા, અબતેા આવેતેા મારૂં.

નાએક—આ હેડી આયેારે, આ હેડી આયેારે કાબેા આયેારે. લે કાબેા આવ્યેા. બ્રાહ્મણ છુંમંતરની ફુંક મારી તેને ધેાંસે મારે છે એટલે કાબેા લાંબેા સુઇ જાય છે; જાણે મુવેા હેાયને તેવેા. બ્રાહ્મણ કહે છે સાલેકું ધાઉબ્બ કરનેદેા એમ કહી પાટાં મારે છે ને ગાળેા દેછે. તેના પગ એક ઉપર એક ચડાવીને હાથને તેમ કરવા જાય છે, કે કાબેા પગ છુટા કરી નાખે છે, પગ પાસે લાવે છે એટલે હાથ છુટા કરી દે છે, એમ બે ચાર વાર કરે છે.

નાએક—અબે એ એતેા હિંદુ હે, ઇસકી કરીઆતેા કર.

બ્રાહ્મણ—કીઆ કરૂં? ઇસકે મેાહેામેં મુત ડાલું. શકરી કરે છે.)

કાગાનો વેશ.

નાગેઠ—અબે બગન ઈસિકી બહરી બડી નજર હે,
સો તેરેકું મારડાલેગી.
બ્રાહ્મણ—મેરેકું કીયા કરનેવાલી હે.
કાળાની બાગેડી હાથમાં નાગી તરવાર લઇને શોક
ભરેલા સાદે ગાતી આવે છે.
"મારી બાળી લોળીનો નાવ કેને મારીલોરે, મારી-
મારા જંગલકેરે નાવ કેને મારીલોરે, મારીલોરે."
એ બોલો ગાતી જાય છે ને ફરતી જાય છે. પેલો
બ્રાહ્મણ સંતાઇ જાય છે. પછી કાગા પાસે બેસે છે, તેના
હાથ તપાસે છે, પગ જોય છે, મો તપાસે છે ને કહે છે
તમે લટયું છે તે કયાં છે, મને દેખાડયું કેમ નહીં. પછી
જરા કુટે છે ને મોહું ઢાંકી વીલાપ કરે છે, તે દુહા બોલે છે.
બેગરા મોટી બોડ, માણસને માથે મરણતણી;
દુઝ લખ કરોડ પણ, એ જેવી બેકે નહીં.
બાળી પછેડી બોહને, સુતો સોડતાણી;
જગાડયો જાગે નહીં, ધારણ પડયું ભુજ ધરતણી.
કાલજ જેદું કટારીએ, સેકું અંગારે;
જેના વના ઘડી ના ચાલતું, તેણે વીસાર્યા જનમારે.
લાખા લેજે લાખ, અજુકી એક ઘડી;
પરોડીએ જાશે પ્રાણ, તે પંખારી પેટ પડી.
અમે પરદેશી પાન, વાગે વંટોલે આવીયાં;
કેને ન દીધાં માન, અહીંથી આવેરે હાલીયાં.
કટારી તું કરનાર. સોચ કીધી સરાણીએ;
વાહાલાની વેરણહાર, તું લોહીબાળી લટકયાં કરે.
એ વખતે બ્રાહ્મણ કહે છે કાગેકુ રોતી હે, મેરે ધ-
ર ચલને. એ ચોર મુવા સો અચ્છા હુવા. રાંડ લોકને લુટ-

વા સાને મોકલ્યો. લોકને લુટી ઘરેણા લાવે તે પેહેરવાં જોઇએ માટે રોય છે; લુંટતા આછા લાગતા રંડી, ઘરમે રહ્યા હોતતો કોઈ મારતા નહીં.

કાબી મોઢું ઉઘાડીને કહે છે, મારો ઝટવા કીને મારો ભાઈ.

નાએક—બાઈ તું કાએકું રોતી હે. તેરે ધણીને ઓ ગંગાપારી બ્રાહ્મણ આયોથો ઉસકું લુંટીઓ, સો ઉને પીરજમલાકો ધોંસો મારો સો મર ગયો. અબ તેરે ચાહે સો કર.

કાબી—એ મુવો ગંગાપારી બામણ ગયો કાંહાંસો મને બતાવો.

નાએક—ગામમાં છુપા રહ્યો હે સો બોલાવ.

કાબી—ઓ હાથ કેસા આવે.

નાએક—ગામમે એસા નોતરા કેરાવ કે કોઇ પરદેશી બમન હોયગા તો ઉસકું લડુકા સીધા દેના હે.

કાબી—રે ઇસિ ગામમાં કોઇ પરદેશી ભરામણ છે, હું તેને શેર ઘી, શેર સાકર અને શેર આટાકા સીધા દઉં.

પેલો બ્રાહ્મણ સંતાઇને બેઠેલો હોય છે તે ગાંડા કહાડતો આગળ આવે છે ને કહે છે, 'તું લડુ બીલાતી હે,' મેં પરદેશી ભરામણ હઉં.

કાબી—તુ ગંગાપારી બ્રામણ છે ?

બ્રાહ્મણ—હા મેં ગંગાપારી હઉં.

કાબી—તુમ લડુ બાયગા ?

બ્રાહ્મણ—હા બાઉંગા.

કાબી—બેઠ નાહા.

બ્રાહ્મણ—હાથમાં થુ થુ કરી હાથ શરીરે બોળે છે ને કહે છે લે નાહ્યા.

કાળી—એ કેમા અસ્તાન ?
બ્રાહ્મણ—એ થુંક અસ્તાન.
કાળી—એડ કાયમે બાયેગા ?
બ્રાહ્મણ—એ કપડા પાથરા. લાવ ઈસમે.
કાળી—દાલ કાયમે લેગા ?
બ્રાહ્મણ—જુતીમે.
કાળી—અચ્છા, તું ગંગાપારી ભરામણ બરો કેમ !

એમ કહી ચોટલી ઝાલી તેના ગળાપર તરવાર ધ-
રે છે ને કહે છે લે મુવા એ ઘડુ બા.
બ્રાહ્મણ હાં હાં હાં કરી બુમ પાડે છે ને ગભરાય છે.
કાળી—તેં મારા ધણીને માર્યો,

બ્રાહ્મણ કહે છે ના મેં નહીં, આણે માર્યો; કોઈ
બીજાને બતાવે છે. કાળી તેને પકડવા જાય છે તેટલામાં
બ્રાહ્મણ નાસી જાય છે. કાળી તેની પાછળ દોડે છે ને ગા-
ય છે, 'કીને મારીલોરે મારા ઝટવારે.' એના એ બોલ
ફરી ફરીને ગાય છે ને બ્રાહ્મણની પુઠે દોડે છે. બ્રાહ્મણ પ-
કડાય છે ને કહે છે, મને ક્યાં પકડયો હુંતો હજામછું, ત-
મારો બોલ લેવા આવ્યોછું, હુંતો ગાંજો છું મસાલ ઝાલવા
આવ્યો છું. કાળી માનતી નથી ત્યારે તે કહે છે હુંતો
પીંજારો છું, ને મોડે પીંજર બોલાવે છે; પછી કહે છે હું
વાઘરી છું, દેવ દાતાર ને ચોપટ ઝાલવા આવ્યોછું.

કાળી કહે છે નહીં તું બ્રાહ્મણ છે, તારા કોટમાં જ-
નોઇ છે. તેંજ મારા ધણીને માર્યો, તુંજ મારનાર, બીજો
કોઇ નથી. બ્રાહ્મણ રોઇ પડે છે ને કહે છે મારો સબ લો-
ના તબ મે મારો, મેરો સેર સોનો લીનો, સેર રૂપો લીનો,
લહી, કર બતી, ધોતી, ચોદી સબ લે ગયો, તબ મેં મારા.

કાબી—તારા સબ પીછા દઉંતો તું મારા પીયુને જીતો કરે ?

બ્રાહ્મણ—હા મેરા પીછા દે મેં જીતા કરૂં.

કાબી—લે રે બ્રાહ્મણ તેરી લઠીઆ લે રે, ધોતી લે તેરી પોથી લે, પાણી પીનેકી કરબતીઆં લે, રામ ભજનેકી માળા લે, તેરા રૂપો લે, તેરા સોનો લે, સબ તેરા આયો ?

બ્રાહ્મણ કહે છે હા આયો. અબ એક ભંગીકુ બોલાવ કે ઓ આકર એ મડદાકું ઘસડ લે જાય ઔર દાટે. એમ કહી નાસે છે. કાબી તેને પકડીને કહે છે રે મુવા ડોંગા તેરા સોના રૂપા સબ પીછા દીયા અબ કીયું નહીં જીતા કરતા ?

બ્રાહ્મણ—મેરા થો સો મેરેકું દીઓ, ઇસમે તેરે બાપકા કીયા લીઓ.

કાબી—મુવા તેરા કાં થો, તુતો રોતોથો, તેરા સબ ગયાથા.

બ્રાહ્મણ—લે, જીતા કર દેતા હું.

કોઇ પાસે એક પૈસો લઇ કાબાની આસપાસ ફરીને કહે છે 'અલ્લા બે અલ્લા, કાપુ તેરા ગલા, ઉઠે નહીંતો કુટ મારૂં, જાને મેરી બલા; ઉઠ ઉઠ બડા હો જા.'

કાબો ઉઠી જતો રહે છે ને વેશ પૂરો થાય છે.

વીકાસીસોદીઓ.

મેલણી. " ગારા રસીઆ બાલમ રે, ગાગર ધઢનો
ગારા રસીઆ બાલમ રે, ગાગર ધઢનો." એસા થઇ તા
થઈ.

વીકો ઉદેપુરના રાણાનો કટાયો હતો, તેનો આ વે-
શ છે. એક ભવાયો રજપુત સરદારને વેશે આવે છે ને
મારવાડીમાં બોલે છે. ભલો કરે રે એક લંગ ગહાદેવરો;
કાહીશ રાય, એક લંગ મહાદેવ કેડા હુવા ઇણેશે કહેવત.
દેવતો મહાદેવ દેવ, સાચે મને કીધી સેવ;
ગોકહી જટામાં ગંગ, આભુષણ બીરાજી અંગ;
ચડતી કળા ઉછંગ, બીરાજે લલાટચંદ;
આંબતો ધખંતી આગ, જલે થલે જગ આળ;
મેખજોશી રૂંઢમાળ, ઉભીઆ શીહીએ અર્ધંગ;
બજેતો ત્રલશુલખંડ, ઓધારીઓ છમ ડગ;
દમર વાગે દાકીલ, નાટા રામ લીલ લીલ;
વજરે ચડો લંગોટ, ઉપરે તજરી ઓટ;
જોગી મંત્ર સેવણક, વડેહો વડેહી ચક;
ના જાણું કોઇ નાત ભાત, શંકરા શબ્દ સાખ;
આકડા ધતુરા આંખ, પ્રેમે ચડાવે પાણ;
પ્રતએ ભોળો ભુપાલ, પ્રભાતે કીજે પખાલ;
ધ્યાન ધર્યો જગદીશ, જટા મુગટ શર બંધ્યો;
વાળ્યાં ચોરાશી આસન, જોગ જગત સંધ્યા;
ચોળ કળા સંપુરણ , ચંદ જો મુસ્તક આયો;
ઝરીઓ અમરત બંદ, તબ ચાખ ચેતનકું પાયો.
આક ધંતુરા કર ગ્રહે, રૂંઢમાલ કંઠ ધરે;
બાગ બેલનકું મારણ ધશે, તબહી સંકર હાં હાં કરે.

મહાદેવ એડા હુવા સુન બાબા. ભલો કરે અમરસંગ રાઠોડરો, હો કાહીરા રાય. અમરસંગ કેડો હુવો ધણેરી બાત મેં કહું સુનરે દાદા–શાહજહાં પુછે બેરબેર અમરકી કમરમેં કહો કાંહાંકી કટારીથી ? જોધપર જડાઇથી, ગઢ સાંકળે બાંધીથી, સાપજેસી સલક ગઈ, બીજલીસી બેહેગઈ. કહો કીત્તે ઉમરાવકુ કીત્તો દુખ દે ગઇ'. એનો જવાબ એકનકું લગાધમાં, મેર હુદનકી પુદમે દવાક જેસો દેગઇ, કાલ જેસો કરકડે. ફેફરોસો ફરફરે, ગરદન સારો તોડ બાયેા, લોહ સારો પીગઇ. જેસો સલાબતખાં મારડાલો, અજનકો કાન કાટ બુચો કર લે ગઇ. બેસનમે શીકાર, જીયું મરગન બાવરા, પાવસેર લોહેસે હલાઇ પાદશાહી, જો હોત શમશેર તો છીનાલેતે આગરા, બધોડ ઘોડ ઉઠીઓ મેરરો બાધોડ ઘોડ, અસો અવસર મે કદે પાવા. અમરતે મેલું સરગ જાવનતો આગરે લડેવા કદે આવાં. નાબ પડો પરો પાદશાહસું લડવડ કામરો કોટ સાચો કમાયેા. અમરરો વેર તીસરે પોહોર ઉછેલો તો બહુ બાંધ મોર સરગ આયેા. કરકેસરમાં ગરકાવ વાગા, શેરા બાંધ હલકાર સાંધા. અમરરો વેર ચોથે પોહોર ઉછલોતો દલીને આગરો હુવા બાયાં. અમરસંગ રાઠોડ એડા હુવા.

ભલો કરે વીકાશીસોદીઆસે, કહીરા રાય, વીકાસીસોદીઓ કીણેરે દીન હુવા. જવાબ. એક દીનરો વખત હે, મને કયેની હુવા. થારે મને સાન સુધ રહી નહીથી. થારે રાણી રતનાવળે તબીબરો બોલાયેા, માહાંકી નાડી દેખાઇ. થારે ઓ તબીબરે કહો ઇનરે મધુપાન પીલાઓ, ઈણેરે આછો હો જાશે. થારે રાણી રતનાવળે મને મધુપાન પીલાદીઓ. થારે મને આછો હવેા. થારે મેને રતનાવળે જાએ પુછો કે મતે કાયસે આછો હુવેા. થારે મેને કહો હર

હર ગોસીંદ મે રજપુતરા દાવડા કે માકો એકલંગો ધર હે થે મને મધુપાન પીલાયો. મેને ન્હેશારે પૂછો કે મધુપાનરો અંધરો મીથ્યા હોશે ? ન્હેશીએ કહો હા સવાશેર શીશો ઉકાળીને થેં પીયોતો ઇતરો દોશ નવારણ હોશે. તો સવાશેર સીસો મેને પીયો સો મને હજમ હુંવો. તદી માકો નામ વીકાસીસોદીઓ હુવો. એક માકો નામ વીકા સીસોદીઓ, એક માકો નામ વીકા હેડુ. વીકા હેડુ કીનારે દીન હુવો? એક દીનરો વખત હે, રાણી રતનાવળ મેહેલમે પોઢ્યાં હે, થારે માકા મોહોદારે રાણા-નાં મોહો આગે જાકે ચુગલી કરી કે આછી આછી લુગાઇઓ વીકાસીસોદીઆને ઘેર વે, આછા આછા ઘોડીલા વીકાસીસોદીઆકે ઘેર વે, આછા આછા મોહેલ વીકાસીસોદીઆ કે ઘેર વે. ચાડીચુગલી જાય કરી થારે રાણો માકા ઉપર બોત ખફા હુવો, થારે ચારસેં ઘોડીલા માકે ઉપર બેજ્યા. થારે મને રતનાવળે જગાયો કે ચારસે ઘોડીલે આપને મોહોલ નીચે અડયા હે. થારે મેં ઉઠકર ઢાલ તરવાર લેકર અંદર પઇયો, એટલે ઇણિરે મને હકરક માર દીયા. જાને મેં રાણાને કુનસકીઓ. થારે રાણે માકો ઝવાર ના લેઓ, મને અવળે પાન ચુનો દેવડાયો, માકા પાંચ ગાગડાં પીછા લીઆં ને મને દેશવટો રાણે દીઓ, મેં અહીંશે નીકર્યો થારે મીરહાજીને ખબર હુઇ કે વીકાસીસોદીઓ રાણારા પાસસે ગયો. રાણારા ઘરમાં તાતીતરવાર વીકાસીસોદીઓથો તેતો ગયો થારે મીરહાજીરી દેજ આઇ તે રાણારો શેહર ઘેર કીઓ. થારે રાણાએ રજપુતરા દાવડા એકીટા દીયા. સવાગણ કેસર ઘોયેં થારે બરછીરી અણીએ ટીકો ટીકો ભાગ ના આગો. એતરા રજપુતરા દાવડા એકીટા

હુવા. રાણે કહેા કેાઈ એડેા હેકે મીરહાજીરા હાથીને કૂંભ-સ્થળમાં સવામણુ લેાઢાની સાંગ દેવાડે ને ફેાજ હઠાવે એ-ડેા કેાઈ હે. કેાઇ રજપુતરી હીંમતના પેાંચી થે દન મને રાણે ઈમાદ કીયેા કે આ વખત જો વીકેાસીસેાદીઓ હેા-ત તેા સવામણુ લેાઢાની સાંગ હાથીના કૂંભસ્થળમાં રાડ દેવાડે. થે દન મને રાણે સાંઢણી ભેળ્ઢને બેાલાવ્યેા. થે દન મેં સવામણુ લેાઢાની સાંગ હાથીરા કૂંભસ્થળમાં રાઢ દે-વાડી એટલે હાથી પાછેા ભાગેા ને ફેાજ હઠાઇ. ચાર કેા-શ તલક પીછી હેઠાઇ ઇણારે દીનસે માકેા નામ વીકેા હે-ડેા હુવેા. આગેસે આયેા મેં પીછેસે આયેા મારેા મેાતી-ઓ; માગણીઆત સમેલેા કરને થેં.

મેાતીઆ માગણીઆની મેલણી. આહારે મૃગનેણી-નેા જોબન જાચરે ભલે આયેા આયેા કુમડેા; (ચડાવીને) આયેા આયેા. કુમડેા.

મેાતીઓ માગણુ, તેની વહુ ગંગાગેાર, ને તેનેા છ-ઇએા ગુલીઓ એ ત્રણે જણ આવે છે. માગણુ સલામ કરે છે ને કહે છે, ભલા ભલા સરદારાંને મુજ મેાતીઆ મા-ગણીઆતણેા હેાણરાજ રે માઇ બાપ.

ગંગા—વડા વડા સરદારાંને માકેા ઝરપલીરેા હેાણ-રાજ માઇ બાપ.

ગુલીઓ—વડા વડા ઢેડાને, ગાંજાને કુંભારાંને મુજે ગુલીઆ ગાડીઆરેા હેાણરાજ માઇ બાપ.

મેાતીઓ—તને હેાણરાજ રે ડુંગલીઆ?

ભુંગળીઆ—અલ્યા ડુંગળીઆ કે ભુંગળીઆ?

મેાતીઓ—આછી વગાડે ભુંગળીઆ નહીતેા મારા બેટા ડુંગળીઆ. તને હેાણરાજરે પગાજી તને હેાણરાજરે કડાકુટીઓ.

વીકાસીસોદીઆનો વેશ.

તાંલકુટીઓ—અલ્યા કડાકુટીઓ કેમ ?
મોતીઓ—આજી વગાડેતો તાળકુટીઓ નહી તો કડાકુટીઓ. સુણો દાદા અડે મારો વીકાસીસોદીઓ આયો હે ઇંણેરે કહીએ થારો મોતીઓ માગણીઆત ધઉ ચીતોડસે થેને સોધતો સોધતો અડે આયો. એક જણ વીકાને કહે છે, થારો મોતીઓ માગણીઆત અડે આયો હે. વીકા તેને કહે છે તું એસો જરે કહે તે વીકાજી સાતમી દેલીએ સુતા હે તે કોઇ ના જગે. પેલો ગાણસ મોતીઆને તેમ કહે છે.

મોતીઓ—ના જગે તો ધધુણ, (ધંઢોળા) હલાવ.
બોલાવનાર—તોએ ના જગે.
મોતીઓ—આંગળીનો ગોદો માર.
બોલાવનાર કહે છે ના જગે ત્યારે ક્રોધમાં આવી કહે છે જુતી મારી રીસા જસા. તેની બાએડીને છઇઓ પણ એમ કહે છે ને ત્રણે પાછાં વળે છે. બોલાવનાર વીકાને કહે છે થારો માગણ રીસા ગયો.

વીકા—ઓહો રીસા ગયો ? જાઇને ઓડો કહે થને સામા સધારીને બાહે પાસાદે.

બોલાવનાર—એ મોતીઆ માગણીઆ તને વીકાસીસોદીઓ સાંમા સધારીને બાહે પાસાદે.

મોતીઓ પાછો આવી વીકાની પેડી (બશકરીમાં) બોલે છે

સાસ્રા સોકાવતરા, લાખાદોકાવતરા, ગાલ્લા ચુડીઆવતરા, ગડીઆ પાંજરીવતરા, પાંજરી બોરડીવતરા, બોરડી પાંદડાવતરા, પાંદરો બરો ગયો, બકરો મરે ગયો, લેંડી કરે ગયો, ધમ થારો પરીઓ વધે ગયો હું માબાપ.

ગંગા—હું વીકાજીનીમાં, હું વીકાજીનીમાં.

છોકરો—હું વીકાળનો ભા, હું વીકાળનો વહુવેા.

વીકાળ—મોતીઆ માગણીઆત તું ધઢ ચીતોડસે ખડીએા તે કઠે ગયેા ?

મોતીએા—ધઢ ચીતોડસે મેં ખડીએા તે થારે ઉચે પીપલે ગયેા.

વીકેા—રાજપીપળા કે ?

મોતીએા—ભુલેા થા ભુલેા, રાજપીપળેસે ખડીએા તે રાણીના દેશમાં ગયેા, અઠેસે ખડીએા તે થને સોધતેા સોધતેા અઠે આયેા.

વીકેા—મોતીઆ માગણીઆત ચીતોડ ધઢરી કાંઇ ખબરાં.

મોતીએા—મહારાજ આછી.

વીકેા—રાણેા મેાસે કાંઇ આછેા કીએા ? માંકેા છાએા હાથી પીછેા લીએા. માકાં પાંચ ગામડા પીછાલીઆ, માકે અવળે પાન સુનેા દેવાડયેા; રાણે કાંઇ મેાસ અછીકી નહીં, મેાકે દેશવટેા દીએા. મેને ધઢ ચીતોડ છોડયેા ઉસદનરેા માને રાગ નહી સુનેા.

આછેા આછેા ભાઇ, આછેા આછેા બભાચી રાગરેા જભાવ કરેતેા મે મુછાપર તા નાખું.

મોતીએા કમાચેા છોડી ગાય છે, એટલામાં તેનેા દીકરેા ગુલીએા આળોટી પડે છે ને ઉંચી આંગળી દેખાડી કહે છે એા ગુલીઆરા દઉ વડેા વડેા કાય દેખાય ?

મોતીએા—એતેા આભામંડળ દે.

ગુલીએા—રડી પડી કહે છે મને આંણુદે આં આં આં.

મોતીએા—આભામંડળને તું કાય કરે ?

ગુલીએા—ઇની થાળી કરીને જમુ. ને વડેા વડેા કાય દેખાય ?

મોતીઓ—ચંદરમાં.
ગુલીઓ—મને આણુદે.
મોતીઓ—કાય કરે?
ગુલીઓ—ચકડી ભમડી કરી રમુ. (વીકાજીની આંખ ભણી આંગળી કરી કહે છે.) ધ્યો છોટકી લોટકી કાય દીસે?
મોતીઓ—ધ્યો વીકાજીજી આંખો.
ગુલીઓ—ધ્યએ મને આણુદે.
મોતીઓ—યેં કાય કકે?
ગુલીઓ—લખોટી કરી રમું.
મોતીઓ—પછે એ આંધળુ ધુડ કાં જશે?
ગુલીઓ—કુવામાં પડશે, રે બડો વડો કાય દીસે?
મોતીઓ—એતો વીકાજીની મોળ.
ગુલીઓ—એ મને આણુદે મેં દડુલો કરી રમું.
મોતીઓ—હેં માંકા બેટા.
વીકા—હેં માંકા બેટા. માકી મોલરો દડુલો કરીને રમે.
મોતીઓ—દાદા રીસ માં ચડાવો, એ બાચકના છો કરા લાડેકવાયા વે.
ઝરપલી—ઓ ગુલીઆરા દક વે દી આડો યને સાંભરે?
મોતીઓ—કીનરો દીગાડો?
ઝરપલી—થારો ને મારો વીવા મેલીઓને થેને મા-હેરામાં પધરાવીઆ ને થારો ને મારો હાથેવાળો મેલીઓને મે નખરો કેડે દીયો.
મોતીઓ—કાય નખરો કીયો થેને, પાનરો બીડો દીઓ ને સોપારીરો બટકો દીઓ.

ઝરપલી—ના.

મોતીઓ—રાંડ તારે થેને કાય નખરો કીઓ.

ઝરપલી—મેં અડી બોલી કે માડવાના પૂળા ઉડે ગયા, થારો પુલેકો ચડીઓ ને મેં સરખી સરખી સાહેલીઆં લઈને થને ઉકરડા ઉપર નાળુ ને થારો પુલેકો બાગો આયેા ત્યારે મેં છાણાના પોદળામાં લબ્હે પડી.

મોતીઓ—લબ્હે થેં પડી કે મેં પડેા. આવી ખરાબ લોગાઇ થેં મારે મળી. સુણ ગંગાગોર, રાણે કહ્યું આછેા આછેા રાગરો જમાવ કર મેં દુઓ ઝકુળું ને થેં સરપુર.

મોતીઓ ગાય છે, 'નદરત તનારી નાનુ આ આ આ.' ગંગા પાછળથી સ્વર પુરે છે 'હોકા હોકા હોકા' (શીયાળવાની પેઠે ભુંકી.)

વીકોજી—મોતીઆ એ કેડેા રાગ હુવેા?

મોતીઓ—મેને ખંબાચી રાગ કીઓ. ને રાંડને શીળુ રાગ કીઓ.

વીકોજી—આછેા આછેા ગેાડી, કમાચી, મારૂ, સોરઠ, એ રાગ સુણેા. પણ શીળુ રાગતેા નહીં સુણેા.

મોતીઓ—રાંડ એડોઈ રાગ કરે છે. સુણેા ફેર ગા-નદરત તનારી નાનું આ આ આ.

ગંગા—ભું ભું ભું (એમ ગધેડાની ગેાડે ભુંકેછે)

વીકોજી—એ કેસેા રાગ હુવેા?

મોતીઓ—ધાધા ગેાડી.

વીકોજી—દેવગેાડી સુણી, અનળગેાડી સુણી, પણ ધાગેાડી કદી નહી સુણી.

મોતીઓ—રાંડ એડોઈ રાગ કરે છે. મેં ફેર ગાઉ

'નહરત તનારી નાતું' આ આ આ. ગંગા-ઉ ઉ ઉ (કે-
તરૂ બોલાવે છે) તેવારે ગુલીઓ કહે છે છાની છાની થારા
મોડા ઉપર ઉઘાણી ભરાવું.

વીકાજી—એ કેસો રાગ? એતો મેં નહિ સુણ્યો.

મોતીઓ—એ રાંડ એડોઈ રાગ કરે છે. સુણો મેં
દુઆ કહું.

રાગા શીર બંબાચીઓ, માહાલા શર મારૂ; ૧
સેજે મીઠી સુંદરી, અમલા શર દારૂ.
છીંકતાં ઢાળ્યો ઢોલીઓ, છીંકતાં કીઓ શણગાર; ૨
આંગણ ઘોડો પીયુ ખડો, થેં જીઓ છીંકણહાર.
સોરઠ ધરાના સંચર્યો, ના ચડયો ધઢ ગીરનાર; ૩
ના નાહ્યો ગંગા ગોમતી, તેનો અકલ ગયો અવતાર.
સોરઠ સુધડ માણસા, તાંહાં શુ કર્યો વેવીશાળ; ૪
એક નહારા ને દુજે નગણા, તેના આવ્યા દે આધાર.
ગોરી થારાં દો નેણ, જેસા અરજન બાણ; ૫
જે દેશ જોયાં વાંકડા, તે દેશ પડયા ભંગાણ.
દડકાથી ચમકયો હોય તેવો ઢોંગ કરી મોતીઓ કહે
છે, દાદુરીઓ! દાદુરીઓ! ગંગા-દાદુરીઓ! દાદુરીઓ!
ગુલીઓ-દાદુરીઓ! દાદુરીઓ! એટલે મોતીઓ તરવાર
એંચે છે.

વીકાજી—સુણ મોતીઓ માગણ આછો આછો રાગ
હુવો, ધસમે ચઢરો વઢરો કાય હુવો?

મોતીઓ—દાદા રાગરો માહો દાદુરીઓ આયો તે
રાંડની સાડેલામાં ગુસ ગયો.

વીકાજી—થેને દાદુરીઆ ઉપર ધજા કરી!

મોતીઓ—થારો લુણ ખાયું તે દાદુરીઆ ઉપર ધ
જા ન કરૂ!

વીકોજી—મોતીઆ માગણ રંગરો આછો આછો જમાવ ના હુવો, આછા ભાવન સુણાવ. પેહેલો ઈડરો ધણીકો ભાવ ગાકો સુણાવ.

મોતીઓ ગાયછે. રાગ સોરઠ. 'ઈડર આંબા આંબલી રાજ ઈડર દાડેમ દ્રાખ; ઈડરનગર સોહામણું, ત્યાં વસે કામણગારી નાર, વેગેને પધારોરે માણીધર રાજ. હુંતો થારા ચુલડાને મોહી મારા રાજ, અગલ આરોગો રે સુખના લાલ. આંગડ ચમકી મોજડી, તરકસ રણકા તીર; કોઈક સાહેબો આવશે, મારો લાલ નણંદનો વીર; વેગેને પધારો રે માણીધેર રાજીઆ. ઊંચી ચડુંને નિચી ઉતરૂં, ચડકર જોવું થારી વાટ; કોઈક સાહેબો આવશે, ધેર પુલડે બિછાવીં ખાટ; વેગેને પધારોરે માણીધર રાજ. પાંચ રૂપીઆ આલું રોકડા, કોઇ લશકરીએ જાય; જઇને ઠાકારને ધમ કેહેજો થારી મૃગયાનેણી પાન ન ખાય; વેગેને પધારો રે માણીધર રાજીઆ.

વીકોજી—એતો ઇડરરા ધણીરો ભાવન સુણ્યો, હવે બારેકડા ધણીકા સુણાવ.

મોતીઓ ગાયછે. રાગ માર. 'રાજ આણુતે જોડા દુંગરા, રાજ ધઢા જેસલમેર રે; રાજકળીઆં ભમર સજાન રે, તારૂં મન મોહ્યું ચીત ભેળા રે; લખનેણાજ બારેડે મારે ધેર આવો રે સાથીડાને સજોડ, ધેર આવો રે હાથીડાને હલકે; ધેર આવો રે ધોડીલાને ધમકે, રાજીજીને રીજવીને ધેર આવો હો મારા રાજ. રાજ લીલુડી ધોડી હાંસલી, તેને સોનાની લગામ રે; રાજ તેને ચડીને ધેર આવજો, મૃગીયાનેણી કરે સલામ રે લખનેણાજ બારેડ. લાલ લીલુડીને લીલા જવ ચારજો, મારા પીયુને મધને માંસરે; રા-

જ ધન પીંગળા દેશની પદમણી, પીયુ પાવા તે સરખો હં-
સરે લખનેણાજ ખરડે. હાંરે રાજમંદીરે દીવડો બળે, રાજ
ઓખે બિછાવી સેજરે; રાજ હુને મારો સાહેબો પોઢયું,
તુંતો કર દીવડા ધણુ તેજરે; લખનેણાજ બારોડ. હાંરે
રાજ કસોં કલાલી મધપીએ, રાજ સોવર્ણ પ્યાલો હાથ રે;
રાજ આંગણ ઉભા ઓળખું ઓતો અખેરણારો સાથરે;
લખનેણાજ બારેડ. રાજ કોટડે જેના ભાઇવસે. વસે વા-
ધાજી પાસરે; ભાવ સીરોઇ નગરથી વાપર્યું, ગુણ ગાયતે
લક્ષમીદાસરે; લખનેણાજ બારેડ. રાગ બંબાચી. કાંઇલા-
જોરે દખેણીઆરી બાત, તિને આપું મારા હાથડા-ની છા-
યરે; મારો મારૂડો પીયા પરદેશ વાસો ઇદિન લાગ્યા હો રાજ
એક ચુની હો ચુનીરે, મારા પીયા બિન સેજડી સુનીરે,
મારો મારૂડો પીયા પરદેશ વાસો ઇદિન લાગ્યા હો રાજ.
એ સરખાં એક મોતીહો મોતીરે, હુંતો મેહેલ ચડી વાટડી
જોનીહો જોતીરે, મારો મારૂડો પીયા પરદેશ વાસો ઇદન
લાગ્યો હો રાજ. રાગ મારૂ. રાજ ધન ધન દેશ દવારકાંને,
ધન ગોકુળની નારને, હીરા મોતી નીપજે તીહાં માંડી ર-
હ્યા મોરારરે. મેરામણ મથ્યા રાજરે, તમે આવોરે કાળી-

જ. પ્રભુ શરણે આવ્યાની આશ ઘણી, સાંભળેા સુરીજન સારરે; પેલા વસીઆ ભગતની વિનતી, ઉતારેા પેલે પાર, મેરામણ મેાટારાજ દેવળીઆનું ભાવન. રાગ માર. લાજો લાજો મારી નણુદીના વીરરે ઢેાલાજી, દેવલીએ ગુલાબી ચુડેા વાપર્યેા. અરે રાજે એકજ કેત્રડે, કાંઈ કેળે તે કાંટેા ન હેાયરે ઢેાલાજી. આંટેા આંટા લેજો રાવની પાધરે, મૃગયા-નેણીશું આંટેા ના હેાયરે ઢેાલાજી, દેવળીએ ગુલાબી ચુડેા વાપર્યેા. એક અંધારી એારડી, દુજીતે વેરણ રાતરે ઢેાલાજી, તીજો ઢેાલીએા સાંકડેા, મારેા નગણુગારેા નાવરે ઢેાલાજી, દેવળીએ ગુલાબી ચુડેા વાપર્યેા.

હવે વીકેાજી ઉઠીને પીશાબ કરવા જાય છે તેના મુખ આગળ મેાતીએા, ગંગા ને ગુલીએા ગાય છે "આવેરે હાથડાને હલકે, આવેરે ઘેાડીલાને ધમકે, " વીકેાજી પાછેા સભામાં આવી મેાતીઆને શાળજોટેા આપીને કહેછે 'મેાતીએા માગણીઆત હું થારાપર બહુ ખુશી થયેા તેથી લે આ મસાણની શાલ.'

મેાતીએા—થારેા મશાણનેા શાલ મેં કદી નહીં લેઉ, લે થારી પીછી (એમ કહી તેના ઉપર પાછી ફેંકેછે)

વીકેાજી—મેાતીએા માગણીઆત કડી પરગણે મેસાણા જોટાણા શેહેર હે ઉવાકેા જોટેા લીએલેા હે.

મેાતીએા—હાં દાદા સમજો, થારેા લાખ પાસેાતેા મારેા કાક પાસેા.

વીકેાજી—અલ્યા, લાખ પાસેા કાય ને કાક પાસેા કાય?

મેાતીએા—દાતાર આપે તે રૂપીઆનેા હેાય તે મારે લાખ પાસાનેા પણ તું ભવઇએા આલે તે કાક પાસાનેા દાદા મારે છેારા ગુલીઆરેા ટીકેા આયેા છે, થેં મને ઘેલેા

જગાઇરે બાલમ રેન થોડી. પાયલરે કાંઇ પરણો, બીછવા-રો જગકાર, જબ ગોરી સેજે આવે તબ ઠંગકે નાવ, જ-ગાવ રે બાલમ રેન થોડી. એક અંધારી ઓરડી, દુજુ બેરણ રાત, તીજે ઢોલીઓ સાંકડો મારો નગણુગારો ના-થ, બાલમ રેન થોડી.'

હવે વીકાજીની વહુ રાણી રત્નાવળ આવે છે તેની મેલણીના દુહા.

કુંભળમેર કટાર ધડા, પાણી અવળાં ફેર;
રાણાને કહેજો સંદેસરો, અમે વસીએ કુંભળમેર. ૧
કુંભળમેરથી રાણો ઉતર્યા માથે સાંકળીઓ ટોપ;
થર થર ધ્રુજે માળવો. બીહે ઉજણુના લોક. ૨

બીહે ઉજણુના લોક જરે. ધેંતે, ધેંતે, ધેંતે, થઇ લા થઈ. કોટડેરે નગારા રાણાજીના વાજણા હો વાજણા જરે. એસા થઇ તા થઇ. ચડાવીને. મારા બાલમનો લા-ગો સનેડો પીએરીઆનો લાગો સનેડો. મારા બાલમનો લા-ગો સનેડો પીએરીઆનો લાગો સનેડો એસા થઈ તા થઇ.

રત્નાવળ અને વીકાજી બેસે છે એટલે તેમનો ગોર આવે છે ને કહે છે, મહા વનમાં બામણ ભુલો પડયો રે મહારાજ, મને કોઇ ગામનો રસ્તો બતલાવો રે મહારાજ, મને કોઇ વસતી ભેગો કરો રે મહારાજ.

જજમાન—અલ્યા ઓ અહીંઓ પાડેક, હે અહીંઆ પાડેક.

બ્રાહ્મણ—એ સ્વાંન બોલ્યાં એ કાંક વસતી બરી, સતી આવી.

જજમાન—અલ્યા ઓ, કુતરા નહીં એતો હું મનીશ, રાંડના તને મારગ દેખાડું.

બ્રાહ્મણ—તું કયારે મરીશ ?
જજમાન—અરે ગેહેરા મરીશ નહીં, હુંતો મનીશ.
બ્રાહ્મણ—તારા હાથ પગતો માણસના ખરા પણ
ૂં મોહું રાખશનું છે.
જજમાન—મેર આંધળા, રાખશનું શું કહે છે, હુંતો
ારો જજમાન.
બ્રાહ્મણ—અલ્યા તું મારો જજમાન !
જજમાન—હા, હું તારો જજમાન.
બ્રાહ્મણ—મેર તારૂં નસંતાન જાય, તારૂં વધામણી
લાવનારનું, એનું સત્યા નાશ જાય, રાંડને કહ્યું તારો જ-
જમાન મુવો મેં કહ્યું સારૂ થયું, સારૂ થયું. હુંતો ખુશી
થયો કે મને ખાટલો મળશે, પાટલો મળશે, ડગલો મળ-
શે, તળાઇ મળશે, ગોદડું મળશે, ઓશીકું મળશે. ને અ-
લ્યા તુંતો જીવતો છે, મને ફેગટ ફેરો પડયો. તું મારો
જજમાન ખરો કે. લે તારે તું મને મળ.
જજમાન ને ગોર બેટે છે, તે વેળા ગોર કહે છે, 'ધ
નમીન ને સામો તારો જજમાન મરે તો ડગલો મળે, ટાઢે
મરૂંછું.'
જજમાન—એમ જોહું શું જોયે છે.
બ્રાહ્મણ—લે ફરી જોલું, આવ ભેટીએ. ધનમીનને
સામો તારો જજમાન ઘણું જીવેતો દોડયોર દડાડો.
જજમાન—તારૂં ફાટી જાય રે ગોર એવું શું જો-
લ્યું.
બ્રાહ્મણ—લે તારે સારો આશીશ દઉં, અશ્લોકે કહ્યું.
આયુ અડધરે માહારાજને સફવરતન, ને લક્ષમી ના-
સતી દને દને સતુ તારા ચરણ જીવો, ને હાડ ચામડી
રણેવને.

જજમાન—એનેા અરથ શેા તે કેાહેાને ગેારમાહારાજ?

બ્રાહ્મણ—આયુ અડધ એટલે તારૂં આવરદા અરધું ઓછું થાય. પચાસનું હેાયતેા પચીસ થાય, ને લક્ષ્મી તારા ઘરમાંથી જાય, ને તારા વેરી ઘણું જીવે, ને તારાં હાડકાં, જંગલમાં રખડે.

જજમાન—અરે તારૂં નખેાદ જાય રે, એવું માહું બેાલે છે! વારૂ લે આવ તને દખણા આલું, જેવી આશીશ તેવી દખણા આપું આ લે ટકેા.

બ્રાહ્મણ—ટકેા સીદને આલે છે તારાં છેાકરાં કહેતાં હશે કે ગેાર આવ્યેા તે ખાવાનું લાવ્યેા હશે તેમને આ ખારેકના બે ઠીલા લાવ્યેાછું તે આપ.

માહારાજ માકેા વીકેાસીસેાદીઓ અઠે આયેાછે તે કહે હે; જાયને ખબર કરેાકે થારેા અઠીએા રાજગેાર આયેા.

નાયક—હે વીકેાજી થારેા અઠીએા રાજગેાર આયેા.

વીકેાજી—આતેા છેાડેા.

બ્રાહ્મણ—કાખલીએા કુટતેા, ને મારેા જજમાન મારેા જજમાન બેાલતેા આવી વીકેાજીના બેાળામાં બેસે છે.

વીકેાજી—હેાં, હેાં, હેાં.

બ્રાહ્મણ—ઉઠીને નાસે છે, ને પછી સામેા ઉભેા રહી રેાય છે ને કહે છે, આગળના જજમાન સારા હતા, તેના ગેારને બેાળે બેસાડતા. આ રાંડને ખુંખારેા કર્યેા તે મારી છાતીમાં વાગ્યું.

વીકેાજી—આવ અઠીઆ, આવ બેસ, કહે રાણેાજી માસે કાંઇ આછેા કીયેા. સુણે અઠીઆ રાણે માસે કાંઈ આછેા કીએા? મારાં પાંચ ગામડાં પીછા લીયા; મને અબળે પાને ચુનેા દેવડાવ્યેા, માસે કાય આછેા કીયેા, રાણે માસે દેશવટેા દીએા, મને રાણેાજી કેાઇ દન ઈયાદ કરે?

બ્રાહ્મણ—હા માહારાજ થને ધ્યાદ કર્યેા માહારાજ.
વીકેા—કીસી બખત ધ્યાદ કર્યેા.
બ્રાહ્મણ—મીરહાજીરી ફ્રેાજ આઇ ઉસી બખત. સ-
ધળા રજપુતરા દાવડા ઐકીઠા હુવા સવામણ ફ્રેસર ગેાળ્યેા
તેા બરછીની અણીએ ટીકેા ભાગના આયા એતરા દાવરા
બેલી હુવા. ઉસી બખત રાણે થને ધ્યાદ કરેા કે નૈ ધ-
સી બખત વીકેાસીસેાદીએા અડે હેાયતેા મીર હાજીરી ફ્રેાજ
ગીછી હઠાવે. એસેા ધ્યાદ કીગેા તે મને અડે મેાકલ્યેા.
વીકેાજી—અડે મેાકલ્યેાતેા હે પણ માકેા કાય કીએા?
બ્રાહ્મણ—થારા પાંચ ગામડા પીછા દીગા, થારેા
હાથી પીછેા દીએા. થેને રાણેાજી બેાલાવે ચાલ.
વીકેાજી—માકા પાંચ ગામડારા નામકી થને બબરહે.
બ્રાહ્મણ—હા માહારાજ હે.
વીકેાજી—કેણારા.
બ્રાહ્મણ—નાબેાલી, કાબેાલી, પાટનુ ગામ ચેડુથર,
સામુ છીપાવાડુ તે બાઇજીની નરેલી. એા ગામ થારા હે
નણું તે થને પીછા દીઆ.
વીકેાજી—એા સધળા ગામ આછા હે?
બ્રાહ્મણ—હા, આછા હે, પણ છીપાવાળામાં ડર હે.
આધી રાતકું દીડાજીકેા ભેા હે, ગામને લૂટે હે મહારાજ.
વીકેાજી—ધણેરેા કાય ભાર હે, કીતે ઘેાડે ચડે ?
બ્રાહ્મણ—નણ ઘેાડે મહારાજ. આધી રાતકેા ગામ-
માં પેસે, પટલીઆને આલે ને લુંટે ને હેરાન કરે.
વીકેાજી—દીડાજીરા કાય ભાર હે, માકા બેટાકા ભાર
હાલું.
બ્રાહ્મણ—માકેા ભૂખ લાગી હે, કાંઈ આટેાદૂટેા આલેા.

વીકાજી—રાણી રતનાવળરે પાસ જા થને આટો દેશે.

બ્રાહ્મણ—તેની કને, મારી જજમાન, મારી જજમાન કરતો જાય છે.

રત્નાવળ—આવો અઠે ગોર. સરખી સરખી સાહેલીન રી કાય ખબર, બાઇ અમારીરી કાય ખબર.

બ્રાહ્મણ—એની ગાંડે વળગી ભમરી તે હેંડે તમરી તમરી, સારી ખબર.

રત્નાવળ—બાઇ લાલીરી કાય ખબર ?

બ્રાહ્મણ—બાઇ લાલી એનું મોડું જાણે પાળી, સારી ખબર.

રત્નાવળ—ઉભી થઇને ગાણા ગાય છે. રાગ મેવાડો.

ધઢ ચીતોડથી પલાણીઆ, હાંરે હો મેવાડારાણા, આની હો રે હો, વારીરે મેવાડા રાણા. ઇદરધઢ હુઓરે મેલાણરે હો વારીરે મેવાડા રાણા, આની હો વારીરે મેવાડા રાણા. દુંગર એને ભાલા રાણારે વીકાજીના જળ હળ્યા, આની હો વારીરે મેવાડા રાણા. કમણ કુદાવે રાણારે વીકાજી ઘોડેલારે, આની હો વારીરે મેવાડા રાણા. લાંબી લાંબી વેણે રાણારે વીકાજી પાતળા, આની હો વારીરે મેવાડા રાણા. રતના કેરા રાણા હો ભરથારરે, આની હો વારીરે મેવાડા રાણા. સ્નેહવટ સાચો રાણારે, કેમ ચાલો રાણારે, આની હો વારીરે મેવાડા રાણા. ચાકરી ના જાશો રાણા, ચાકરી દોહેલી દોહેલી ગને શીઆળાની રાતરે, આની હો વારીરે મેવાડા રાણા. ઘોડેલાને વેચી રાણા ઘોઘલા લીજીએ હો વારીરે મેવાડા રાણા. ભાલોડા ભાગી રાણા કેશ કરાવીએ હો વારીરે. પાધરાના ખેતર રાણા આપણે ખેડીએ, આની હો વારીરે મેવાડા રાણા. ગાંડે વાવીએ

ઢેડનો વેશ.

મગડા ને શાળ રે, આની હો. આલો ધાણી ટોપડો રાણા.
આપણે એહ જણા, આની હો. નણેને ઉરાડીએ આપણે
ચરકલા. આની હો. પ્રીતડીના બાંધ્યા રાણા રેહોરે સ્નેહવ
ટ સાચો સ્નેહવટ સાચોરે, આની હો વારીરે મેવાડા રાણા.
આધી આધી રાતે રાણારે આધી આધી રાતે લશકર વ-
હી ગયા. આની હો. એરાને ભરાણી વીકાજીની મોલ રે,
આની હો વારીરે. આંહે રાંધીએ મરગલાં કેરો માંસરે, આ
ની હો વારીરે મેવાડા રાણા. રાધનહારી રાણી રતાવલ
પાતળી, આની હો વારીરે મેવાડા રાણા. જમણહારો હો
રાણા જમણહારો વીકાજી હંસરે, આની હો વારીરે મેવા-
ડા રાણા. (ચડાવીને) હોરે મેવાડા રાણા, વારીરે મેવાડા
રાણા. તા થૈ તા થૈ. ધેં, ધેં, ધેં.

ઢેડનો વેશ.

'એસા થઇઆ તતથે ભલે ગલા ટાવલો મેહેતર
આવે, મુગલાની વેશ લાવે, ટાવલો મેહેતર આવે મુગલા-
ની વેશ લાવે.'

એવું ગવઇઆ ગાય છે એટલે ઢેડ માથે ખાટલો લ-
ઇ આવે છે ને થોડીવાર ચકર ચકર ફરે છે, ને પછી એક
ભવૈયાને કહે છે ભલી ઉતરાવ, એ મારી સાસુ ઉતરાવ.
તે ઉતરાવવા આવે છે ને ઢેડ કહે છે આધી આવ. ભવૈયો
નજીક જાય છે તેમ વધારે પાસે બોલાવે છે તે એકાએક
તેના માથે ખાટલો ચડાવી દેછે. પોતે બસતો રહી સીપાઈ
હોય તેવું ડોળ કરીને કહેછે ચલએ સાલે ચલએ, જલદી ચલે.

ભવૈયો—લે પાછો લે નહીતો નાખી દઉછું.

ઢેડ—ચેવી ખેત્રીને ખાટલો ચડાવી દીધો છે. તારો શો ભાર કે તું ઉપાડે એતો હાથીના ભાર તે હાથી ઉપારે.

ખાટલો ઉતરાવી તે પરની ચાદર ઉપાડીને કહે છે મારા ભાભાની, આમાં મરઘડાનાં ઇંડાં હતાં તે ચાં જ્યાં.

ભવૈયો—મારી બલા જાણે.

ઢેડ—તું ન જાણે તો કોણ જાણે. મારા સાબના હતાં તે તારી ચામડી ઉતારી નાખહે.

એમ કહી તેની પાછન જાય છે ને બંને ખાટલાની આસપાસ દોડા દોડ કરે છે. વળી બીજી મેરથી ચાદર ઉચી કરીને કહે છે આમાં મારા સાબના સીહા હતા તે ચ્યાં જ્યા. મારા ભાભાની, તેં ફોડી નાખ્યા કે હું. એમ કહી તેને પકડવા દોડે છે ને ગાળો ભાંડે છે.

ભવૈયો—મને શી ખબર તારી ઢેડની.

ઢેડ તેને ગાળો દે છે ને ઝાલવા દોડે છે. બસ કરેછે ત્યાર કેડે હસીને કહે છે મારા ભાભાની, ચેવી બીવરાવી છે. પછે ખાટલે બેસે છે. ભવૈયો ખાસડુ લઇને તેને મારે છે ને કહે છે આ કચેરી વચે તું ઢેડ થઇને ખાટલાપર બેસે છે, ઉઠ.

ઢેડ—એમ મારે છે અલી એમ ના બેહું. ઉંચકુએ હુને બેહું'એ હું.

ભવૈયો—ઉચકે તું ખરો પણ બેસે નહીં કચેરીના સરદારો બેસે. એતો મોટા છે, બાંધે તેને બાંધે ને છોડે તેને છોડે, તું કોણ રે!

ઢેડ—હું પણ મારા ઢેડવાડામાં ધરડીછું તો.

ભવૈયો—ઢેડવાડામાં ધરડી છે તેમાં શું થઇ ગયું.

ઢેડનો વેશ.

ઢેડ—વાર સાંભળ હવે તાણો તાણુ, વાણો વણુ, ને તેનું ગાણું ગાઉ.

'તાણો તાણુતાં વાણોરે વણુતાં, દેતા ગારા હરીનું નામ. ધણીએ ઢેડ સરજ્યા, મારે નાયે સરજ્યા.'

એમ ગાતો જાય છે ને વણતો હોય તેમ હાથના ચાળા કરતો જાય છે. પછી હાકોરજીનો ઓછવ કરે છે, ઢમ ઢમ ઢમ. ઢમ ઢમ ઢમ

ભવૈયો—અલ્યા એ શું ?

ઢેડ—એતો હાકોરજીની ઢોલચી વાજી. છમ છમ છમ, છમ છમ છમ. સરરર, સરરર, સરરર.

ભવૈયો—એ શું ?

ઢેડ—હાકોરની કરતાલો ને વાંસલી. લમ લમ લમુકું. લમ લમ થઈ ગઇ. અલ્યા ઓ આ ઢેડનો વેશ છે, હું તને વેશ તેની વારતા કહુંછું જો, ઢેડની માયાવેલ કહુંછું સાંભળ. આગળ ઢેડને માથે કર કેટલા હતા ને ઢેડનો ચાલ કહેવો હતો તે હું તને કહુંછું સાંભળ.

૧. એકતો અગારે ગાયે એ કર હતો કે અમે સામે સેડે વગડામાં રહેતા. ૨ બીજું એ હતું કે અગારે કોટ કુલડી હતી, તેમાં અમે થુંકતા, પરથવીપર થુંકવાનો હુકમ નહોતો. ૩ વળી હમે માથે સુતરનો ફાળકો રાખતા. ૪ એ ત્રણ ને એયો અગારે માથે એ કર હતો કે અમારે કેડે લબડતું ઝાંખરું બાંધતા, તે પગલાં ભાગતુ આવે. ૫. વળી સહુને બે બાંહો ને અગારે આંગરખે ત્રણ બાંહો હતી, એ ત્રીજી બાંહ વાંસે લબડતી રહેતી કે અમને ઓળખે. પાટણમાં સદરે જેસંગ રાજા થયો તેને પેટ દીકરા

રો નહીં. તેને જોશીએ કહ્યું કે નવાણ ખોદાવો તો દીકરો થાય. રાજાએ તલાવ ખોદાવવા માંડયું, એવામાં તેને બે રાણીઓ હતી તેમાંની અનમાનીતીને દીકરો થયો. રાજાએ જોશીને તેના ગરેહ જોવાડવા તેડો. રાજા કને જતાં માનીતી રાણીએ તેને પોતાને મેહેલે બોલાવ્યો ને કહ્યું તું રાજાને એવું કહેજે કે એ છોકરાને મરાવી નંખાવો એવું કહીશતો હું તને તુ માગું તે આપીશ. જોશી હા કહીને ગયો. મુરત માંડીને તેણે રાજાને કહ્યું એ કુંવર ખોટા મુરતમાં અવતર્યો છે, તમે એનું મુખ જુવો તો જીવો નહી, જો શેહેરમાં રહેતો તમારૂં રાજ જતું રહે. ત્યારે રાજા કહે એનું કેમ કરવું. એને કાંઈ મારી નંખાય. જોશી કહે હું કહું તેમ કરો, એક સોનાની પેટી ઘડાવો તેમાં એ પુત્રને સુવાડી ગંગામાં વેહેતો મેલો. રાજાએ તેમ કર્યું પેટી તણાતી તણાતી સામેશેડે ગઇ. તાંહાં ટાવો મેતર નાહાતોતો તેણે દીઠી તે લઈ ઘેર ગયો ને ઉઘાડીને જુવેછે તો માંહે જીવતો છોકરો દીઠો. પેટીમાંથી બાહેર કાહાડી પોતાની બાએડીને આપ્યો. બાએડીને છોકરાં નોહતા તેથી ઘણી હરખાઈ ને પોતાની છાતી સરખો ચાંપ્યો એટલે પેટે પાન છુટયાં તે ધાવીને કુંવર મોટો થયો. બાર વરસનો થયો તે વારે પેલું ખોદાવવા માંડેલું સરોવર બંધાઈ રહ્યું. તેમાં જીવતું પાણી કાઢવાને રાજાએ બહુએ ઉપાય કર્યા પણ કાંઇએ વળ્યું નહી. ત્યારે પંડિતોની સભા કરી પ્રશ્ન પુછ્યો. તેમણે શાશતર જોઇ કહ્યું કે બત્રીશલક્ષણો પુરૂષને લાવી વધેરોતો પાણી ભરાય. રાજાએ પૂછ્યું બત્રીશલક્ષણો પુરૂષ કોણ છે. પંડિતો કહે મહરાજ એકતો આપછો ને બીજો ટાવા ભગતને ઘેર બાર વરસનો છોકરો છે તેછે; એ છોકરાને મંગાવવો રા-

ઢેડનો વેશ.

જ્યારે ટાવાને ઘેર સીપાઇને તે છોકરો લેવા મોકલ્યો. ટા-
વો કહે રાજાને જોઇએ એટલો દંડ લે પણ મારો છોકરો
ના આપું સીપાઈ છોકરાને જોર જુલમથી પકડી લઈ
ગયા. ટાવો રોતો રોતો પાછળ ગયો. લોકની ઠઠ ભરા-
ઈલી છે, રાજા સરોવરની પાળે ઉભો છે. ટાવાને તેણે ક-
હ્યું જોઇએ તે માગી લે પણ છોકરો આપ, ખુશીથી નહીં
આપે તો જોરથી લઇશ. ટાવે વિચારયું મારૂં રાજા આ-
ગળ ચાલવાનું નથી, હા કહીશ તોએ લેશે ને ના કહીશ
તોએ લેશે, માટે નામ કરી જાઉં, મારી નાતવાળા મને
સદાકાળ સંભારે તેવું માગુ. તેણે માગુ કે, (ઢેડ ગાય છે)

૧ જો ઓદાવે રાજા ઓત્તમ તળાવ,
વગડેથી ઢેડવાડો ગાગ લાવ;
૨ જો ઓદાવે રાજા ઓત્તમ તળાવ,
તો કોટેથી કુલડી છોડી નંખાવ;
૩ જો ઓદાવે રાજા ઓત્તમ તળાવ,
તો ગાંડેથી સાવરૂં છોડી નંખાવ;
૪ જો ઓદાવે રાજા ઓત્તમ તળાવ,
તો માથેથી કાળકું છોડી નંખાવ.

રાજા કહે જા આજથી એ બધા જુલમ તારી આ-
ગી જાતપરથી કાઢી નાખ્યા. તમે ગામની ભાગોળે આવી
રહેજો. તેની જોડે વળી પાંચ હજાર રૂપીઆ ટાવા ભગ-
તને રોકડા આપ્યા, ને તેનો છોકરો લીધો.

તળાવને ચારે કાંઠે શહેરના લોક ઉભા છે, રાજા તાં-
હાં ગાદીએ બીરાજેલા છે, છત્રીશ વાજાં વાગે છે, બ્રાહ્મ-
ણો વેદ બાલે છે, હવન થાય છે. એવું થઇ રહ્યું છે. ચેલા
છોકરાને તાંહાં નવરાવ્યો, અરચા કરી, ફુલનો હાર ચેરા-
વ્યો ને વચમાં લાવી બેસાડયો. છોકરો કહેવો સુંદર છે!

જેની અવળી રેખ, જાણે રાજનો ધણી, સુરજ સામો પડછાયો પડે એવો રૂપાળો હતો. રાજા કહે એને કોણ મારે. પરધાન કહે ગાહારાજ ભંગીઓ મારે બીજું કોણ મારે. રાજાએ ભંગીઆને બોલાવ્યો. છોકરાને કહ્યું તારે કોઇને સમરવું કે ભજવું હોય તો તેમ કરજે. છોકરે બીચારે રોઈ દીધું ને કહ્યું હું કોને સમરૂં ?

મારાં માતપીતા સ્વારથ લોભી, રાજા અર્થ લોભી;
ભુત પ્રેત સરવે રગત લોભી, તુજ શરણાંગત ઓ સરોવરા.

એવામાં પાછળથી ભંગીઓ નાગી તરવાર હાથમાં લઇ હોં હોં કરતો તેનું માથું વાઢવા ધસ્યો. તેવોજ છોકરો સરોવરમાં નાઠો. નાસતામાં ઠેસ વાગી ને પડયો. ને માથું ફુટયુ. એનું લોહી જમીનને લાગતાંજ ફક ફક કરતું પાણી નીકળ્યું કે તે સરોવર ભરાઇ ગયું, ને છોકરો ઉપર તરી આવ્યો તેને બાહાર કઢાવી રાજાએ કહ્યું એને કોઈ મારશો નહી, મારી મતલબ પાર પડી માટે એને એના બાપને સોંપ્યો. માએ છોકરાને છાતીએ ચાંપ્યો તે વારે તેની આંખ્યમાં હરખનાં આંસુ માય નહીં. બીજા બધા ઢેડો પણ એટલા બધા રાજી થઈ ગયા કે વગર કહે ત્યાં ચાંચવા, પાવડા ને ટોપલા પડયા હતા તે લઇ રાજા ના મેહેલે દોડતા પોચાડી આવ્યા. એ જોઇ રાજા કહે જાઓ આજથી તમારે શીર સરકારની વેઠ વળગી. ટાવા ભગતને રાજાએ પોતાનો બાગ સોંપ્યો ને ખુશી કર્યો. ટાવો ભગત વાડી સંભાળે ને ખાય પીએ ને મોજ કરેછે, તેવામાં તેના જોવામાં એક પોઠીયું આવ્યું તે બાગમાં ચરવા આવે ને અદ્રશ થાય. ટાવો ભગત વિસ્મે થઇ વિચાર કરે કે એ કયાં જતું હશે ! તેને ઝાલવાનું ઘણુંએ કરે પણ

હાથમાં આવે નહીં. એક દિવસે લાગ જોતો બેઠોછે તેવામાં
તે આવ્યું. ટાવે ઝટદઈને તેનું પુંછડું સાહ્યું. ચોઢીયું તો
આકાશમાં ઊડયુ. ટાવો ભગત પુછડે વળગેલો જોડે ગયો.
ચોઢીયું સ્વર્ગમાં ઇંદ્રરાયના ઘરનું હતું તે ત્યાં ગયું. ટાવો
પણ તાંહાં ગયો. ચોઢીઆને ખાવાને ઇંદ્રાસનના અમરત-
ના લાડુઆ આવે તેખાય, નીકનું પાણી પીએ ને ઘાસમાં
સુએ સુઇ રહે. દહાડે ઇંદ્રનો મેહેલ ને અમરાપુરી નગરી
જોવા જાય એમ પંદર વીસ દહાડા વદી ગયા, પાટણના
ઢેડવાડામાંતો શોધા શોધ થઇ ગઇ. ટાવો ભગત કહાં ગ-
યો તેની કોઇને ખબર નહી, ઘણું ઓહ્યો પણ જડયો ન-
હી. તેના ઘરમાં રોવા રો થઇ રહી. ઢેડલોક તેની બાયડીનો
ચુડો ભંગાવી બારમું કરવાનો મનસુબો કરેછે એવામાં ચેલું
ચોઢીયું પાછું પરથવી ઉપર ટાવાના બાગમાં આવ્યું તે
સંગાથે પુંછડે બાઝી ટાવો પણ આવ્યો. બધાએ પુછ્યુ
અલ્યા ભગત ચાં જીઓતો. ટાવો કહે ઇંદરરાયને ઘેરે
જોયોતો. ત્યાંની વાતો કહી ઢેડને ખુશી કરે ને જ્યારે જ્યા-
રે તે ચોઢીયું આવે ત્યારે તેને પુંછડે વળગી તેની હારે
જાય. ને તેની જોડે પાછો આવે. મુવા ઢેડાને તેની જોડે
જવાનું મન થયું, બીજુંતો કાંઇ નહીં પણ એંદ્રાસનના લા-
ડુઆ આવાનું બહુ મન થાય ટાવાને તે લાડવાની વાત
રોજ પુછે, તે લાડવા કેટલા મોટા, જેવા ગલ્યા, એવું એ-
વું પુછે. ટાવો કહે અલ્યા તમે એકવાર મારી સાથે આવો
ઢેડ કહે શી રીતે. ટાવો કહે હું પુછડું ઝાલું ને ઉડું કે
એક મારા પગ પકડવા, બીજો તેના પગ સાહે. ત્રીજો તે-
ના ઝાલે, એમ જોને આવવું હોય તે આવજો. કેટલાક ઢે-
ડતો બીના કે રખેને હાથ છુટેતો ગાયાં જાઇએ. પણ ઘણા-

કતો તયઆર થઇ નીત વાટજોત્તા બાગમાં આવી બેસે. એવામાં એક દિવશે તે પોઠીયું બાગમાં ચરવાને આવ્યું. તેને જતી વખતે ટાવો તેને પુંછડે વળગ્યો, ને ઉંચો ચ-ડયો કે બીજા ઢેડે તેના પગ ઝાલ્યા, તે પણ જોડે ઉડયો કે ત્રીજાએ તેના, ચોથાએ ત્રીજાના, પાંચમાએ ચોથાના એમ ઘણાક ઢેડ એક એકના ટાંટીઆ સાથ આકાશમાં ચ-ડયા. મુઈ ગમે એવી પણ ઢેડની જાતકેની, ધીરજ રહે નહી, ટાવાને કહે હે ટાવા કયારે આવશે, ટાવો કહે છાના રહો હમણાં આવશે. ઢેડ કહે અલ્યા પણ એતો કહે એં-દ્રાસના લાડવા કેવડા છે; ટાવો કહે રોહો રોહો પછી કહીશ તમે નજરે જોશો, ઢેડ કહે અલ્યા ભગત કેહેને કેવડા હ-શે, અમારા મોડમાં તો પાણી ભર્યાંછે. એમ પુછ પુછ ક-રતા ટાવાને કાયર કર્યો કે તેણે ભુલી જઇ બે હાથ પોહોળા કરી આવડાછે એમ બતાવા ગયોકે પુછડું હાથમાંથી છુ-ટયું કે ટાવો અને બધાએ ઢેડા ભડભુસ કરતાં હેઠે પડયા ટાવે અમરતના લાડુ ખાધેલા તેથી તે અમર થએલો તે જીવ્યો પણ બીજા બધાતો પડતાંવારને મરી ગયા. ટાવો પછે ઘણાં વરસ જીવ્યો ને અંતે તેને લેવાને એંદરનું વી-માન આવ્યું તેમાં બેસી સરગે ગયો.

ભવૈયો—અલ્યા સરગમાં પણ ઢેડવાડો હશે કે!

ઢેડ—ના ભાઇ ચાંઇએ નહીં, તાંહાંતો ઢેડ બામણ વાણીઆ, ખત્રી, રાજા અને રંક, ધનવાન ને નિરધન સરવે સરખાછે ને ભેગા બેસીને ખાયછે. જો હવે હું ભ-જન કરૂંછું તે સાંભળ.

મેડીરે મંદીર માળીઆ તારેરે રામ, ટુટીસી ઝુંપ-ડી મારેરે રામ, ટાવલો ભગત તારેરે રામ. સોળસેં ગો-

ઢેડનો વેશ.

પીઓ તારેરે રામ, હીરડી ને વીરડી મારેરે રામ, માવેત-
૨ ટાવલો ભગત તારેરે.

ચંદ્રાવળા.

રામ સીતા બે સોટકે રમે, રમે મેડી બાહાર રામ;
પાસા ઢોળે પદમણી, મને કંચુઓ સીવડાવ રામ,
કંચુઓ સીવડાવરે બજ્જ, ગરગ મારીને લાવે તજ્જ;
કાંગરે કાંગરે વાંદરા ભમે; રામ સીતા બે સોડકે રમે;
ોવીંદા રામ રામ, રામને નામે તે વૈકુંઠ પામીઓરે. ૧
ુજ ચાકડીએ ચડ્યા, હાથમાં સોટી લાલ રામ;
ગ હેડુ મલપતા ને, ગોવીંદને ગોપાળ રામ;
ીંદને ગોપાળ ભણીજે, અગર ચંદનની શેવા કીજે;
ના મુગટ મોતીએ જડ્યો, ચતુર્ભુજ ચાકડીએ ચડ્યો;
ો ગોવીંદા રામ, રામને નામે વૈકુંઠ પામીઓરે. ૨
ંચી ધાંચણ પાતળી, ઘને ઘાણી ફેરે હેલાટ રામ;
ચત્ર ચોહોર ઘાણી ફરે, તેલ વેચાય ઓને હાટ રામ;
તેલ વેચાય ઓને હાટ નેહાળી, ધાંચણ ચેહેરે કાંચળી કાળી.
કાળી કાંચળીને કોટમાં ભાળા, જોજોરે ધાંચણના ચાળા;
શી ગોવીંદા રામ, રામને નામે વૈકુંઠ પામીઓરે. ૩
સામા સામા બે ગામડા વસે, નદી વહે ભરપુર રામ,
સાત સાહેલી પાણી ભરે, ઓને ઓઢણ આછાં ચીર રામ;
ઓઢણ આછાંરે ઈછા, પાણી ભરને હાથ હરીછા,
લઇ તાળીને દલડા હરે, સામા સામા બે ગામડા વસે;
શી ગોવીંદા રાગ, રામને નામે વૈકુંઠ પામીઓરે. ૪
કાળા ઘોડા કુદામણે, ભુજરો ભનેવા રામ,
સાવ સોનાનું ચોકડું ને, ચડશે રાવળ જામ રામ;
ચડશે રાવળ જામરે હેલી, મોરવી સામા મેલ્યા હેલી,
બાગ્યુ મોરવી વસાવ્યું ગામ, ભલે પધાર્યા રાવળ જામ;

શી ગોવીંદા રામ, રામને નામે વૈકુંઠ પામીએરે. ૫

લેમડો લાંબે પાંદડે, ને પેંપળો ગોળ ગંભીર રામ,
ઉપર સુડા ટગમગે, ગોરડી ભરે નીર રામ;
ગોરડી ભરે નીરરે બાળા, ઉપર બેઠા કાન ગોવાળા;
મધુરી મધુરી મોરલી બોલે, એ ઝાડ સુખડને તોલે;
શી ગોવીંદા રામ, રામને નામે વૈકુંઠ પામીએરે. ૬

લોઢું ગાળ્યું લંકાના રાજા, તે કેમ છુટી જાય રામ;
દશમું મસતક ઘર ઘરીયું, સીતાનું હરણ થાયરે રામ;
સીતાનું હરણ થાયરે હાલી, પાગ બાંધીને લંકા બાળી,
હવે છોડ બંધને બોલ દરવાજા, લોઢું ગાળ્યું લંકાના રાજા;
શી ગોવીંદા રામ રામને નામે વૈકુંઠ પામીએરે. ૭

સોનારણ સરખી પાતળી, હેંડતી મોડા મોડ રામ,
પાવલે નેવર ઠમકે બહુ, બોલે જોર જુજ્જર રામ;
બોલે જોર જુજ્જર અંગીઠી, સોના મેહે સોનારણ દીઠી,
બાંહે બાજુબંધ બેહેરખા, જુવોરે સોનારણના લેંકા;
શી ગોવીંદા રામ, રામને નામે વૈકુંઠ પામીએરે. ૮

વામનરૂપ ધરયું વીશંભર, બળી ચાંપ્યો પાતાળ રામ,
સુધનવા કડામાં નંખાવ્યો, તેલ તાહાડું થાયરે રામ;
તેલ તાહાડું થાય કાળા, ઉપર બેઠા મોરલી વાળા,
ભગતાં ફેરી કીધી સાહે, ટાવલાની લેજ્જે સંભાળ;
શી ગોવીંદા રામ, રામને નામે વૈકુંઠ પામીએરે. ૯

ઢેડવાડામાં ટાવો ભગત, પ્રભુના ગુણ ગાએ રામ,
આંગણે તુલશીનો ચ્યારો, ગંગા નાહાવા જાએ રામ;
ગંગા નાહાવા જાએ બાણીજે, અગર ચંદનની સેવા કીજે,
સંખ વાગેને ઓછવ થાએ, ટાવો ગુણ હરીના ગાએ;
શી ગોવીંદા રામ, રામને નામે વૈકુંઠ પામીએરે. ૧૦

ઢેડનો વેશ.

ઢેડને માથે કર છે મોટો, વેઃ ભરવા જાએ રામ,
ગાળમાં સડકા મારે, એઠે ભાણે જાએ રામ;
એઠે ભાણે જાએરે ગંદા, ઘોકા મારે દરબારના બંદા,
બીજા ઢેડના જીવ જાય, ટાવો ગુણ હરીના ગાય;
શી ગોવીંદા રામ, રામને નામે વૈકુંઠ પામીએરે. ૧૧

પાંચકડા.

તલાવડીમાં તલાવડીરે, બામણ બેઠા નાહે;
ગાંડે વળગું ઢેડકું, હર હર કરતો જાએ;
ધણીએ ઢેડ સરજાડયા, કે મારે નાથે સરજાડયા.
ઢેડવાડામાં ઝાલર વાવ્યા, ઉઘા પાપડીએ;
ટાવો મેતર ઉભા થાય, માર્યા લાકડીએ;
ધણીએ ઢેડ સરજાવ્યા, કે મારે નાથે સરજાવ્યા.
ઢેડ મારે વણવાને કોકડા જોઇએ તે આલવા મારી
ઢેડી આવે (ગાયછે) મારી ઢેડી આવીરે, ઢેડા ચાંગલા લા-
વીરે. (ચડાવીને ઓજ બેચાર બોલે છે ને પછી બેસા
યઈ તા થઈ કરે છે.)

ઢેડી આવે છે તેને ઢેડ કહે છે અલી ક્યાં જઇતી?

ઢેડી—હોવે હોવે છાહ લેવા જઇતી.

ઢેડ—કોણ કોણ હતી, એકલી જઇતી?

ઢેડી—હીરડી, વીરડી, જેકુંડી, પાનડી, રવાસડી
બધીઓ જઇતી. હુંતો ત્યાંથી ગાંયઆવાડામાં જઇતી. ગાં-
યલે કહ્યું અલી બોય એમ આવી. મેં કહ્યું છાહ લેવા.
ગાંયઞે કહ્યું બાય આલુ. હુંતો જઈ. તેણે ઝી વાળો રોટ-
લો આલ્યો ને દોણી ભરી આપી, ને વળતી ગમાણમાં
બેસારી મારી મશકરી કરી.

ઢેડ—તારી મશકરી કરી, તો તું મારે ના બપની.

હુંતો નગરી થઇ.

ઢેડી—તારે શું કરું ?

ઢેડ—હવેતો તુ મારે ના ખપે, તું મારે ના ખપે. મારો ગોરજી આવી સગરી કરેતો ખપે. નહીંતો ના ખપે.

ઢેડી—તારે ગોરજી આવજ્યે.

ઢેડ—એ એ મારા ગોરજી, એ ઢેડના માવતર આવજ્યે, મારી ઢેડી નગરી થઇ છે તેને સગરી કરવી છે, આવજ્યે.

ગોરજી (પાછળથી)–આવતા હું, આયા, આવતાહું ટાવા, ગરનારની ગરામાંથી આવતા હુ ગોરજી હુકો પીતો આવે છે. એ વેળા ગવઇઆ ગાય છે.

"મારા ગોરજી આવ્યારે, મારા ગોરજી આવ્યા; રૂડી પોથીઓ લાવ્યારે, પોથીઓ લાવ્યારે." (એને ચડાવીને બે ત્રણવાર ગાએ છે.)

ઢેડ તેને પગે લાગે છે ને કહે છે પએ લાગુ મહારાજ.

ગોરજી—ધેંકચે ધેં.

ઢેડ—એ મારા માવતર ગોરજીને ઝીભે સારી સરસતી લાગી છે.

ઢેડી પગે લાગવા જાય છે તે વારે ગોરજી પાછો નાસે છે ને કહે છે 'આજી રહે તું નગરી છે.'

ઢેડી—એ મારા માવતર તમને ક્યાંથી ખબર પડી, આતો મારો પરભુ, મારો ગોરજી.

ઢેડ—બાપજી તમને કેમ ખબર પડી.

ગોરજી—મારા ટેપણામાં આવે છે ને.

ઢેડ—તારે ટેપણું જુઓ માવતર એને સગરી કરો મહારાજ.

ગોરજી—(મોટું ટીપણુ ઉઘાડીને કહે છે) ટાવા તા-

રા નવે ગરેહે રહા છે, તારે મોભારે મંગળા છે, તારો ચં-
દર કાળો છે.

ઢેડ—કહેવો ?

ગોરજી—કાળનો છે, કાળચંદર છે.

ઢેડ—મહારાજ એતો જવા દો. હવે તમારા મોહો
ી બે વાણી તો સંભળાવો. (ગોરજી હોવે કહી ગાય છે)
ાંપો વલોવ્યો ઝડકે, છાશ થઈ બેડા બચાર; ઢેડનાં છો-
કરાં આવીઆં, સાંઠો સાંઠો લેઇ ગયાં. દરીઆ વચ્ચે ખી-
જડી, ઉપર ચડી ધ્રો; ઉતર બેટી તલાક, તારી ગાંડ કચ-
રાળી હોજ્જએગી; ચુલા પછાડે ઉંદરડી. કર કર મેહું બા-
ય, પુંછે ઝાલીને પટકી તો, પાયલાના છુટા પઈસા પડ્ય
છે. કબીર કબીર, વાસી કબીરની વાણી;

ઢેડ—સારી મારા ગોરજીને મોઢે સરસતી લોટો લ-
ઇને બેઠી છે.

ગોરજી—અલ્યા હો તારી ઢેડીને સગરી કરવી છે.
તો સવાગજ કંકુ, ચપટી નાડાછડી, સવાશેર ઘોડાની પાન
બેળા, ને સવાશેર ધોળી ગનીનું સુતલાવ, ઘરને ખુણે બા-
ટલો ઢાળી ને આડા પડદા બંધાવ, હેંડ હું હગરી કરંછું.

પછી તે બાટલાપર બેસે છે ને કહે છે લે સગરી થ-
ઇ. ત્યાર પછી ગોરજીને ઢેડી બંને નાશી જાય છે તે પડદો
પંડછે. હવે મુગલ આવે છે તેની મેલણી ગાયછે. એનું બા-
ન હોશની કહેવાય છે. 'સનો સનો ચમરા દલકા સનો.'
(ગોન્ન ચડાવીને) થઇ થઇ થઇ તા થઇ.

મુગલ આવીને બાટલે બેસેછે. જોડે બીબી તથા જ-
ાન બીન્જમતદાર હોયછે. એ જરાણને મોઢે કાજળ બો-
પડ્યો હોય છે. બાથે ગાંસડો લઇને આવેલો સાથે ઢેડ પ-
ણ હોયછે. તે ગાંસડો ઉતારીને વેગળો ઉભો રહે છે.

મુગલ—ઝરાન એ ગામમે પટલ કોન ?

ઝરાન—સાહેબ કોળી ઠાકરડા.

મુગલ—કોન કોળી ? ઓ લકડીપર લકડી ચડાવેઓ.

ઝરાન—હાંજી સાહેબ.

મુગલ—ભાગો ભાગો. (એમ કહીને ધભરાતો ઉભો થાય છે.)

ઝરાન—નાજી સાહેબ ના, મે ભુલા, કુનબી પટેલ હે.

મુગલ પાછો બેસે છે ને કહે છે, જબ જાએ દોમણ મસકા લાવ, દોમણ જાડા ને દો મણ પતલા લાવ, ગફીમાંસે દફી લાવ, દાંડીયાળું આચાર લાવ, સફેત બપૈયો હલવાન, ચલો જલદી મંગાવ.

ઝરાન—અબે સાલે ઢેડ. ધ્યદર આવ. સાબ બોલતા હે સો એકદમ લાવ. (એમ કહી તેને મારવા જાયછે)

ઢેડ ધભરાતો બુબુને પુછેછે, કાચી કુરમાદે એ શું મંગાવેછે, પાતળું શું ને જાડા શું માબાપ.

બુબુ—મુવા દહીને દુધ મંગાવ્યું.

ઢેડ—ઠીક લાવુંછું માબાપ. ને ગફીમાંથી દફી તે શું, ને એ બીજું શું ?

બુબુ—દબીમાંથી અફીણ, કેરાનુ આચાર, રૂપીઓને બકરૂં.

મુગલ—શરાબ લાવ,

ઢેડ—અલ્યા આ સાહેબને સરાપ દો. (વિગેરે હસવાનુ બોલેછે.)

ઝરાન દારૂ લાવે છે મસ્કરીઓ કરે છે. ઢેડ પણ પીએછે ને લથડીઆ ખાએછે. ને ગાએછે, ને ઝરાનને મારે છે. મુગલ જતો રહેછે. એ વેળા ભવાયા નીચે મુજબ ગાયછે ને વેશ પુરો થાયછે.

છકે છકે મુગલ છકે હો, મેરા લાલ. છકે છકે૦ એસા૦.

ભેચરાજીનો વેશ.

ઝલણી રાગ વેરાડી.

વેરાડીરે દીધી વીન્હેગીચાં, ધન દીઓ કરપીચાં;
ચતુર સ્ત્રીતો દીધી મુરખને, સુલોચન દીઓ હરણાં રે.
માર્ગ ક્ષેત્ર ને જંગલરણાં, વેરી ભેગા વાસ;
ભીંત ભોરીંગને કુકુંભ કળો, તેતો કોઈ દીન કરે વિનાશરે.
કાશી નગરને ચ્હોટડે, પડીઓ ઠાલો પોકાર;
કઠીઆરો વેચે લાકડાં, રાજા હરચંદ વેચે નારરે.
ભોચર ભોચર જે જપે, સદા સુખી હોય;
દુખ ભંજે તેતું દળીદ્ર હરે, વેરીના ગંજે કોય રે.
ઘણા દીવા બળે ઘી તણા, આઠે પોહોર અજવાસ.
વાગે ઘંટ ને ધુધરા કાંઇક પામર આવે તુજ પાસ.
ઐસા થઇ તા થઇ.
ભાઇ ભલા જેણી જેણી ઓઢે દેવા, ભાઇ ભલા જે-
ણી જેણી ઓઢે દેવા ઐસા થઇ તા થઇ.
ચરવડ ચાલી જાએ, અસુરના દળમાંએ;
વેણુ રાખડી ગુંથાએ, પીઠ તે તારૂં પરમેશ્વરી.
પાટણવાડું પરગણું, કાલરી માનું ગામ;
બળીઓ હાકેમ ભોચરા, તને સુઆ કરે સલામ.
પાવાગઢ વસે મહાકાળકા, આદ જુગતની આઇ;
પરમેશ્વરને પૂછણે, દુજા જીવ સીપાઇ.
ભેચરાજી થઇને જે ભેલો આવેછે તે પડદાની બહાર
આવીને ગાય છે.
ગાણું—ગઢને વરશાળે ગઢ ઉપર હોરે, ગઢ ઉપરે
હો. ગઢ ઉપર ઉડે ચાતી ઝણી છેહ. છેહડીને ઉંડ ગઢ ઉ-
પર હોરે, ગઢ ઉપર હો. નેજાતે ફરકે ફરકે મૈયા માતાના

રે, બૈાચર માતાનાહાં બેસા થઈ તા થઈ. આણુગઢથીરે અંબા ઉતર્યાં, રે બૈાચર ઉતર્યાં હાં; પાવે ગઢથીરે બપર ઉતર્યાં, હોરે બપર ઉતર્યાં હાં; નેજાતે ફરકે મૈયા માતાનારે બૈાચર માતાના હાં. (ઉતાવળથી) ગઢપર ઉડે અતી ઝીણી ઝેહ, છેબડીને ઉડે ગઢ ઉપર હોરે ગઢ ઉપરે હો.

પછી બેચરાજી થઈને જે બેલો આવે છે તે કહેછે– હે ભાઇ આ કોનો વેશ કહેવાય? બૈાચરાજીનો કહેવાય. ગુજરાતના ઝાંપાની, ચુવાળના ચોક ઉગમણા ગોબની માતા બેચરા કયારે પ્રગટ થયાં તે વાત હું તમને કહું છું તે તમે સાંભળો—

પાટણવાડામાં ચાવડો રાજ કરે અને કાલરીમાં વનો સોળંકી રાજ કરે એ બેને ઘણી માયા પ્રીત થઇછે. દોસ્તી સારી થઈ છે તેથી એ રાજાને ગામ આવેછે ભેગા બેસી અમલ કસુંબા પાય પીએ. એમ ઘણા દિવસ થઈ ગયાછે. એક દહાડો ચાવડો કાલરીવાળાને ઘેર આવેલો રાત્રે ચાવડાએ કહ્યું કે આપણ બેને બહુ સ્નેહ છે, અને મારા ઘરમાં સીમંત છે અને તમારા ઘરમાં પણ છે, માટે તમારે ઘેર જો દીકરી અવતરે ને અમારે ઘેર દીકરો અવતરે અને તમારે ઘેર જો દીકરો અવતરે ને અમારે ઘેર જો દીકરી અવતરે તો તમારે ને અમારે અત્યારથી સગપણ થઇ ચુકયાં. એવી રીતે કોલકરાર કર્યા. ચાવડો રાજા પાટણ આવ્યો દશ માસ થયા કે બંનેને ઘેર દીકરીઓ આવી. પાટણવાડાની બબર સોળંકીને પ્રથમ આવી તેથી સગપણ નહીં થાય માટે પોતાને ઘેર દીકરાનો જનમ થયોછે એવી યુમ ઉરાડી. ને દીકરીની વાત છાની રાખી. પાટણ કહેવડાવ્યુ કે અમારે મંદીર દીકરાનો જનમ થયોછે તેથી સગાઇનો ચાંદલો કરી જાઓ. પાટણ વાળાએ તેમ

એચરાજનો વેશ.

કર્યું ઞેગ કરતાં ઘણાક દીવસ વીતી ગયાછે અને બાળક ત્રીજ વરસનાં થયાછે, ત્યારે બાંડા મોકલી વીવાહ કર્યો છે. અને ચાવડાની દીકરી સોળંકીને ત્યાં પેહેલું આણું વળીને આવીછે. આ વેળા ચાવડાની દીકરીને બપર પડી ગઇ કે આ પણ સ્ત્રીછે ને હું પણ સ્ત્રી છું. કેટલોક વખત સાસરે રહી તે પાછી પોતાને પીઞર ગઇ છે. કેટલાક માસ વીતી ગયા. અને ચાવડા હાકોરે સોળંકીને લખી મોકલ્યું કે જો તમારો કુવર તેડવા આવશે તો અમે અમારી દીકરીને વળાવીશું. સોળંકીની દીકરી ગરદનો પોશાક પેહેરી ઢાલ તરવાર બાંધી હાથમાં ભાલો લેઈ ઘોડી ઉપર ચડી પાટણ સીધાવી. જ્યાં જ્યાં જાય પાટણ આવી પોતાના સસરાને ત્યાં ઉતરી પડી. ચાવડા રાજાએ ઢોલીઓ બીછાવ્યો છે તે ઉપર પોતાનાં વસ્ત્ર ઉતાર્યા, ચાવડાએ બત્રીસભાતની રસોઈ બનાવી છે નહાવાને વાસ્તે તાંબાકુંડી પાણીની ભરી આગળ મુંકી ચાવડા રાજાએ કહ્યું ઉઠો સોળંકી રાય સ્નાન કરો. સોળંકી રાય નાહવાને ઉઠેછે તે વખતે પાટણવાડાને દરવાજે કાઠીગોગે ગાયો વાળીછે અને ક્ષત્રી હોય તે ધાજ્યે જેવી રીતે ઘુમરાણ થઇ રહીછે. તેવુંજ નાહવાનું ટેકાણે રહ્યું, રસોઇ રસોઇને ટેકાણે રહી, સોળંકી રાય ઘોડી ઉપર સામાન નાંખી પોતાનાં વસ્ત્ર પેહેરીને નીકળી પડી છે. ગામની ભાગોળે આવી. પોતાની વાંસે એક કુતરી શેહેરમાંથી વાંસે વાંસે ચલી આવેછે. અને પોતાના ગામને સીમાડે આવી. ઉનાળાનો ઘણો તાપ અને ગરમીથી બહુ અકળાઇ જઇ હતી અને તરસ પણ ઘણી લાગી હતીતેથી જોક વરખડીને છાંયે પોતે ઉતરીપડી ને ઘોડીબાંધી વીચાર કરેછે કે, ગારા ગાળાએ મારો મનજો આપ્યો કર્યો હવે હું શું મોહું લેઈ ઘેર જાઉં ! ઞેગ પોતાના મનમાં

વાદીએ વધોવાદ, નર ભેખ લીઓ નારી તણો.
નર ઉતારણ નાદ, પરખને પેટ પુત્ર દીઓ.

હીજડા, ફાતડા, કે પાવધ્યાની ઉત્પત્તિ. મુળી ગાંગડા નામે શેહેર કહીએ. તેમાં કોણ રાજ કરે? કે ચોધરી કરે. એ ચોધરીને ઘેર જેવંતીબાઈ નામે પતિવ્રતા સ્ત્રી કહીએ; ને તેને ઘેર ટોડરમલ્લ નામે કામદુર્ગા જેવી ગાય કહીએ ને તેને એક વછરાજ નામે વાછડો કહીએ. હવે એક દીવસ ધનતેરશનો દીવસ હતો, તે વેળા ચોધરી રાજા ચોરામાં બેઠા હતા કમુંબા પાણી કરતા હતા. તે વખતે પેલો વછરાજ નામે વાછડો ચોરા આગળ થઇને ખડાક સરીખો નીકળ્યો તે ચોધરી રાજાએ જોયો અને વિચાર કર્યો જે જો આ વછરાજને વડાયો હોય તો કેવાં ઉત્તમ કામ થાય. સરખા સરખા બેઠા હતા. તેમણે કહ્યું જે હે મારા રાજા તમે આ શું બોલ્યા! તમે ગાયના દીકરા ઉપર નજર કરી. તમને ઘણાં ઘણાં પ્રાછીત લાગશે. ચોધરીના માન્યામાં કાંઇ વાત આવતી નથી તે કહે છે શું પ્રાશ્ચીત લાગશે?

ગામ ભજંતે ગુદરે, નરપાખર થયા હેરૂ;
વગડે પ્રાણ તોડીયાં, દમ બાધ્યાં અણપંખેરૂ.
આતમ હત્યા તેને ગૌ સતન, એક વિપ્રાણામ;
એવી શહસ્ત્ર હત્યા લાગતી એક વખલો બેડીતા કરન.
માયા જેસી મોહની, જેસી અંધી ગાય;
બછડા થા સો મર ગયા, ઉભી ચામ ચટાય;
ઇટવા થકી આદર કીઓ, કરલીઆ કતવારી તણા.
જેણે બછરા ખાસી કરલીયા, તે નર કીટીને નારી થયા.

તોપણ ચોધરીના માન્યામાં કાંઇ વાત આવતી નથી જ્યાં જાય જ્યાં જાય જ્યાં જાય વાધરીને ત્યાં આવી કહેછે

ચાલ ગલ્યા વાદ્યરી આજ વછરાજને વડારવો છે. વાધરી આવી કરી ઝોકમાં વછરાજ બેઠેલો છે તેને પાંચ સાત જણાએ મળી બાંધી મોરલો કરી વડારવા જાય છે. તેવામાં વછરાજ ઝોકમાં એક સલ્લા (પથરની) પડી છે તે ઉપર મુસ્તક પછાડી મૃત્યુકાળ પામે છે.

હવે ચેલી ટોડરમલ ગાય છે તે ચરવા ગઇ છે તે આવી કરી વછરાજને જુએ છે અને વિચાર કરે છે ને જો આ વછરાજ જીવતો હોય તો કયારનો આવી ધાવવા મંડી. જાય પણ આ વછરાજને ક્રોધએ મારી નાંખ્યો છે. ઘણીક હીહોરા કરે છે પુછડું પછાડે છે. આજર પાંચ સાત વછરાજના ફરતા ફેરા આઈ ટોડરમલ ગાય સલ્લા સાથે મુસ્તક પછાડી મૃત્યુકાળ પામી.

હવે ચેલી જેવંતીબાઈ હતી તેને ચેટ પૂત્ર નહોતો તેથી વછરાજને પૂત્ર બરોબર રાખતી એક હાથ મોંમાં ને મોં રાખતી. આ વખતે જેવંતીબાઇ પાણી ગઇ હતી તે આવીને જુએ છે તો ગાય અને વાછડો આવેલા નહીં તેથી વિચારીને ઝોકમાં જોવા જાય છે તો બંને જણા મરી ગએલાં જોઇને ચેતે પણ વછરાજનું મુસ્તક ખોળામાં લેઇ બોલી કે હે મારી નાંખનાર તારા અંતરીયાળ મોત થજો ને તમે રણમાં રઝળજો અને આ વછરાજ ચેલે અવતાર મારે ચેટ પુત્ર થઈ જનમજો એવી રીતે બોલી ચેટમાં કટાર મારી મૃત્યુકાળ પામી.

આવી રીતે ત્રણ જણનાં મોત થયાં તેથી ચોધરી રાજા કહે છે હવે મારે પણ જીવીને શું કરવું છે એમ કહી મરવા જાય છે પણ તેને બીજાએ વાર્યો પણ પતિવ્રતા જે જેવંતીબાઈ તેનો સરાપ હતો કે જેણે વછરાજને

મારી નાંખ્યો હોય તેનું રણમાં મોત થજો. ગામને ઝાંપે કાઠીઓએ ગાયો વાળી છે અને ક્ષત્રી હોય તે ધાજો એવી રીતે ધુમરાણ થઇ છે તેમાં ચોધરી રાજા પણ ગયા છે ત્યાં તેનું અંતરીયાળ મોત થયું છે કાઠીઓએ તેને મારી નાંખ્યો એવી રીતે ચાર જણનાં મોત થયાં તે હવે કયા આગળ જન્મ લેછે.

તેમાં ચોધરી રાજા હતો તે વરસડ ગઢમાં નેપોળારૈઓ રાજ કરે તેને પેટે રૂપા બારૈઆનો જન્મ થયો. ગામમાં વાજીત્ર વાગી રહ્યાં છે, સાકરો વહેંચાણી, વધામણાં દીધાં ને ગામના બધા લોકોને ઘણો હરખ થયો કે આપણા રાજાને ત્યાં પુત્રનો જન્મ થયો.

હવે ઉજ્જન સરખા શેહેર કહીએ, રાંજા ભોજનું રાજ, બાણું લાખ માળવાનો ધણી રાજા ચંદનનો કુંવર પરમાર રાજ કરે. તે શેહેરમાં એક ધનપાળશા નામે વેહેપારીઓ ધનવાન વાણીઓ હતો તેને પેટે પેલી જેવંતીબાઈ દીકરી અવતરી તેનું નામ રતનબાઇ હતું. અને એ રતનબાઇને પેટ પેલો વછરાજ અવતર્યો તેનું કેશવદાસ નામ પાડયું. એ કેશવદાસ બત્રીશ લક્ષણો પુરૂષ હતો.

હવે પેલો રૂપો બારૈઓ જે હતો તે ૧૯ વરસની ઉમરે થયો. તે ફાટેલો નીકળ્યો. જે રસ્તે થઇને બાઇઓ પાણી જતી હતી ત્યાં આગળ પાણીના ઘાટ ઉપર જઇને બેસે અને કામઠું તથા બીણના અને કચરાના ગલોલ લેઇ ફેંકે. જે બાઇઓ પાણી આવે ને જેવી બેડું ભરીને નીકળે તેવો જે પેલો કચરાનો ગલોલો મારે કે તેથી ઘડો ફુટી પાણી નીકળે ને લુગડાં પલલે એવોજ પેલો બીણનો ગલોલો મારે કે તેથી પાછુ પાણી નીકળતું બંધ થઇ

જાય. એમ ઘણુંક પનવવા લાગ્યો. રાજાનો કુંવર એને કોણ કહી શકે. એમ ઘણાક દીવસ વીતી ગયા. એક દીવ- સ એક ધનવાન શેઠીઆની છોડી હતી તે પાણી ભરવા આવી. તેને પણ એવી રીતેજ કર્યું તેથી એ બાઇએ વિ- ચાર કર્યો જે હું ભરીતો એને આ શહેર બાહાર કાઢું. પ છી પાંચ સાત સખીઓ ભેગી થઈ પાંણી ભરવાને આવી. નારી કુંઝરનાં ચીર પેહેરી લીધાં છે. હાથના ડણાળા કર- ી ચાલી આવે છે.

દોહોરો.

હામ કામ મૃગા લોચની, હંશા ચાલ ચાલંત;
હું તને પુછું હે સખિ, તું કાજળ કયું નહીં કરંત.

કુવાને કાંઠે આવી બેડાં ભરીને બધી સહીઓરોએ માથે બેડાં લીધાં તેવોજ પેલા રાજાના કુંવર રૂપાબારૈએ પેલી સ્ત્રીના બેડા ઉપર ગલોલ માર્યો શેઠની છોડી કહે છે હે મારા રાજા આમ કોઇ સ્ત્રીઓ તમારે વશ થનાર ન- થી, માટે કોઇ જતી સેવો, જોગી સેવો તો તમારૂં કામ થશે. રૂપા બારૈઆને આવું સાંભળતાં પગની ઝાળ માંથે અને માંથાની ઝાળ પગે લાગી ગઇ છે. ત્યાંથી પોતાને ઘેર આવી જે સામાન લેવો હતો તેટલો લેઇ ચાલ્યો ચા- લ્યો જાય છે. ઉજ્જન શેહેર, ક્ષિપ્રા નદી, બાવા બાળના- થની જગા ને ગંધ્રપીઆં મસાણ, ત્યાં આવી બાવાબાળ- નાથને સલામ કરીને ઉભો રહ્યો બાવાએ પુછયું અરે ય ચ્યા તુમ કોન હો અને કાયકું બારને અહીં આયા. રૂપો બારૈઓ કહે છે હું તેપા બારૈઆનો છોકરોછું અને અહીં- આં તમારી સેવા કરવાને વાસ્તે આવ્યોછું. બાળનાથ ક- હે છે અરે બચ્ચા અમારે પાંચસેં ચેલા પ્રગટ હે ઔર

મારી નાંખ્યો હોય તેનું રણમાં મોત થજો. ગામને ઝાંપે કાહીઓએ ગાયો વાળી છે અને ક્ષત્રી હોય તે ધાજો એવી રીતે ધુમરાણ થઇ છે તેમાં ચોધરી રાજા પણ ગયા છે ત્યાં તેનું અંતરીયાળ મોત થયું છે કાહીઓએ તેને મારી નાંખ્યો એવી રીતે ચાર જણનાં મોત થયાં તે હવે કયા આગળ જન્મ લેછે.

તેમાં ચોધરી રાજા હતો તે વરસડ ગઢમાં નેપોઆરૈઓ રાજ કરે તેને પેટે રૂપા બારૈઆનો જન્મ થયો. ગામમાં વાજીત્ર વાગી રહ્યાં છે, સાકરો વહેંચાણી, વધામણાં દીધાં ને ગામના બધા લોકોને ઘણો હરખ થયો કે આપણા રાજાને ત્યાં પુત્રનો જન્મ થયો.

હવે ઉજ્જન સરખા શેહેર કહીએ, રાંજા ભોજનું રાજ, બાણું લાખ માળવાનો ધણી રાજા ચંદનનો કુંવર પરમાર રાજ કરે. તે શેહેરમાં એક ધનપાળશા નામે વેહેપારીઓ ધનવાન વાણીઓ હતો તેને પેટે પેલી જેવંતીબાઈ દીકરી અવતરી તેનું નામ રતનબાઇ હતું. અને એ રતનબાઇને પેટ પેલો વછરાજ અવતર્યો તેનું કેશવદાસ નામ પાડયું. એ કેશવદાસ બત્રીશ લક્ષણો પુરૂષ હતો.

હવે પેલો રૂપો બારૈઓ જે હતો તે ૧૮ વરસની ઉમરે થયો. તે ફાટેલો નીકળ્યો. જે રસ્તે થઇને બાઇઓ પાણી જતી હતી ત્યાં આગળ પાણીના ઘાટ ઉપર જઇને બેસે અને કામઠું તથા મીણના અને કચરાના ગલોલ લેઇ ફેંકે. જે બાઇઓ પાણી આવે ને જેવી બેડું ભરીને નીકળે તેવો જે પેલો કચરાનો ગલોલો મારે કે તેથી ઘડો ફુટી પાણી નીકળે ને લુગડાં પલલે એવોજ પેલો મીણનો ગલોલો મારે કે તેથી પાછુ પાણી નીકળતું બંધ થઇ

ઘડીયાં હું મારા ગામને વારતે ઉલોછું. હતી માલણ પા-
ણી ભરીને જાય છે તેવીજ તેના બેડામાં પંદર રૂપીઆની
મોહોર રૂપસંગ બારેઆ નાંખી. તેથી માલણે વિચાર કર્યો
જે આ કોઈ કુળવાન ગરકથ માણસ છે માટે જો એને
આપણે ઘેર માસ છ માસ જો રાખ્યો હોય તો કામ કાડી
નાંખે ને જરોભવનું દળદર જાય. તેથી તેણે રૂપસંગ બા-
ઈઆને કહ્યું તમે આને ઘેર ચાલો, રૂપસંગ તેની પછવાડે
પછવાડે માલણને ઘેર ગયો.

માલણે ડોલીઓ બીછાવી બાંધ્યો તે ઉપર રાજ
રૂપો બારેઆ બેઠો અને બત્રીશ જાતની રસોઈ બનાવી.
તાંબાકુડી જળની ભરી આપી. રૂપોબારેઆ નાહ્યો. પછી
માલણ કહેછે હે રાજજી જમવા ઉઠો ત્યારે રૂપોબારેઆ કે-
હેછે હે બાઈ તું મને એક વાતના સાંધા જોડાં કરી આ-
પેતો બહુ સારૂ. પછી માલણ કહેછે ઘણુંય કર્યાછે ને ઘ-
ણાય કરીશ માટે તમે કહો. પછી રૂપોબારેઆ કહેછે કે આ
ગોકુરમાં બત્રીશ લક્ષણા પુરૂષ કેટલા છે? માલણ કહેછે
બત્રીશ લક્ષણા પુરૂષ બધુ છે—એકતો રાજા ભોજ છે બીજો
આપરો ચોરછે, ને ત્રીજો તો ધનપાળશા શેઠનો કુંવર કે-
શવદાસ છે. રૂપસંગે વિચાર કર્યો જે રાજા ભોજને મારૂં
તો બાલ્યું લાગ માળવો રંડાય અને આપરો ચોરતો ઉલટી
ગાદી ચોટલી બંધરી લે એવો છે. માટે મારતો ફોસી જા-
ન બાણીઆનેજ મારૂં એ વીચાર કરી માલણને કહેછે તું
મને જોના સાંધા જોડા કરી આપ. માલણ ધનપાળશા શે-
ઠને ઘેર જઈને રતનબાઈને કહેછે કે તમારો ભાઈ ઘણા
દીવસથી આવ્યાછે. તે આગારે જોહોલ ઉતરેલા છે માટે
તમે તેડવાને ચાલો. રતનબાઈ કહેછે મારે તો ભાઇજ નથો.
ત્યારે માલણ કહેછે કે તમારો જન્મ થયો નહોતો તેની પે-

પાંચસેં ગુપ્ત હે ઈસમે હમારી સેવા તું કયા કરેગા. રૂપો બારૈઓ કહે છે અરે મારા મહારાજ મારાથી જે બનશે તે કરીશ. પગ ચંપી કરીશ, ભાંગ તમાકુ ભરી આપીશ. પછી બાળનાથ કહે છે તો અચ્છા બચ્ચા તુમ અહીંયાં ઠરજા.

એમ ઘણાક દીવસ વીતી ગયા છે. રૂપો બારૈઓ બાવાની પાસે રહે છે. હવે એક દિવસ બાળનાથ મોજમાં બેઠા છે તે વખતે તે કહે છે–અરે બચ્ચા રૂપસંગ તારે ચ-ઢએસો ભાગ–રૂપો બારૈઓ કહે છે હે માહારાજ મારેતો તમારૂં એક વચન જોઇએ છીએ બાવો કહે છે તેરે ચઢએ તો રાજ ભાગ, ચઢએતો ધન ભાગ. તે વેળા રૂપસંગ કહે છે–એ સર્વે વાનાં મારે છે, પણ હુંતો એક તમારૂં વચન માગુછું. તે વખતે બાળનાથ કહે છે જા બચ્ચા હમેરા વચન હે. તે વખતે પછી રૂપસંગ કહે છે હે મારા બાવલીઆ મને વશીકરણ શીખવો. ત્યારે બાળનાથ કહે છે જો બચ્ચા વશીકરણ શીખવું હોય તો હું કહું તેટલાં વાનાં લાવ. એકતો અવળી ધાણીનુ સવા શેર તેલ લાવ, બીજી અવળા ચાકના સાત કોડીયાં લાવ ને બત્રીશ લક્ષણા પુરૂષનું માથું લાવ, પછી ત્યાંથી રૂપસંગ ચાલ્યો તે જ્યાં આગળ સ્ત્રીઓ પાણી ભરતી હતી ત્યાં આગળ પાણીના ઘાટ આગળ આવીને ઉભો રહ્યો. બધી સ્ત્રીઓ પાણી ભરીને જતી હતી આ પરદેશી માણસ એને કોણ બોલાવે. તેથી તે કુવા આગળ ઉભો ઉભો વિચાર કરેછે. એવામાં દુતી માલણ પાણી ભરવા આવી તેણે પૂછયું અરે ભાઈ તમે કોણછો અને અહીંયાં કેમ ઉભાછો ? તે વેળા રૂપસંગ કહે છે હું તેપા બારૈયાનો છોકરોછું અને

મામો ભાણેજ ના ઓળખ્યા, આંખડી કેરે હેત
કહાડી બડકને વાપર્યું, કોણ મામો કોણ ભાણેજ.

હવે તે વેળાએ પેલા ચંડાળ કહેછે.

પળખાં ન મારીશ વાણીયા, કુંવર કેશવ તારૂ નામ;
મારે શીખવું કામણ વશીકરણ, તારા મુસ્તકનું છે કામ.

એમ કહી તરવાર તાંણી ઘા કર્યો અને ધડ અને મુસ્તક ન્યૂનાં કર્યા ધડ હતું તે રેતમાં દાટયુ અને મુસ્તક લેઇ બાવા બાળનાથ પાસે ગયેા. બાળનાથે તે મુસ્તક ભગર કડીએ લટકાવ્યું અને તેની નીચે પેલાં કોડીયાં મુક્યાં તેમાં પેલું તેલ પુર્યું અને બાવાએ જે વેળાએ મંત્ર સાધવા માંડયેા છે તે વેળાએ મુસ્તક રૂદન કરેછે.

મુસ્તક રૂદન—બળતાંને શીદ બાળેા મેારા બાવાજીરે મેારા બાવાજી હાં, જીવડા શીદ બાળેા મેારા બાવાજીરે મેારા બાવાજી હાં, મુને લાગે અતી ઘણેા તાપ, તાપેને દાઝેરે મેારી દેહડા મેારી દેહડી હાં. રસેાઇએ નીપજ્યરે મેારી માતાજી રે મેારી માતાજી હાં. પગલાં નીહાળે મેારી માતાજી હાંરે મેારી માતાજી હાં. બળતાને શીદ બાળેા મેારા બાવાજીરે મેારા બાવાજી હાં, મુને લાગે અતીઘણેા તાપ, તાપને દાઝેરે મેારી દેહડી હેારે મેારી દેહડી હાં ગારે મુખે એકાદશી વ્રત, વાટડીને જુવે મારી માતજીરે મેારી માતાજી હાં. જીવતડાં શીદ બાળેા મેારા મામાજીરે મેારા મામાજી હેા. મુને લાગે અતીઘણેા તાપ, એ તાપને દાઝેરે મેારી દેહડીરે મેારી દેહડી હેા.

મામા તેંતેા માઠી કરી, આશેા કીધેા અન્યાય;
બળતાને શુ બાળેછે, ઘેર વાટ જુએ મેારી માય.

એવી રીતે રૂદન કરેછે હવે એ વાત ઇહાં રહી અને તે વખતે ઉજ્જનમાં શી વાત બની. પેલી રતનબાઈ છેાકરા-

હેલાંતો એ પરદેશ જવા નીકળેલા છે માટે તમને ખબર નથી. ત્યારે રતનભાઇ કહેછે કે જો ભાઇ થઇને આવતા હોયતો ચાલો તેડવા આવીએ. પછી વાજતે ગાજતે રૂપાબારૈઆને પોતાને ઘેર રતનભાઇ તેડી લાવ્યાં. ઘણાક દીવસ વીતી ગયા છે, એક એક બીજાને ઘણું હેત થયું છે. માગો ભાણેજ ભાણેજ કહેછે ને ભાણેજ મામો મામો કહેછે. એવામાં એકાદશીનો દીવસ આવ્યોછે. મામો કહે કે આજતો અમે ક્ષીપ્રા નદીએ નાહાવા જઇશું. ત્યારે કેશવદાસ કહેછે હું પણ મામા આવીશ. રૂપસંગ કહેછે ભાઇ ત્યાં તારૂં કામ નથી પણ કેશવદાસે માન્યું નહી ને વાંસે થયો. રૂપસંગે કેશવદાસને ખભે તેડી લીધો. ચાલ્યા ચાલ્યા જ્યાં જાય જ્યાં જાય જ્યાં જાય ઘાંચીને ઘેર આવ્યા ને ઘાંચીને કહેછે અવળી ઘાંણીનું સવાશેર તેલ કાઢી આપ. ઘાંચી કહેછે રાજા ભોજનું રાજછે જો વાત જાણે તો મને અવળી ઘાણીએ પીલી નાંખે. પછી રૂપસંગે પંદર રૂપીઆની મોહોર આપી એટલે સવાશેર તેલ કાઢી આપ્યું તે લઈ કુંભારને ઘેર ગયો ને કહ્યું અલ્યા પ્રજાપત અવળા ચાકનાં સાત કોડીઆં ઉતારી આપ કુંભારે કહ્યું રાજની બંધીછે ને વાત જાણે તો મને અવળી ઘાંણીએ પીલી મારી નાંખે તેવીજ પંદર રૂપીઆની મોહોર આપી એટલે કુંભારે અવળો ચાક ફેરવી સાત કોડીઆં ઉતારી આપ્યાં તે લેઈ રૂપસંગ ચાલ્યો, ચાલ્યો ચાલ્યો જ્યાં જાય જ્યાં જાય શેહેરબાહાર આવ્યો. રૂપસંગે કેશવદાસને ખભેથી ઉતારી આંગળીએ પકડ્યો ને બંને જણા ચાલ્યા ચાલ્યા જાયછે ત્યાં નદીને કાંઠે રેતમાં આવ્યા મામાની આંખ લાલ થઇછે તેથી બત્રી સલક્ષણો પુરૂષ કેશવદાસ કહેછે અને રૂપસંગ સાંભળે છે.

બાવા બાળનાથ પાસે આવીને ઉભી રહી ત્યારે બાળનાથે પુછયું તું અહીંયાં કેમ આવી છે, ત્યારે તેણે ઉત્તર આપ્યો કે આ માણસ મારે ઘેર આવ્યો હતો તે મારા છોકરાને ગામો થઇને શેહેર બાહાર લાવી રેતમાં મારી નાંખ્યો અને આ માથું મારા છોકરાનું છે. તેથી બાવાને ગુસ્સો ચઢ્યો તેણે રૂપસંગને કહ્યું અરે બચ્ચા જા ઓનું ધડ લેઇ આવ. રૂપસંગ ચાલ્યો ચાલ્યો જ્યાં આગળ ધડ દાટયું હતું ત્યાં આગળ આવ્યો ને ધડ લાવી બાવાની આગળ મુકયું. બાવાએ અમરીનો કુંચો છોંટી છોકરાને સજીવન કર્યો અને રૂપસંગને કહ્યું જે અરે બચ્ચા તું ભાણેજડા મુરતક લાયા તો અત્યારથી પાનદ્યા હોજ્ય.

રતનબાઈ રાજી થઇ દીકરાને લેઇ ઘેર આવી.

ચેલો રૂપો નાહો તે બીજે ગામ જઈ રહ્યો ને હાથના ચાળા કરતો ટાબોટા પાડતો પોતાનો બાપ જ્યાં રાજ કરતો હતો ત્યાં ગયો. લોકે રાજાને ખબર કરી કે તેણે પોતાની પાસે બોલાવી જોયો તો દીકરો હીજડો થઇ ગએલો દીઠો. બાઇડીઓની પેઠે કુટે, તાબોટા પાડે, નાચે ને હાથના ચાળા કરે. બાપે તેને ઓરડામાં પુરી મુકયો. એ પછી બેચરાજીએ માવ કમાળીઆને સ્વપ્નુ દીધું કે વરસાલ ગામમાં રાજાનો દીકરો ગારો ભગત થયો છે તેને બોલાવી લાવો કમાલીઆ ત્યાં ગયા. અને રાજાને કહ્યું કે અગને માતાએ મોકલ્યા છે. તમારે ઘેર માતાનો ભગત થયો છે તેને કહાડો. માતા તેડે છે. રાજા કહે માતાનો કોપ હશે તો બારણાં ઉઘડી જશે. ઓરડીનાં તળાં તડા તડ તુટી ગયાં ને રૂપો બારેઓ અદો ભવાની મા જે કરે કહેતો બાદાર નીસર્યો ને કમાલીઆ જોડે જવા લાગ્યો. રૂપા બારેઆને ઓના બાપે કહ્યું તારે જે જોઇએ તે માગ.

ની બોળમાં પડી. ઘણોએ શોધ્યો પણ કાંઈ જડયો નહીં તે વારે તે રોતી રોતી રાજા કને ગઇ અને બોલી જે મારો ભાઈ થઈ ને કોઇ આવ્યો હતો તે ઘણાક દીવસથી ગારે ઘેર રેહેતો હતો તે મારા છોકરાને લેઇને ગયોછે તે હજુએ આવ્યો નથી. રાજાએ તેને ધીરજ આપી પંડે બોળવા નીકળ્યો છે, સંગાતે ખાપરા ચોરને પણ લીધો છે અને પગલું ધાંચીને ઘેર ગયું. ધાંચીએકહ્યું એક આદમી છોકરો લેઇને આવ્યો હતો ને તેને મેં કુંભારવાડે જતો દીઠો કુંભારને ઘેર પગલું ગયું. કુંભારે પણ માન્યુ અને કહ્યું કે તે માણસ નહી ભણી ગયો. નદીએ ગયા તો રેતમાં લોહી માલમ પડયું. ત્યાં બોળ કરી તો પેલું દાટેલું ધડ મળ્યું રતનબાઇએ ઓળખ્યું ને બહુ કલપાંત કરવા માંડયું તે ચાલી ચાલી બાવાની મઢીની પછાડી જઇને વીલાપ કરવા લાગી.

પુષ્પ વિના ઝુરે પીંપળી, ફળ વિના ઝુરે જાય;
એમ બંધવ વિના ઝુરે બેનડી, તેમ પુત્ર વિના ઝુરે માય.
ઘર નમ્યું તો ભલે નમ્યું, તું કયાં નમ્યો ઘરનો મોભ;
પણ જે ઘેરથી પૂત્ર ઉઠી ગયા, તે ઘેર સદાએ શોકના શોક.
વાંજ પોકારે થર થકી, હું કયાં જન્મી મોરી માય;
પુત્ર નહીં મેલ્યો પારણે, મને વહુવર ના લાગી પાય.

એમ વીલાપ કરતી હતી તે બાવાએ સાંભળ્યું. બાવાએ રૂપસંગને કહ્યું બચ્ચા એ કોણ પોકાર કરતે હે? રૂપસંગે કહ્યું અરે બાહારાજ એવાં તો રોગીઆં ઘણાક આવશે એમ કહી રૂપસંગે ગણગાર્યું નહીં. ત્યારે બાવો કહે છે, તું જો કે એ કોણ છે અને અહીં કેમ આવીછે. રૂપસંગ બાહાર આવ્યો ત્યારે રતનબાઇને દીઠી. રતનબાઇ

માતાએ બાવાનો સરાપ વાળ્યો ને કહ્યું કે જા તું પુરૂષ થઇને તારા બાપનું રાજ કર. એમ કહેતામાં તે પાછો પુરૂષ થયો. પોતાને ગામ ગયો અને બાપની પછી ગાદીએ બેઠો ઇડી રીતે રાજ કરી બાધું પીધું ને મોજ કરી બોલો શ્રી બોચર માતકી જે.

(ગાય છે) ચોસટ જોગણી આનંદ નાચે, ગીત ગાવે જે ગોળી મધુરી મધુરી મરદંગ વાગે, તાળ વગાડે તોતળામાં એક એક કર હસંતી રમે હાથે લેતી તાળી. આં, કરજોડ કર ઢાનઇઓ બોલે રમે જોગ બોળી.

રાજા દેગમ.

મેલણી રાગ સોરઠ.

'ચંપામાળીરે તારી સુધડ વાડી, તારી વાડી ને તારા બાપની વાડી, ઓ ચંપામાળીડારે તારી સુધડવાડી.'

એવા થઇ તા થઇ.

ચંપો માળી આવે છે ને કહે છે ઓહો ભાઇ નાઓક તમે મને ઓળખ્યો ? વશુવેળાવળ પટણના જોગરા માળીનો હું છોકરો. ચંપો મારૂ નામ. એક દહાડાનો સમાજોગ છે તેવારે હું નિશાળમાં ભણવા બેઠો હતો, વશુવેળાવળ રાજનો કુંવર દેધમ પણ નિશાળે ભણવા આવે. ભણતાં ભણતાં અમારે ને એમને ઘણી માયા થઇ. દેધમ કહે અલ્યા માળી માગ જે જોઇએ તે માગ. મેં કહું મહારાજ વેણ આલો કે, જેવારે તમે ગાદીએ બેસો તેવારે મને પરધાનપદું આપવું. કુંવર કહે જા તેમ કરીશ. પછે

કાંઈ જોઇએ છીએ આ છેલ્લું ગળવું છે. હીજડો કહે છે મને સાસર વાસો કરો. તેને મન ગમતાં લુગડાં વગેરે આપવાને નેપો બારૈઓ તેને ચોટે તેડી ગયો છે.

ગાણું. ચાલ્યા ચાલ્યા ડોસીડાને હાટ, ચુંદડીઓ વસાવે નેપોબારૈઓ હોરે નેપોબારૈઓરે. ૨પસંગ પાવઇઓ રે ચાલ્યા ચાલ્યા સોનીડાને હાટ, વાળીઓ વસાવે નેપો બારૈઓ હોરે નેપોબારૈઓરે. ૨પસંગ પાવઇઓરે ચાલ્યા ચાલ્યા જનહાળીને હાટ મોઝડીઓ વસાવે નેપોબારૈઓરે નેપોબારૈઓ હોરે. ૨પસંગ પાવઇઓરે વાહાડુ વાહાડુ આંબલીઆની ડાળ તેના ઘડાવું ડમર દાખલાં હોરે ડમર દાખલાં હોરે. દાખલાં ફેરા સરવા સરવા સાદ તેનેરે મોલ્હારે ચોસટ જોગણી ચોસટ જોગણી હોરે. ધાંચી માગુ, મોચી માગું માગું સઇને સુતાર, એક ના માગું રે ઊભડ વાણીઓ હોરે ઊભડ વાણીયોરે. જતી વખતે રાજાએ હીજડાને આટલા ધંધા ઉપર બરસે રૂ. ૧૧ નો ફર કરી આપ્યો. એ ફર લેતો લેતો ચામડીઆના કુંડે ગયો, ચામડીઆને કહે લાવ મારો ફર ચામડીઓ કહે આગળ મારો રાજા હતો પણ હવેતો મારો જાચક છે ઉભો રહે ઉતાવળ ના કર. અડધો રૂપીઓ લેઈ કુંડના પાણીમાં બોલી કહે લે બોલ કૃષ્ણારપણ. એ સાંભળી હીજડાને કાળ ચઢયો. તેથી કટારી લેઈ પોતાના પેટમાં મારવા ગયો. તેવારે ચામડીઆએ કહ્યું કે રાખ અલ્યા અહીં મરે છે તે કરતાં બેચરાજી જઈને મરકે તારા આત્માનું કલ્યાણ થાય. હીજડાને ગમાન થયું કે વાત સાચી, ચામડીઆના કુંડ આગળ મરૂં તે કરતાં માતા આગળ જઇને મરૂં તે ઠીક. પછી તે માતાએ ગયો ને મરવા માંડયું. તે જોઇ

બંધન છોડયાં પ્રેલાદના સ્વામી, રાજ ભભીક્ષણને આપ્યેા.
હુંડી તણા હજાર, પારખ થઇ પુરા કર્યા;
મેહેતા નરસાઇઆને આપ્યેા હાર, સભામાં શ્રીનાથજી.
ધન ધન રાજા વૈશેાચન, જેણે ભણી જાએા જસવંત;
ત્રીકમ તાણ્યું ધણું, શ્રી કૃષ્ણ ઓડાયેા હથ.
(ચડાવીને) શ્રી કૃષ્ણ ઓડાયેા હાયજી રે, શ્રીકૃષ્ણ
ઓડાયેા હાયજીરે. ઘેંતેં—પડદામાંથી ગાતેા દેધમરાજા બા-
હાર આવે છે.—

'રામનું નામ જપેા ગેારા ભાઇ. રામ ના જપે
તેને રામ દવાઈ, રામનું નામ જપેા મેારા ભાઇ. આની
હારે ભાઇ રાજા હેાય તે પરજાને પાળે, ને પરજા તે તેા
પુન્ય સંભારે, માતા હેાય તે પુત્રને પાળે, પુત્ર તેતેા ફૂળ
અજવાળે. રામનું નામ જપેા મેારા ભાઇ.' (ચડાવીને)
રામનું નામ જપેા મેારા ભાઈ, જપેા મેારા ભાઇ.' ઘેંતેં
ઘેંતેં, ઘેંતેં તા થઇ તા થઇ.

રાજા—એા ભાઇ નાએક અમે ને ચંપેામાણી શી-
કારે રમવા નીકળ્યા છીએ, ને ચંપેા જુદેા પડયેા છે,
તેને તમે દીઠેા છે.

નાએક—હા અહીંથી હમણા ગયેા ભરેા, બેાલાવેા
આવશે.

રાજા—ચંપામાળી હેાત.

વેગળેથી ચપેા જવાબ દેછે, 'હેા રાજા હેાત' રા-
જા પુછેછે તુ કયાં છે. ચંપેા કહે છે આ રહેા. એમ એક
એકનેા સાદ સાંભળે છે પણ દેખાતા નથી, કેમકે તેઓ
ડુંગરના જુદા જુદા ભાગમાં છે ને વચમાં ઝાડી ઝાડીછે.
પછી કેટલીકવારે મળે છે ત્યારે ચંપેા કહે છે ઝવાર રાજા

જ્યારે દેધમના પીતા પડચા ત્યારે તે ગાદીએ બેઠો, પણ ચંપાની ખબર લીધી નહી, એતો વાતજ ભુલી ગયા. ચંપા માળીએ વિચાર કીધો કે હું એકાએક જઇને કહું પણ કેમ કે મને કારભાર આપેા; વખતે રાજા બીજી પડે માટે કાંઇ હિકમત કરીને માગુતો ઠીક. કેડ બાંધીને પેાતે કચ્છ દેશમાં ગયેા. ત્યાંથી ઘેાડા લાવ્યેા ને રાજાને નજરાનેા કર્યો. રાજાએ પુછયું કેાના ઘેાડા છે? સપાઈ કહે મહારાજ કેાઈ સેાદાગર લાવ્યેા છે. રાજા કહે બેાલાવેા મારી પાસ. ચંપાએ જઇ સલામ કરી ત્યારે રાજાએ ઓળખ્યેા, ને પુછયું અલ્યા તું ચંપેામાળી. ચંપે કહ્યું હા મહારાજ. રાજા કહે એહેા તારે આટલી બધી મહેનત શા સારૂ લેવી જોઇએ. ચંપેા કહે સાહેબ તમારે સારૂ, પણ પેલું વચન આપ્યું હતુ તે સાંભરે છે. રાજા કહે અરૂં બાપ મને વીસરી ગયું, ભલું તેં ઈઆદ આપ્યું. એમ કહી તરત પાવડી બંધાવી ચંપાને પરધાનવટું સેાંપ્યું. એક દહાડાનેા જોગ છે. હું (ચંપેા) ને મારેા રાજા શીકાર રમવા નીકલ્યા છીએ ને જુદા પડચા. આગળથી આવ્યેા હું ને પાછળથી આવે મારેા રાજા દેધમ તેા સમેળેા કરજે તું.

ભવાયા ગાય છે. રાગ બીલાવર. (એ રાગ સવારે બેરવી પછી ગાય છે)

'આણી વેળા હરને સમરીએ હેા, ઇશ્વર કમકમ લેાક;
જેને ૩ઠે નવનીધ પામીએ, ભેાજન ટીલક તંબેાળરે.
પ્રભુના નામ વના વાણી અવર્થા, સપુત્ર વના કુળ જેમ;
ઘૃત વના ભેાજન ભીમ ભણે, એમ દયા વના ધરમ તેમ.
તે સધાર્યેા રાજા હરીચંદ્રને, દુને અચીચળ થાપ્યેા;

પદમણી નારીને ચોહોર નિંદ્રા, એ ચોહોર નિંદ્રા હસ્તની;
ચંતની નારીને ત્રણ ચોહોર, અઘોર નિંદ્રા એ સંખણી.

ચંપો—એજ એ છેલી કહી તેવી; દહોડ ચોહોર દહાડે ઉઠે છે.

રાજા—તે પદમણી નહીં. પદમણી નારીનું બીજું લખાણ કહું.—

પદમણી નારીને વામ કેશ, અદ વામ એ હસ્તની;
પા વામ કેશ એ ચંતની, ને ભુત કેશ એ સંખણી.

ચંપો—એજ રાજા છેલી કહી એજ.

રાજા—તારે તે શું રાખ જોઇ, એતો સંખણી.

ચંપો—ના પદમણી હતી.

રાજા—તારે તેને ભુત કેશ કેમ? વારૂં આપણે એ-ને બોલાવીએ, તેના બોલ પરથી, તેના ધાંટાપરથી પા-રખીશું કે પદમણી છે કે નહીં. હું બોલાવું છું. હુંગર બેહી દીકોલડી રે હો.

ચંપો—હુંગર બેહી બોલડી રે હો.

રાજા—મેર હઇગાકુટા, બોલડી શું કહે છે, દીકા-લડી કહેને.

ચંપો—હા રાજા બેજરતો પોલડી.

રાજા—નહીં, નહીં, હું કહું તેમ કહેને.

ચંપો—આવડતુ નથી તે શું કર.

રાજા—નથી આવડતું તો મારા મોંમાંથી વેણ નિ-સરે તેવું ઝાલી લે. (હુંગર બેહી એટલું કહે છે એવામાં ચંપો તેને મોડે હાથ દેછે)

રાજા—અલ્યા એ શું કરે છે?

ચંપો—તમે કહ્યુંને કે વેણ નીકળે તે ઝાલી લેજો,

રાજા—બાપ અત્યાર સુધી કયાં ગયેાતેા?

ચંપેા—રાજાજી તમે આણી પાસ આવ્યા, ને હું પેલી પાસ ગયેા.

રાજા—ચંપામાળી જો આ પરભાતનું વખત થયું છે, આપણ શીવજીની પુજા કરીએ.

કે જા ચંપા એની વાડીએ, લાવે સેારંગા પુલ;
દાતણ કરી દેરાસર પુજીએ, મને મારગ થાય અસુર.

ચંપેા—રાજા બેસેા હું હુંગરામાંથી પુલ લઇ આવું.

એમ કહાને ગયેા તે બેચાર ઘડી થઇ પણ આવ્યેા નહીં ને રાજા તપી ગયેા, ને બેાલ્યેા.

મુવેા કે મરાવીએા, તુજ સર પડીઆ ઘાય;
શકેતેા વાધે વડારીએા કે હુંએા તેારી માય.

ચંપે એ સાંભલ્યું ને ઉત્તર કર્યેા કે,

નથી માર્યેા કે મુવેા પડયેા, નથી પડીઆ શર ઘાય;
હુંગરે બેઠી દીકેાલડી, મે દીઠી દેધમ રાય.

રાજા પાસે આવ્યેા ત્યારે પુછયું, અલ્યા આટલી વાર કેમ થઇ

ચંપેા—મહારાજ મેં એક પદમણી જોઇ, તે તમારા લાગની છે, તેને જોવા રહ્યેા ને વાર લાગી.

રાજા—તું પદમણીને ઓળખે છે? પદમણી કેને કહે છે? તું માળી તું પદમણીની વાતમાં શું જાણે. જો આટલાં લક્ષણ હેાયતેા પદમણી ખરી.

પાશેર જમે તે નારી પદમણી, અઢેર જમે તે હસ્તની.
પાણેાશેર જમે તે નારી ચંતની, સાત ગળાગળ એ સંખણી;
પદમણી નારીને પાન વાહાલાં, હાર વાહાલેા હેાય હસ્તની.
ચંતની નારી ચાલ વાહાલી, કળેા વાહાલેા એ સંખણી;

એને કાંઇ હીર ચીર નહીં હોય, ઝાડના પાના પેહેરી રહે-
તી હશે, તેથી હીર ચીર વખાણીશું તો લલચાએ બરી.
(ગાય છે) અમારા દેશમાં હીર ચીર અટકુળ પટકુળ
પામરી, વણીઆ વણુકર સાર; તજને તારા સાગ પાંદડાં,
તું કર દેધમ બારથાર.

પદમણી—શું કરૂં તારાં હીર ચીર અટકુળ પટકુળ
પામરી, વણીઆ વણુકર સાર; ભલાં મારાં વનના સાગ
પત્રાં, મને દીધા દેવ મોરાર.

ચંપો—ના લલચાઈ રાજા.

રાજા—ત્યારે ભોજન વખાણો, તે કાંઇ એની નજ-
રમાં આવે છે.

ચંપો—મારા રાજાને દાળ શાળ, ઘરત ઘેબરાં. શે-
વઇઆ લાડુ અપાર.

પદમણી—ભલાં મારાં વનનાં વનફળાં, તે મને દીધાં
દેવ મોરાર.

રાજા—આપણું શેહેર વખાણીશું ?

ચંપો—હા. મારા રાજાને વશુ વેળાવળ, પટણ,
તોરી આહારે લખ; બીજાં છાજર ઝુંપડાં, તેનો પાર નહીં
આસંખ.

પદમણી—ગાય કેગ છેડે વાછડો, માતા કેગ છંડે
બાળ; હું કેમ છંડુ મારો પણછીઓ, તે વરતે ઓકાકાર;
વન ચંપા પાછો ફરી તારો કોણ છે દેધમરાય; જો આવશે
મારો વીરતો, તને તાણી મારશે તીર.

ચંપો—મહારાજ નથી આવતી.

રાજા—કરસણ ધરથી દોડીઆ બોલાવોને જુધ કરી
રીને લઈશું.

તે ઝાલી લઉછું.

રાજા—ના એમ નહીં હું બોલું તે અખેરે અખેરે વેણી લેવા. હુંગર બેઠી દીકોલડી, (એટલું ચંપો ભાંએ વીણી લેવાના પ્રાંફા મારે છે.)

રાજા—ચંપા એ શું કરે છે?

ચંપો—તમારા બોલ વેણુછું, એતો કાંઇ હાથમાં આવતા નથી.

રાજા—નાના એમ નહીં, હું કહુછું શું ને તું કરે છે શું, મારૂં સાળું માળું તે શું કારભાર કરે; આટલું નથી આવડતું તો બીજું શું આવડશે. હું બોલું તે અહીએ રાખ. હુંગર બેઠી દીકોલડી. ચંપે રાજાની છાતી દાબી છે, ત્યારે રાજા કહે છે અલ્યા છાતી કેમ દાબે છે?

ચંપો—તમે કહ્યુ ને કે અહીએ રાખ, તે અહીએ રાખુછું.

રાજા—એમ નહીં હું બોલું તેમ તુ બોલ.

ચંપો—હા એમ કહેાને હવે સમુ સમજ્યો.

રાજા—હુંગર બેઠી દીકોલડી, તારે કાને ઝબુકે ઝાલરે;
રાજા દેધમ તેડાં મોકલે, તું વેગે વેહેલી ચાલરે.

ચંપો એ પ્રમાણે કહે છે તેનો જવાબ પદમણી દેછેકે,

વૈશ ગામ વૈશાવળી, તાંહાં મારૂં પરણેત;
જા ચંપા પાછો વળી, મારે વાલમ એક.

રાજા—અલ્યા બોલી, એ પદમણી તો બરી. એનો સાદ ને ચાતુરી દેખાડે છે કે પદમણી બરી.

ચંપો—એનો ઉત્તર સાંભળ્યો, એતો રાંડ પરતીવરતા ધરમ પાળે છે, એ કહેછે મારેતો સામી છે.

રાજા—અલ્યા ચંપા એ ગા વનમાં રહેનારી છે,

વજે, ને નેસરણી કરાવજે.

ચંપો—કુવાનું શું કામ છે ડાક્ટાર?

દોડીઆ—અમારામાં કોઇ આંધળા છે, કોઇ લુલાછે, કોઈ કેવા છે. કાંઇક ઉપાળો, હાંક, ધુમાટ થાયતો કુવામાં ઉતરીને ઢાકણું દઈ દે ને વારૂ અમને ચેમ બોલાવ્યા છે તે કહેને ભા.

ચંપો—પદરણી લેવા જવું છે.

દોડીઆ—હીક, પણ કોઇ મરે, કોઈ ઘાય પડે, ઘવાય, તેમનું રાજા ચેમ કરશે?

ચંપો—જે વાસે પડધાસે તેમને રાજા પાટોપેન કરાવશે તે મરશે તેમનાં બારમા કરશે.

દોડીઆ—બારમા ચ્યારે કરશે?

ચંપો—મુવાકેડે બારે દહાડે.

દોડીઆ—ના તેમ નહીં. અમારા બારમાં કોઇ બાય? અમારા બારમાં હમે હમણા બાઈશું, કે બાના મરીએ. આ રાવણાના એક પછી એક કરો નહીં તો જઇશું પાછા.

ચંપો—હે રાજ આ મુવા રજપુતાં પોતાના બારમા પહેલાં કરવા માગે છે.

રાજા—હીક તેમ કરો.

ચંપો—દોડીઆ ડાક્ટાર રાજા હા કહે છે, તમારા બારમા તમને જીવતા ખવડાવશે.

દોડીઆ—બોલ ભા અમારા મહીના ચેટલા? રાજાને પુછ અમારા મહીના ચેટલા.

ચંપો—તગારે મોડે માગી લો, બોલો કેટલો મહીનો લેશો?

દોડીઆ—બા હારે હારે એગને પુછ, એમને પૂછતો બાવ.

ચંપો—દોડીઆજી દોડીઆજી હોત.

દોડીઆ—હો હો હોત, એ આવ્યા ભા આવ્યા, પોતાં પોતાં.

દોડીઆ રજપુતો આવ્યા તેની મેળણી. રાગ સોરઠ 'લુંબે ઝુંબેને હકરાળાં, લુંબે ઝુંબે મારા રાજજી.' એસા થઇ તા થઇ.

દોડીઆ આવી ઉભા રહે છે. ખુબ અફીણ ખાધાં છે, કસુંબા પીધા છે, ફાટાં તુટાં લુગડાં પહેર્યાં છે, ડોલ્યાં આય છે, એક એક જોડે અથડાએ, લથડી પડે, કોઇની પાઘડી પડે. હાથમાં હથીઆર પણ એવી હાલતને શોભે તેવાં.

દોડીઆ—અલ્યા ચાંપા અમને કેણે બોલાવ્યા ?

ચંપો—રાજા દેધમે બોલાવ્યા ઠાકોર.

દોડીઆ—ચેમ બોલાવ્યા ભા ? ને બોલાવ્યા તો ભલે બોલાવ્યા, પણ અમારી ખબર લેશે કે નહીં. અમારે અફેણ જોઇએ, તમાકુ જોઇએ, રોટલાનું કરો, બાંધાપી ધાનું કરો, અમારો ઉતારો ચ્યાં ભા ?

ચંપો—તમારો ઉતારો ચોરામાં આપ્યો જએો.

દોડીઆ—સારૂ ભા. જીએ છીએ, પણ કહે ગામની ભાગોળો ચેટલી છે.

ચંપો—ભાગળતો એક છે એક.

દોડીઆ—તારે ના રહીએ.

ચંપો—ત્યારે કેટલી જોઇએ ?

દોડીઆ—બાર ભાગળો કર. હાકટ મુખ કાંઇ હોયતો નાશીતો જીએ, એક હોયતો ઘેરાયા પછી ચ્યાં જીએ. ને બાર ભાગોળે બાર કૂવા કરાવજે, ને કૂવાને ઢાંકણાં કરા.

ચંપો—દુટાજી રામ રામ.
દુટાજી—રામ રામ ભા.
ચંપો—તમારો મહીનો ?
દુટાજી—આપણો શો મહીનો ભા; પાંચ ક્રોડી લ-
ખ, નવટાંક અઢેણ ભા, ને શેરડીના કુચા ઉપર આવાને.
ચંપો—હવે કોઈ બાકી રહ્યુ ?
દોડીઆ—સુરદાસજી રીહાવે ભા.
ચંપો—હે સુરદાસજી.
સુરદાસજી—કુણ છે, કુણ છે ભા.
ચંપો—એતો હું ચંપોમાળી.
સુરદાસજી—અલ્યા ચાપું કે ?
ચંપો—તમારો મહીનો લખાવો.
સુરદાસજી—એક પૈસામાં સવા પસો ઓછો લખ
ભા. એક જારનો રોટલો લખ ભા, ને દોઢ નવટાંક અઢે-
ણ લખ ભા, નત ખાવાને જોઇએ.
મોટાજી—ચાંપાજી મહીનો લખ્યા, રાતળ લખી,
અઢેણ લખ્યું ?
ચંપો—હા મોટાજી.
મોટાજી—તાણે તારા રાજાને પુછ કે ચીઆ મારા-
માં વઢવા ચઢીશું.
ચંપો—કારતક માગસરમાં.
મોટાજી—ના એમતો નહીં, એની ધુનતે આણું,
અમારે નોકરી નથી કરવી. કાચંડાની ને રજપુતાની તાઢ
ઉડ્ય નહીં, ને અમારાથી વઢાય નહીં. રાજાને કહે અમે
પાછા જઇશું.
ચંપો—લો રહ્યું, શીખાળો રહ્યો; ચરિતર વઈસાખે
ઉનાળામાં ચડજો.

ચંપો—નરાતારજી ઠાકોર, કહો તમારો મહીનો કેટલો?

નરાતારજી—ચાર પાઇઓ લખો. ભા, ને ઉપર એક મઠનો રોટલો, રોટલો મઠનો હો ભા, ને ધધાડીનું દૂધ, ટાઢું. મહીનાપર એટલું જોઇએ ભા. એ રાતેબ ભા, મઠનો રોટલો ને ધધાડીનું દૂધ જોઇએ ભા. અમે આ બીજા ભા કને જા; આ નખોદજી ઉભા એમને પુછો.

ચંપો—નખોદજી ઠાકોર, ઓ નખોદજી ઠાકોર.

નખોદજી—હું ભા હું એમ છે, અલ્યા ચાંપા એમછે?

ચંપો—તમારો મહીનો લખાવો ઠાકોર.

નખોદજી—પાંચ પાઇઓ લખ ભા, ને એક બોબો બાજરી ને અઢેણ. અઢેણ ઉપર બાજરી બાઇશું તારે અઢેણ ચડશે ભા. એક પોહો (પોસો) બાજરી ભા. જા અમે જલુણ દરજી પાહે.

ચંપો—જલુણ દરજી રામ રામ.

જલુણદરજી—કુણ હશે? શું કહોછો?

ચંપો—હું ચંપોભાળી. તમારો મહીનો કહો.

જલુણ—મહીનોતો ભા, હાત પાઇઓ લખો ભા. આ અગાડું પેટ મોહું ભા. ઉપર સાટીબોબા એક પોહ. એ રાતેબ ભા, ને બકરીનું દૂધ ભા, એ રાતેબ અમારી બાવાની. અમે મોટોજીની પાહે જા.

ચંપો—મોટોજી કોણ છે? મોટોજી, તમારામાં મોટો કોણ છે?

મોટોજી—પ્રભુ મોટો, જે મોટો હોય તે મોટો.

ચંપો—તમારો મહીનો કોહો ઠાકોર.

મોટોજી—સવા પૈસો મહીનો લખ, ને રાતબ કાંઈ બાવા. સવાશેર અઢેણ નત બાવા જોઇએ, કાંટે ચડાવીને બાઉછું ભા. અવે ટુટાજીતો લખો.

ચંપો—દુદાજી રામ રામ.
દુદાજી—રામ રામ ભા.
ચંપો—તમારો મહીનો ?
દુદાજી—આપણો શો મહીનો ભા; પાંચ ક્રોડી લ-
ખ, નવટાંક અફેણ ભા, ને શેરડીના કુચા ઉપર આવાને.
ચંપો—હવે કોઈ બાકી રહ્યુ ?
દોડીઆ—સુરદાસજી રીહાને ભા.
ચંપો—હે સુરદાસજી.
સુરદાસજી—કુણ છે, કુણ છે ભા.
ચંપો—એતો હું ચંપોમાળી.
સુરદાસજી—અલ્યા ચાપુ કે ?
ચંપો—તમારો મહીનો લખાવો.
સુરદાસજી—એક પૈસામાં સવા પસો ઓછો લખ
ભા. એક ખરનો રોટલો લખ ભા, ને દોઢ નવટાંક અફે-
ણ લખ ભા, નત આવાને જોઇએ.
મોટાજી—ચાંપાજી મહીનો લખ્યા, રાતણ લખી,
અફેણ લખ્યું ?
ચંપો—હા મોટાજી.
મોટાજી—તાણે તારા રાજને પુછ કે ચીઆ માસ-
માં વઢવા ચઢીશું.
ચંપો—કારતક માગસરમાં.
મોટાજી—ના ઓગતો નહીં, એની ખુતને આણું,
અમારે નોકરી નથી કરવી. કાચંડાની ને રજપુતાની તાઢ
ઉડજ નહીં, ને અમારાથી વઢાય નહીં. રાજને કહે અમે
પાછા જઇશું.
ચંપો—લો રહ્યું, શીઆળો રહો; ચક્રતિર વઇસાણે
ઉનાળામાં ચડજો.

મોટાજી—નાખ્યા બખતર તપી જાય, બંદુકો તપી જાય, ઘોડા તપી જાય તે ના.

ચંપો—તારે ઓભાસામાં ચડજો.

મોટાજી—ના ભા ના, જામનગરી બુન્નઈ જાય, ઘોડા કાદવમાં કળી જાય, ઓભાસામાં ના ચડાય.

ચંપો—મરો મુવા ત્રણે રત નહીં ત્યારે કેવારે ચડશો?

મોટાજી—તારા રાજાને કહે એ બારે મહીના રહ્યા ને અધીક મહીનો કાઢ.

ચંપો—અધીક મહીને ચડશો, લ્યો અધીક મહીનો કાઢ્યો, ચડો.

મોટાજી—તો ઠીક પણ પેલો મીર ક્યાં જ્યો, જરા મજરો કર, રાવણાનો મજરો.

મીર—લ્યો રાજ કરું રાજ. સારંગી કહાડીને ગાયછે બાલમ રેન થોડીરે, સુતી મને કયું ન જગાઇરે, બાલમ રેન થોડીરે. એક અંધારી ઓરડી, દુજી બેરણ રાત, તીન ઢોલીઓ સાંકડો, મારો નગણ ગારો નાવ, બાલમ રન થોડીરે, મને કયું ન જગાઇરે બાલમ રેન થોડી.

દોડીઆ—વા ભા વા! વાવા બાવા! ગાય તીઆરે અમને સંભરાવજે.

મીર—તો આ શું કરું છું?

મોટાજી—મેંતો જાણ્યું, પટલાંનું પાડું રેંકેછે.

મીર—પાડું શું રેંક, હું ગાઉછું.

દોડીઆ—હાબા હા. હાબા (એમ કેહેતા જાય ને માથાં હલાવતા જાય.) હા. 'પ્રાણીઆને પાપડીઓ અવરાવ' એ ગા.

મીર—શું ગાઉ કાલનો ભુખ્યોછું, રોટલાનું કરો.

દોડીઆ—નરાતારજીરે ઘેર જા.
મીર—હે નરાતારજી ભુખ્યોછું રોટલાનું કરો.
નરોતજી—અરે ભા હુંજ બે દહાડાનું ભુખ્યું ને તને
કયાંથી આપું. જા ગામમાં રબારીવાડે જા. છાશ પી આ-
વ ને અમારો મજરો કર કોક રોટલો આપેતો મારે સારૂ
કકડો લાવજે, તુતો ઘરનો મીરછે. નહીતો જા મોટાજીને
ઘેર જા.
મીર—મોટાજી ભુખ્યોછું, રોટલો.
મોટાજી—રોટલો ક્યાંથી આણું, ત્રણ દહાડા થયા
મીજ નથી આધોને, તારો દીકરો હોય તેણે આધો હોય
ણા. જલુંણુદરજીને તાં જા.
મીર—એા જલુણુદરજી તમારો વારો આવ્યો.
જલુણુ૦—શાનો તાવનો ?
મીર—નાના રૂપીઆ આલવાનો.
જલુણુ૦—અરે ભા મારૂ ચેટલું તો, એનું તો પૂરં ક-
રૂં પછી તને, ભા તુ સુરદાસને ઘેર જા.
મીર—સુરદાસજી ઠાકોર હું ભુખ્યોછું રોટલો,
સુરદાસ—રોટલો ભા રોટલો મારે જોઇએને તને
ક્યાંથી આલું, તું ટુટાજીને ઘેર જા આલશે.
મીર—ટુટાજી, હે ટુટાજી રોટલો અવરાવો.
ટુટાજી—બા રોટલોતો નથી પણ મજરો કરને તારે
ઘેર જઇને આજે.
મીર—મરો શાળાઓ આવા ના આલો ને મજરો
મફત કરાવો, નહીં કરૂં.
રજપુત કાયર રોટલે, તરીઆ કાયર દુધ;
કણબી કાયર કરસણે, ને વણીક કાયર જુધ.

ચંપો—અલ્યા દોડીઆ રાવણું બાવણું જવાદોને, રાજા કેહેછે ચડો હવે.

મોટાજી—લો ભા હેંડો તીઆરી કરો. સઘળા દોડીઆ હોં હોં હોં હોં કરેછે, વાજાં વાગે ને ગાનારા ગાયછે. ‘ઓરે મતવાલનીલોરે, ઓરે મતવાલનીલોરે.’ એક રજપૂત જુધ કરેછે ને પડેછે. પડયો કે તેને ધસડી લઇ જાય, ને બીજો ચડેછે ને મરેછે, એમ બધા પૂરા થાયછે ત્યારે રાજા ચંપાને પુછેછે કે અલ્યા શું થયું ?

ચંપો—દોડીઆતો પડયા ને પદમણી ના આવી.

રાજા—હીંડો તારે હવે હું ચહુંછું. ઉઠોરે દોડીઆ, જાઓ. રાજા લડેછે, તે વખત ગવઇઆ ગાયછે, ‘ઓરે મતવાલની લોરે.’

રાજા પદમણીને જીતી લાવેછે ત્યારે દોડીઆ કેહેછે લાવ્યા લાવ્યા. એક કેહે હું લાવ્યો, બીજો કેહે હું લાવ્યો, એમ બધા દાવો કરેછે. ત્યારે રાજા કેહેછે બોલાવો જે પદમણી લાવ્યો હોય તેને, તેના નાક કાન વાઢું; તેવારે પેલો કેહે હું નથી લાવ્યો, પેલો કેહે હું નથી લાવ્યો, એમ સહુ ના કેહેછે. રાજા કેહેછે એમને સરપાવ આપી વદાય કરો. દોડીઆ જાયછે. વખત હોયતો પદમણી ગાય અને નાચે.

બાવાનો વેશ.

બાવો.....ગામમાં મંદીર કરી રહ્યો.

રામકલી.....બાવાની વહુ.

જાનકી.....બાવાની બીજી વહુ.

નાયક.....વેશમાં પૂછનાર.

રંગલો.....હસાવનાર.

ધોકણીઓ.....બાવાનો છોકરો.

બાવો અને તેનો છોકરો ધોકણીઓ આવે છે.

બાપ દીકરો આવણું ગાયછે—જે બોલેંગે રામ દેલાવ; જમનાજીપર રામ દેલાવ; તેરી જે બોલેંગે રામ દેલાવ; હરીભગત હૈ રામ દીલાવ; શેર આટાકો રામ દેલાવ. રામધુન લગી; ગોપાળ ધુન લગી; રામભજો ભાઈ રામભજો, બાતે પીતે રામ ભજો, બાતે જાતે રામ ભજો, એસા થઈ તા થઇ.

બાવો—રામ રામ મઠીયા રામ રામ; રામ રામ મઠીયા રામ રામ.

નાયક—ભજનમે કીયા કહ્યા બાવાજી ?

બાવો—અબે ધોકનીઆ, બાહાર કોન ખડા હે ?

ધોકણીઓ—મહારાજ કોઈ આદમી હે.

બાવો—ઓ કીયા બોલતા હે ? ઉનકુ અંદર બોલાવ.

નાયક—જે સીતારામ બાવાજી, જે સીતારામ.

બાવો—જે સીતારામ.

નાયક—તમ કહાંસે આયે મહારાજ ?

બાવો—હમ જુમનાજી પરસે આયે; અમ તીરથ કરતે આયે; ઓર ફરતે, ઓર ચરતે, ઓર ધરતે, ઓર

દુખસે ભરતે આએ, પાસ ઘોડી બી હે. હમ ગામમે આએ તો કુચ આટા બીટા મીલેગા ?

નાએક—ચોરેપર જાઓ પટેલ આપશે.

પટેલ—બાવાજી મંદીર કરીને ગામમાં રહો ને લોકને ભજન કરાવો.

બાવો—હીક બેટા, રામજી તેરા ભલા કરેગા. મંદર કરે, લાલજી પધરાવે, તુલસી લગા દેવે, ઓર માલા જપે, ગામમે કોઈ ભગત હે ?

નાયક—બાવાજી દરવાજા બોલો પટલ પાટીદાર દરશણ કરનેકું આએ.

બાવો—બોલો પીછે આવ. અબી ધ્યાન ધરતે હું.

નાયક—મહારાજ, ઓ લોક સીધા લાએ.

બાવો—આનેદો. આવ ભગત આવ રામજી તુમેરા ભલા કરેગા.

બાવો—રામ નામ જપના પરાયા માલ અાપના, બાવો બેઠો જપે ને જે આવે તે બપે, જો દેગા હમકું, સો મીલેગા તુમકું. એસા થઇ તા થઇ.

નાયક—જે તમને આપીએ તે અમને ક્યારે મળશે બાવાજી ?

બાવો—તુમ મરજાયગા પીછે મેટા.

નાયક—તેની ખાતરી શી બાવાજી ?

બાવો અબે લંડી તુમ બડા અગનાન, મુરખ હે; બડા નાસ્તિક હે

નાયક—બાવાજી કાંઈ ગીઆન સમજાવોને.

બાવો ગાય છે—ગીઆનમેં ખાના, ગીઆનમેં પીના, ગીઆનમેં સુખચેન કરનાજી; રામ બોલો ભાઇ રામ બોલો. ગીઆનમે લુટના, ગીઆનમે ખુતના, ગીઆનમે પાખંડ કરનાજી; રામ બોલો ભાઇ રામ બોલો. હમ બ્રહ્મા, હમ વિષ્ણુ, હમ શીવજી સમજનાજી; રામ. પીછે નજર મેં આવે સો કરનાજી, રામ.

નાયક—બાવાજી એતો સચ્ચા ગીઆન નહિ.

બાવો—અબે લંડી તુમ કયા સમજે. એક લકડ લગા દઉંગા તો શીર તુટ જાયગા. તુમ ગમાર લોક ગીઆનમેં કયા સમજે.

નાયક—બાવાજી દરવાજા બોલો ઓરત લોક દરશન કરનેકું આઇ.

બાવો—કીતે બરસકી હે ?

નાયક—વરસ સાઠેકની ડોશીછે.

બાવો—જાઓ પીછે આવ અબી ભાંગ પીતે હું.

નાયક—દરવાજા બોલો બાવાજી દુસરી આઇ.

બાવો—કીતને બરસકી હે ?

નાયક—ચાળીશ વરસની છે.

બાવો—બોલો પીછે આવ, અબી ગાંજા પુંકતેહેં.

નાયક—બારણાં ઉઘાડો બાવાજી ત્રીજી બાઈ આવી.

બાવો—કીતને બરસકી હે ?

નાયક—સોળ વરસની.

બાવો કુદીને—આનેદો, આને દો. મૈયા આવ, મૈયા આવ. લાલજીકા દરશન કરો, ભેટ ધરો, હમકું પગે લગો. લે ઓ કંઠી ગલે ડાલો. આવ આવ મેં મારે હાથસે તેરે ગલેમે કંઠી બાંધુ. તેરા નામ કીયા બાઇ ?

રામકી—બળ્યું મારૂં નામ મહારાજ હુંતો દુખણીછું. મારો ધણી સીતેર વરસનો ડોસો છે તેને જુવાન કરો. તેના દાંત પડી ગયાછે તે પાછા ઉગાડો.

બાવો—ઠાકોરજી સબ કરેગા. તુમ સોલ બરસકી ભરજુવાન ઓરત, તેરા ધણી ઐસા કીયું ?

રામકી—મારા સુવાં માબાપે મોકાણ વાળી, કુળ જોયું, પૈસો જોયો,ને મને ગરદન મારી. મને ઢળા ડોસાને પરણાવી.

બાવો—પૈસા ખુબ મીલા હોયગા. સો લાવને અપને દો બા પી કર મોજ મારેગે, ડોસા હુતા હે કે મર ગયા?

રામકી—હુવેછે પણ થોડા દહાડાનો છે. મને સાસરે જરાં ગમતું નથી. મારી માએ બહુએ વાર મને મારી મારીને મોકલી પણ હું પાછી નાસી જાઉછું. એકવાર મને ગુણમાં ઘાલી ઉંચકીને મુકી આવ્યા, પણ રાતે ડોસાને હડસેલી ઢોલી પાડી નાઠી. ડોસો પાછળ દોડયો ને ઠોકર બાઝ બાલકૂડીમાં પડયો. ડોસો લાલચ બહુ બતા-

પણ તેના બેસી ગયલા ડોળા, તેનું હોઠે ચડકતું
તેના મોહોની લાળ ને તેનું બળતુ મોહું જોઇને મા-
ટમાં ભડકા ઉઠે છે.

પરણ્યો લાવે પાલખી. ને બાવો લાવે વહેલ;
પાલખીએ બેસું તો ઢળી પડી, મને ગમી બાવાની
વહેલ. તા થઇ તા થઈ.

પરણ્યો લાવે ટોપરાં. ને બાવો લાવે ગોળ;
ટોપરાના તો કુચા પડે, મને ગળ્યો લાગે તારો ગોળ.
તા થઇ તા થઈ.

અમદાવાદથી ગાડાં જોતર્યાં, ને માહે ભર્યાં છે હીરઃ
બાવો હોયતો મુલવે, મારાં ફાટી ગયાં છે ચીર.
તા થઇ તા થઈ.

બાવાજી મને ઘરડા વરતે ઘેર જવું નથી ગમતું;
એ પિટચાને જુવાન કરો.

બાવો—એ સબ બાત છોડદે. એ મદીરમે આકર
રહે મેરી સાથ. લોકમે મૈયા કહુંગા, મનમે સગજના જોડ.

રાગડી—માહારાજ મદીરમાં ઠાકોરજી છે; તુલસી
કેડું છે, એમાં બાયડીથી તો રહેવાય.

બાવો—ડાલદે સાલે ઠાકોરજીકું ઉકરડેપર; જલાદે
રંડી તુલસીકું. તુમ આ જોને પ્યારી. ધોળા સાલું પેહેર-
લે, છાપાતીલક બનાવ, બડે મણકેકી માળા પહેરકે આવી
બનજા. આવ ભજન કરીંગે. નગદી, ડાગીને સબ લેતી
આઇઓ.

રાગડી જાયછે, અને નાયક કહેછે જુવો ભાઇ આ
કળજુગના બાવા લાલજીને ઉકરડે નાંખી દેવડાવેછે, તુલ
સીને બાળી નાંખેછે, ને લોકની બાયડીઓને ફોસલાવેછે

બાવાજી બીજી સ્ત્રી આવી.

બાવો—કોનહે ? કીતને બરસકી હે ?

નાયક—રાંડી રાંડ છે ને સોળ વરસની છે.

બાવો—જબતો ઠીક. એ અમેરે કામકી. એકકા નાંમ રામકી, એ દુસરીકા નામ જનકી. મંદરમે દો બાવી તો હોના ચાહીએ

જનકી—માહારાજ બાલ રાંડ છું. પાંચ વરસની હતી ત્યારે રાંડી હતી. મારા અંગમાં સદા લાહે લાગેલી રહેછે. તમે પણઘટને કુવે નાહાવા આવ્યા તારે જાણ્યું કે એ આગ બાવાજી હોલવશે. ધણી વગરનો સંસાર ગને ગમતો નથી. તરીઆને ધણી વગરનો સંસાર ધુળ છે.

સોળ વરસની સુંદરી, તે જળ ભરવાને જાય;
કાંટો ભાગ્યો પ્રેમનો, તેતો ઉભી ઝોલા ખાય.તાથૈતાથૈ
કુવા કાંઠેકેવડો, તે વાયે વાંકો થાય;
ભોગી ગળે રંડાપો ટળે, તો સુખડાં જીવને થાય.
તા થૈ તા થૈ.

નાચતી ગાયછે—હાંરે બાવલીઆ તારો લાગ્યો સનેડો; મારા બાવલીઆનો લાગ્યો સનેડો. તારી તુંબડીના જળ મીઠાં, મારા બાવલીઆ. રમતાં જોગીડાનો લાગ્યો સનેડો. (ચડાવીને) મારા બાવલીઆનો લાગ્યો સનેડો—તા થઇ તા થઈ.

બાવો—તુમ આ જાઓ મંદરમે, ઔર બાવી હોજા.

ટોપી ધાલે તીન ગુન, નહીં વેરો નહીં વેઠ;
બાવો બાવો સહુ કહે, ને સુખે ભરીયે પેટ.

ઇસવાસ્તે મેં બાવા હો ગયા. તુમ બાવી હોજા. દુસરે મુલખમેં ભાગ જાયગે તેરેંકું લોક બાવી બાવી કહેંગે

ણાવાનો વેશ.

હુંગે, તેરી ચાકરી કરેંગે, ઔર અપન ચેત કરેગેં. કાય-
કું રંડાપા એહતી હેં.

પીઠે એાયા (ઝોળી)માં છોકરૂં લઇને રામકી આવી
નાચેછે ને તાંરાળાં વગાડી ગાયછે—આવો ણાવો સહુ કહેજો
ણાવો તે ગોરખ નાથ; પહેલી ઝાલી આંગળી, પછે સા-
હેયો હાથ. ગારા ણાવલીઆ જીરે. રઘુપતી રાઘવ રાજા-
રામ, પતિત પાવન સીતા રામ. રામ સીતા જાનકી ને
ગોલો હરમાનકી. (બંધા જોડે ત્રણ ચાર વાર.) થૈ થૈ
ા થૈ. ધેં ધેં ધેં.

ણાવો—એ બાળક કીસકા રોતા હે. ર મેરી રામ-
કી એ અપના બાળક હે કે ? નાયક અને બીજા ભવાયા
નીચે પ્રમાણે ગાયછે, અને બાવો ને બાવીઓ જોડે ગાવા
લાગેછે.

જોઇ લો જગતના બાવારે, જોઇ લો જગતના બાવા;
ધર્યો ભેખ ધુતીને બાવારે, જોઈ લો જગતના બાવા.
ઘણી પ્રેમદા પાણી ભરે, ત્યાં જાય બાવો નાહાવા;
રાંડી રાંડના ઘરમાં પેશીને, બાવો બેસે ગાવા. જોઇલો.
ગૃહસ્થનાં છોકરાં તેડી રમાડે, પરાણે પ્રીતડી થાવા.
ગૃહસ્થની નારી રીસાય ત્યારે, બાવો જાય મનાવા. જો.
ધ્રુપ કરે ને ધ્યાન ધરાવે, ભોળા લોકને ભમાવા;
ભોળે ભગત કહે ભવસાગર મેલી જમપુરીમાં જાવા જો.

મારો બાવો મહાજનનો બોકડોરે. મારો બાવો મહાજન-
નો બોકડો.
કાન ફુંકીને કંઠી બાંધે તારે રૂપીઓ દોઢ લે રોકડોરે. મા૦
શેરીએ શેરીએ આટો ઉઘરાવે, વેચાંને કરે દોકડોરે. મા૦
મદ્યાનું બાઇને બને ગરતાનો, હાથમાં રાખે ધોકડોરે. મા૦

ગાયા તો મસ્તાનીરે, બાંધી લીધા મોટા મોટા; મોહ્યા એક પલકમાંરે વેરાગી જોગીઓના જોટા. ગાયા. ૧. બ્રમ કરીને બેતરી બાધા, બાવન ચૈાટાં બન્ધર; બારથરી સરખા ભૂલી ગયા જેને જાતા ન લાગી વાર; ગોપીચંદન સરખારે મોહેનીમાં મોહી થયા બોટા. ગાયા૦ ૨. કેવા-વો એક ને બધરાં બે તરણુ, તે વચ્ચે બે ચાર બાળ; ધામ હોમ સાધુની વિકાળ, પછે બાવો કુટે કપાળ; પારકો માલ બાવારે દુનીઆમાં કહાડે દોરવા દોટા. ગાયા૦ ૩ એ જગવ ધારીને થાય વિજોગે, સદા રાખ ચોળીને ફરે રાણુ; ભગવી ચાદરની વાળે લંગોટી, પછે આરોગે સુરા-પાન; કળી ગાંજો ભાંગ તાણીરે, ધુમાડાના કહાડે ગોટા. ગાયા૦ ૪ આટો વેચીને બ્યાજે મુકે, જોગ તેમ કરીને બાંધે મઢ, ગીબ્યાન પુછે તેને ગાળો ભાંડે, લંડી કહીને ઉ-ઠાવે લઠ; વેસને વગોવ્યોરે, લાજ વીના લંગોટા. ગાયા૦૫ તાલ વગાડે તાન મેળવે, મનમાં થાંય મસ્તાન, દાંત વ-કાશી જુવે દરપણુમાં, એ ધુતી બાવાનો ઠામ; તાન મેલી તન મરોડે, વગાડે ઘણા તાબોટા. ગાયા૦ ૬ હેવા જુગ-તગાં ઝાઝા, સાચા ગયા સંતાઈ; શું કહું રે હવે વિનતી વિસ્તારી; કહેવાની વાત નથી રહી; ધીરો તે કહાં ઢુંઢેરે, ગિયાનીના પડીઆ ટોટારે. ગાયા૦ ૭

નાયક—હે ભાઇઓ આ વેશપરથી શીખામણ લે-વી. બાવા હોય તેમણે આ વેશે ધારી બાવાના જેવા થવુ નહીં. લોકની વહુ બેટીઓને પોતાની મા બેન સમાન ગ-ણવી. લોકના ધન માલ લેવાપર નજર કરવી નહીં. ભાંગ, ગાંજો, અફીણ, દારૂ અને તાડીને અડવું નહીં. સાધુનો વેશ જે લે તેણે સાધુનો ધરમ પાળવો. જે ન પાળે તેને

ધીક્કાર છે તેની કને કોઇએ જવું નહી. બાવો, જોગાંઇ વેરાગી, સાધુ, જતી સંન્યાસી, પરમહંસ કે ઢરકોઈ જાતને જોગી વેશે હોંચ પણ તેના આચરણ ત્યાં હોય તો તેને ચંડાળ જાણી તેનાથી વેગળાં રહેવું.

બાવો અને બાવીઓ ગાય છે—ગોવીંદમભજ ગોવીંદમ, ગોવીંદમ ભજ મુઢમતે, ગોવીંદમભજ ગોવીંદમ. બોલો શ્રી જગદીશની જે. (વેશ સંગ્રામ)

સંવરા જેસંધનો વેશ.

સંવરા જેસંધ..... ... ...પાટણનો રાજા.
મધમુંગી... ....એની રાણી.
રંગલો..... ....મસ્કરો.
ભાટ, પ્રધાન, લશ્કર વગેરે.
રાણકદેવી..... ... ...ઢૂંબારેઉછેરેલીરાજકન્યા.
રાજોગાર..... ... ...જુનાગઢનો રાજા.

ગેલડી—બીહરીરે બીહરી, બાપ બાજીને સૈા બીહરી.

એ ત્રણ ચાર વાર ગાનારા ગાય એટલે ભૂંગળીયા ભુંગળો ફુંકે છે ને બીજા તા થઈ તા થઇ બોલે છે બધા બબેયા બજે —બોલો શ્રી ગુર્જરાયની જે, સોલંકી મહારાજની જે.' એટલે પડદામાંથી રાજા બહાર આવેછે. તેની આગળ છડીદાર તેડી પોકારે છે. પાછળ રંગલો, ભાટ પ્રધાન વગેરે ઉભા રહે છે. ચોપદાર બાજુપર બેસી જાય છે, અને બે ડગલાં આવી કહે છે.—

આ સભા શ્રી ગૂર્જર રાજની, મંડપ બહુ શોભંત;
સકળ રાજન પાયન નમા, નમો સહુ ભગવંત.

ભાટ આગળ આવી નીચો વળી રાજાને સલામ કરી કવિત બોલેછે—

તારાકે તેજમે ચંદ છુપે નહી, સૂર્ય છુપે નહી, બાદલ છાયો;
રણ ચડ્યો રજપુત છુપે નહી, દાતા છુપે નહી જાચકઆયો.
રાજમંડલમેં જયસિંહ છુપેનહીં, ચમકેણીજણી મેવલોઘાયો;
ગૂર્જરપતી તેરા નામ અગર હય, તેરી કીર્તી ચોખંડ ગાજે.
પરાક્રમ તેરા પ્રકાશ કરકે, રંજન કરૂં સભા સહુ આજે.

રે ભાઈ નાયક આ વેશ કોના કહીએ? સધરા જેસંધના કહીએ.

સધરા જેસંધ કેમ ઓળખાય, તેણે કયાં રાજ કર્યું, ને શી નાગના કરી તે કહું છું સાંભળો.—

એક સમે (સંવત ૭૫૨ માં) ઝંઝુવાડામાં પંચાસર નગરીમાં રાજા જેશીખર રાજ કરે છે, તેવામાં કલ્યાણનો સોળંકી રાજા ભૂવડ ચડી આવ્યો. દારૂણ જુધ થયું ને ગુર્જર રાજા જેશીખર ચાવડો વિમાનમાં બેસી સરગે ગયો. તેના પ્રતાપીકુંવર વનરાજે સોળંકીને કાઢી રાજ પાછું લીધું, ને અણહીલવાડપાટણ વસાવ્યું. એ ચાવડાકૂળની પીઢીએ જેશીખરચાવડો તેનો સુત વનરાજ ચાવડો, તેનો સુત યોગરાજ ચાવડો, તેનો સુત ભોગરાજ, તેનો સુત ભુવડ, તેનો સુત વીરસિંહ, તેનો સુત રત્નાદિત્ય, અને રત્નાદિત્યનો સુત સામતસિંહ ચાવડો. અહીં ચાવડાની પેઢી અટકી. સામતસિંહને પેટે દીકરો નહોતો તેથી તે પછી તેની બેન લીલાવતીનો કુંવર મૂળરાજ સોલંકી ચાવડાની પાટે બેઠો. મુળરાજ સોલંકી પછી ચામુંડ, તે પછી વલ્લભસેન, પછી દુર્લભસેન, પછી ભીમદેવ, પછી કરણ સોલંકી અને કરણ પછી સધરાજેસંધ (સિદ્ધરાજ જયસિંહ) પાટણના રાજનો ધણી થયો. એના વખતમાં ગુજરાતના રા-

સધરા જેસંધનો વેશ.

જનો સુરજ સોળે કળા તપ્યો. ઉત્તરમાં મારવાડ, મેવાડ, તે અજમેરના રાજા સધરા જેસંધને નમતા, પુરવમાં ણા- ણું લાખ માળવાના રાજાને પકડી આણી તેના દેશમાં ગુર્જર રાયની આણ ફેરવી, ખાનદેશના રાજા ખંડણી ભ- રતા, દખણમાં કૃષ્ણા નદી સુધી તેની દવાઈ વરતાઈ ગ- ને પછમમાં સીંધના રાજાને તેણે છત્યો. એ ગુજરાતનો સિંહ ચક્રવરતી મહારાજા ધિરાજ કેહેવાયો. પણ રાજાને પેટે દીકરો નથી અને મોહોલે પદમણી નથી. એક દહાડે રાતનો સમો થયોછે, રાજા કચેરીથી ઉઠી હારય વિનોદમાં બેઠોછે, ઝુમરોના દીવા ઝબુકગી રહ્યાછે, સોગટાની બાજી મંડાઇ છે, તેવામાં લલભાટે આવી સલામ કરી કહ્યું 'મ- હારાજના મંદીરને શોભાવાને પદમણીની ખોળ કરતો હું ઘણા દેશ ફર્યો. ફરતો ફરતો સોરઠ દેશ જઇ ચડ્યો. ત્યાં એક [illegible]ને ઘેર પદમણી મેં દીઠી.

બી ધરતી પર બીજી નારી નથી.

રંગલો આગળ આવી—હું પણ બહુ પાહુછું તો લોને હું પણ પદમની.

રાજા—ચુપ રહે.

રંગલો—લો વાર હિંડો નહીં બોલું, આ હોઠે ટાંકા દઉંછું.

ભાટ—રાજા તને એ અસ્ત્રીની શી વાત કહું. એ ચાલેછે તેવારે કુકમનાં પગલાં પડેછે, હસેછે ત્યારે મુખમાંથી ફુલ ખરેછે, ને રડેછે ત્યારે આંખોમાંથી મોતી પડેછે. એવી નારી બધી ભોગમાં નથી. હું તારું નાળીએર કુંભારને આલી આવ્યોછું; ઉઠો જાન તૈયાર કરો.

પ્રધાન—રાજમેહેલમાં કુંભારની દીકરી ન લવાય.

ભાટ—એ કુંભારની દીકરી નથી, રાજકુંવરી છે. એનું નામ રાણુકદેવી છે. એનો જનમ સીંધના રાજની પટરાણીને પેટે મુળ નખેતરમાં થયો. સીંધીરાયે જોશીને બોલાવી ગરેહ મંડાએવા તેમાં આએવું કે બાપ એ દીકરીનું મુખ જોશે એટલે આંધળો થશે, ને રાજ ખોશે. રાજએ તેને મારી નાખવાની આજ્ઞા કરી, પણ પરધાને સમજાવ્યો, કે અસ્ત્રીહત્યા ને બાળહત્યાનું મહા પાપ છે, માટે એને પેટીમાં સુવાડી નદીમાં તરતી મૂકો. રાજએ સોનાની પેટીમાં કુંવરીને મૂકાવી સીંધુ નદીમાં તરતી મેલી. પેટી તરતી તરતી સામે કાંઠે ગઇ. એ વેળા ત્યાં સોરઠનો કુંભાર નહાતો હતો. કુંભારે પેટી લઇ પોતાની સ્ત્રીને આપી. કુંભારણ વાંજણી હતી તેથી બહુ રાજી થઇ. ને તેને બહુ વાહાલથી પેટની દીકરી પરમાણે ઉછેરી.

સિધરાજ—પ્રધાનજી સેના સજ કરો, સોરઠ જઇએ.

રંગલો—કુંભારની ઝુંપડીમાં તારી સેના કેમ ગાસે,
ઘોડાનો તાંહાં બ્યપ નથી.

રાજા—કેમ ઘોડાનો બ્યપ નથી અલ્યા રંગલા.

રંગલો—કુંભારને ઘેર ઘધેડાં ઘણાં છે, તેમર સ્વારી
કરજો; તારી એ નવી રાંણી તો બેસતાં શીખી હશે.

રાજા તેને બે ચાર ઢોલો મારો કહેછે બન તારૂં બો-
હો કાળું કર, મારે તારૂં કામ નથી.

રંગલો—ભૂલ્યો બાપજી, ભૂલ્યો, બે ઘધેડા તો ઘના
કરે તેમને બેસાડી ફેરવવવાને કામ લાગશે રાયજીનો સસ-
રો કુંભાર થશે પછી ગધેડાનું ભાડું નહીં બેસે. અલ્યા ભા-
ટ તેં ઠીક નહીં કર્યું. આપણી મધુમુખી રાણીથી શોકની
સુળી કેમ સેહેવાશે, લ્યો હું દોડી રાણીને મોકાણની ખ-
બર તો કરૂં. એમ કહી દોડી પડ્યા પાછળ રાણી આવી
છે તેના કાનમાં કહેછે.

રાણી મધુમુખી આવેછે તેની મેલણી—સામેરી મા-
રે બેક મહાદેવ, દુજો જેસિંહરાય; ત્રીજું વાહાલું પતિ-
રત, ને ચોથું સત વચન.

રાણી આવીને સાખીઓ ગાય છે—

સામેરી સાગર ઉલટ્યો, તે રત્ન તણાયાં જાય;
પણ કરમ હીણાં ભરે મુઠડી, તેના સંબધે હાથ ભરાય.
સામેરી સોના સાટલે, ઉભી માણેકચોક;
પણ હું તને પુછું સામેરી, તારે શૂળી ભલી કે શોકય.
શોકયથી શૂળી ભલી, હેંડ પાડે બેહ;
પણ શોકલડી કરે બોલડે, મારો બાગ બણ દાઝે દેહ.

રાજા—હે રંગલા, રાણીએ શું કહ્યું ?

રંગલો—તમે બેક ઉપર બીજી કરવા જાઓ છો તે.

માટે કપાળે હાથ દઇ રડે છે.

રાજા—હીરો શોભે વીંટીએ, હોય જડેડ બે નંગ;
રાજા શોભે રંગ મેહેલમાં, હોય રાણીઓ બે સંગ.

રાણી—રંગાજી ઠાકોર, રાજાએ શું કહ્યું ?

રંગલો—રાજા કહેછે કે જેમ વીંટીમાંના હીરાની આસપાસ બે નંગ જડેલાં હોયછે ત્યારે તે વધારે દીપેછે તેમ રાજાને એક હાથે એક રાણી ને બીજે હાથે બીજી રાણી હોય તો વધારે શોભે.

રાણી—શોક્યનું સાલ તો સદા બળતી આગછે. નારી હીણી હોય કે નર મુરખ હોય તારેજ શોક્ય ઘરમાં આવેછે.—

પાંચકોશી પ્યાદો વસે, અને દશકોશી અસ્વાર;
કાંતો નાર કભારજા, કાંતો નાવલીઓ ગમાર.
ગુણવંતી નારી ઘરે, ને લાવે બીજી નાર;
સુખ શાંતી ત્યાં પરવરે. રાજ જાણો એ નિરધાર.

મારો શો વાંક થયો કે રાજાજી રીસાઇને બીજી રાણી કરવા જાયછે. રંગાજીઠાકોર માહારાજને મનાવો નહીંતો મારા સુખનો આજ છેલ્લો દહાડો છે. રાણી આખડાં ગાયછે—'અનીહો સલુણાજીરે, જીરે, આરે હું વારી મારા રાજ, જીરે જીરે, અની ગુણવંતા જીરે જીરે- હો જીરે આજ હું વારી મારા રાજ, જીરે જીરે. આજ મારા રાજનો મેળાવોરે રાજ; અની ગુણવંતા જીરે જીરે. ગધુમુખી જોડે મેલો રાઢ, ચાંદલીઓ તપે ગોરાદેહનેરે લેલાટરાજ. ચાંદલીઆના ચોઢયા ઘેર આવોરે, પાલવડાના બાંધ્યા રે રાજ, અની ગુજુલડી જભુકે ગોરાંદેને કાનેરે રાજ, અની ગુ૦ આછા સાળુ સોહીએ ગોરાંદેને અંગેરે રાજ, અ-

ની ગુ૦ લેલાટ ટીલડીરે ગોરાંદેને ભાલે રાજ, અની ગુઝ
મોતીડું સોહીઓ ગોરાંદેને નાકે રે રાજ, અની ગુ૦ ઝુમણું
સોહીઓ ગોરાંદેને કંઠેરે રાજ, અની ગુ૦ દોઢી ચુડીઓ
સોહીઓ ગોરાંદેને હાથરે રાજ, અની ગુ૦ કડલાં કાંબી સો-
હીઓ ગોરાંદેને પાયરે રાજ, અની ગુ૦ હું વારી રાજ,
આજ મારા રાજનો મેળાપોરે રાજ અની ગુ૦ હાં મારા
રાજ, રાજનોરે મેળાવો રે રાજ. અની ગુણવંના ૬ડા રા-
જને સધુણા ૬ડા રાજને અની ગુ૦ થૈ થૈ તા થૈ

સુંદર મુખને ભાગણે, ચાલી આવો ગોરાંદેને આં-
ગણે રાજ, અની ગુણવંતાજીરે જીરે. હુંતો રાય રાય ક-
રતી આવી રે, ગુણવંતાને દીલ ભાવીરે રાજ. અનીજીરે
રાજને છોગલીઓ છે મોતારે રાજ, હુંતો આડે ધુંધટ ને-
તીરે રાજ. અનીજીરે રાજને મોળીડે મોહ લાગ્યોરે રાજ.
અનીજીરે રાજને છોગલીઓ છેહ લાગ્યોરે રાજ. અનીજીરે
રાજની આંખડી રતાળીરે રાજ; અનીજીરે રાજને છેડે ગાં-
ઠો વાંળીરે રાજ. તારી આંખડીનો ચાળોરે મુને જીવતડાં
મીદ બાળોરે રાજ. અની ગુણવંતા ૬ડા રાજને, સધુણા
૬ડા રાજને. થૈ થૈ તા થૈ.

રંગલો—રાહો રાણીજી છાનાં રૂદન ના કરો શોકચ
નથી આવવાની.

રાજા—તેં કેમ જાણ્યું અલ્યા રંગલા મારો ગોને
ગે ચાર ઢોલ.

રંગલો—ગારેતો તગારી નોકરી નથી કરવી, આ ર-
લી તગારી નોકરી. એમ કહી પોતાનાં લુગડાં ઉતારી નાં-
ખેછે, ને કહેછે લે તારો ચોરણો, લે તારી ટોપી, કે પા-
ઘડી,) લે તારી ઝગલી, પાછી નાહાતો હોય તેવા ચાળા ક-
રેછે.

રાણી—રંગાજી એ શું કરોછો? ગાંડા થયા કે શું?

રંગલો—અસનાનના સમાચાર આવ્યાછે તેથી નાહું-છું. તમે ડરશો નહિ.' તીખળ કરી લોકને હસાવે છે.

એટલામાં વાઘરીઓ સાસલેર દોડતા આવે છે, ને નીચા વળી રાજાને સલામો કરી કહે છે,—મહરાજ, બાપોજી આગના હોયતો છપર કહીએ. રીસ ના કરોતો માઠી વાત કહીએ. અમે તમારી રૈયત છીયે બાપજી.

રાજા—બોલો તમને કાંઇ હરકત નહિ થાય. સાચી વાત કહો.

વાઘરીઓ—મહરાજ ભૂછ્યા ને તરસ્યા દોડયા આવેવા છીએ. પણ બોલતાં જીભ ઉપડતી નથી.

રંગલો—મુવા બોલને, શું છે શું?

વાઘરી—જુનાગઢનો રાજા આપની રાણુકદેવીને લેઇ ગયો મહરાજ; વળી તેણે આપણા મંગળભટને બંધીખાને પુર્યો છે મહારાજ.

રાજા—તેં કેમ જાણ્યું?

વાઘરી—મહારાજ અમે જુનાગઢથી આવીએ છીએ. રાણુકદેવીને પરણીને લાએવા તેના હરખમાં રાજાએ ગારે નગર જમાડયું તેવારે અમે ત્યાં હતા. અમને પણ નોતર્યા હતા. પણ બાપજી અમારા રાજાનો વેવાહ જેની વેરે મળેલો તેને લાવનારનું અમે ચીમ જમીએ? અમે તુરત સમાચાર કહેવા દોડી આવ્યા છીએ.

સીધરાની આંખો કરોધથી લાલચોળ થઇ ગઇ. મીયાનમાંથી તરવાર તાણી તે ફેરવતો આમ તેમ ગુસ્સામાં ફરવા લાગ્યો. મૂછપર તા દઇ કહે, એંગાર હવે તારૂં મોત આવ્યું છે. પ્રધાનજી સેના સજ કરો. પટાવતોને હાજર

સધરા જેસંધનો વેશ.

કરો. રાજા રજવાડાને પોતપોતાની સેના લઇ તેડાવો. વાર ન લગાડશો. સીતાને લેઇ જનાર રાવણને જેમ રામ મા-
યો, દ્રુપતિની લાજ લેવડાવનાર દુરજોધનને જેમ ભીમે મા-
યો, તેમ મારી રાણુકદેવીને લેઇ જનાર એંગારને હું મારી-
શ. જે તરવારે માળવાના ધણીને છત્યો, જે તરવારે સીં-
ધપતીને હરાવ્યો, જે તરવારે દખણના જાદવરાયને વશ
કર્યો, જે તરવારે આંતદેશના રાજાને નમાવ્યો, જે તરવારે
મારવાડ અને મેવાડના રાજાને તાબે કર્યા, જે તરવારની
હાક ઉતર, દખણ, પુરવ ને પચ્છમમાં વાગી રહી છે, જે
તરવારથી અજોધાનો રાજા, પાંચાળનો રાજા, ગૌડરાજા,
મુલતાનનો રાજા, થર થર ધ્રુજેછે તે તરવારથી હું સોરઠ-
દેશને ચીરીશ, ને રાખેંગારને ધુળ ફકાવિશ ! રે અભાગ્યા
એંગાર ! ગુજરાતના સિંહને છંછેડી તું કેમ બચીશ !
નથી બચવાનો ! મારો ભાલો તારી છાતી વીંધશે, મારું
બાણ તારું કપાળ ફોડશે, મારું ખાંડું તારું શીર છેદશે.
તારાં ધડ શીશ જ્યાં પડી ધુળમાં રગડોળાશે. જેમ વિ-
ક્રમે શક રાજાને હણ્યો, જેમ અરજુને કરણને હણ્યો, જે-
મ કૃષ્ણે કંસને હણ્યો, જેમ ભીમે જરાસંધને હણ્યો, તે-
મ ગુર્જરરાય તેને હણશે. " એમ કહી શૂરના આવેશમાં
મોટો ગર્જના કરી ચાલ્યો ગયો, તેની પછવાડે રાણી, ભાટ
ને પ્રધાન ગયા, ને પડદો પડયો. પછી રાખેંગાર આવેછે
તેની મેલણી—

સોરઠદેશ રળીઆગણો, ગીરનાર મોટું ધાગ;
રાખેંગાર ત્યાં રાજ કરે, જુનાગઢ મોટું ગામ.

આવે મારો જુનાગઢનો રાય, આવે મારો શૂરવીર
સોરઠી, આવે મારો રાખેંગાર. ચૈચૈ તા ચૈ. જુંગળો. ઘેંઘેંઘેં;

રાજેંગાર અને મંગળબારોટ વાતો કરતા આવેછે-

જેંગાર—બારોટ તારા રાજાને ખબર કર કે રાણુ-કદેવી તારે હાથ નહિ આવે આજે સુરજ આથમ્યા પ-હેલાં હું તેને પરણવાનોછું. જેને દેખીને ઇંદ્ર મોહપામે, જેનું રૂપ જોઈ ચાંદો લજવાઇ આભલામાં ભરાય છે, જે-ના ચોટલાની અદેખાઇએ બળી શેષનાગ પાતાળમાં સં-તાયેા છે, જેના જેવી આજ જગતમાં બીજી નારી નથી; એવી પ્રુથડી પદમણીને મારા રાજગાંથી બીજાને લેઇ જવા દેઉ ? ના દેઉ.

બારોટ—પણ તેનો વેવાઇ અમારા સીધરાજ વેરે મળી ચુકયેા છે. માટે ન્યાય પ્રમાણે ને ધર્મશાસ્ત્ર પ્રમાણે તારાથી એ કામ થાય નહિ. વળી એમાં મોટેા વીરોધ ઉ-ઠશે. અસ્ત્રી માટે ઘણા નાશ પામ્યાછે અસ્ત્રી તારે ને અ-સ્ત્રી મારે, અસ્ત્રી સરગે પેાહોંચાડેને અસ્ત્રી નરકે તાણીજાય.

જેંગાર—તે સમજાવ, અસ્ત્રી તારે કેમ, અસ્ત્રી મારે કેમ, અસ્ત્રી સરગે કેમ લઇ જાય, નરકે કેમ લઈ જાય, અસ્ત્રી વિનાશ કેમ કરે.

બારોટ—અસ્ત્રી સુભારજા હોયતો સ્વામી સુખ પા-મે, છોકરાં સુખ પામે, દેવસેવા ઠીક થાય, ધરમ ધ્યાન થ-ઇ શકે, કુળની લાજ વધે.

રંગલેા—પણ અસ્ત્રેા ભૂંડેા હોયતેા ?

બારોટ—તેની નારીના ભોગ મળે; બે સારાં જોઈ-એ. પણ છાનેા રહે રંગલા મારી વાત પુરી થવાદે પછે તારૂં દહાપણ કેાહેાળજે. ઘરની નારી ભૂંડી હોયતો ભુંડાં કામ કરાવે, વેહેમી હોય તેા ભગવાનને ભૂલાવે તેથી તેને સર્ગે લઇ જનાર કે નરકે લઇ જનાર કહી છે. અસ્ત્રી મા-

સધરા જેસંધનો વેશ.

ટે રાવણ જેવા મોટા રાજાના નાશ થયાંછે. શ્રીરામચંદ્રની
નારી સીતાને હરણ કરવાથી રાવણની જે ગત થઈ તે તા-
રી થશે માટે ચેત. પાટણનો રાજા ગડા બળીઓ છે. તે-
ની જોડે લડવું સહેલું નથી. પણ એમ ધાર કે તું જીતી-
શ તોએ તું મોટો પાપી થઈશ કેમકે તું પરમેશ્વરનો ગ-
નેગાર થઇશ. સધરા જેસીંઘ મોટો પુન્યશાળી રાજા છે;
આખા દેશમાં પ્રજાને સુખી કરવાને લાખો રૂપીઆ ખર-
ચીને નવાણ ખણાવે છે, દેરાં બંધાવે, સદાવ્રતો આપે છે,
મોટા મોટા કવીરાજને ને પંડિતોને પાળે છે. એવાનું આ
વરદા ડુકું કરવાથી તું પરમેશ્વરનો ચોર થઈશ. પણ તેમ
થવાનું નથી, ને તારે તેને હાથે મરવું છે, એ નક્કી મા-
નજે, મોટા મોટા રાજાને એણે જીત્યા છે તો તારા ભાર શા.

આ છેલ્લાં વચન સાંભળી ઓંગાર અતિ ક્રોધ્યો. કં-
બરમાંથી કટાર કાઢી ભાટનું માથું વાઢવા જાય છે તેવોજ
તેનો પ્રધાન તેને ઝાલી લે છે, ને કહે છે બમા, બાપડા
બમા, ભાટ બ્રાહ્મણને ન મરાય. પ્રધાનના સમજાવ્યાથી
ભાટને માર્યો નહિ, પણ રાણુકદેવીને જાણી તેના ગોડા
આગળ તારા ગાલ ચીરીશ એમ કહી તેને બાંધી બાંધી-
ખાને પુર્યો.

રાણુકદેવી પડદામાં આવી ગાય છે-ઉંચી મેડી સેજ
ઢાળીરે, ફુલ લાવે રાયનો માળીરે રાજ; છેરે રાજ ફુલ
ચંબેલીનારે, જાઇના લાવોરે રાજ. એસા થઇ તા થઇ.
પડદામાંથી બાહાર આવી.

રાણુકદેવી—થાય છે ધાર્યું દેવનું, માનવી કરે વિચાર;
સોલંકીયુ વેવા ચયો, તેને પરણે રાઓંગાર.
ઓંગાર—બ્રેગદા તારે કારણે, મેં હોર્યું મોટું વિઘન;

જુધ દારૂણ ચાલશે, રજે છવાશે ગગન.

રંગલો—(ગનગાં) તારેજ પુસ નેકળશેતો.

ખેંગાર—હે રંગલા, શું બરબડાછં ?

રંગલો—મેંકું પેલા મંગળ ભાટને પુરો કરો ને સ-ડાવ્યાં શાને કરોછો.

ખેંગાર—ક્રોધે ભરાઇને લાવો એ ભાટને અહીં લાવો.

રાકણુકદેવી—મંગળ બારોટે શું કર્યું, રંગાજી ?

રંગલો—નખોદીઓ હાકોરને કહે તમે રાણુકદેવીને લાવશો તો રામે રાવણની જેવી વલે કરી તેવી સીધરાજ તમારી કરશે. તે પરથી ઠાકોરે પણ લીધું કે, જે મુખ-થી તું એવાં માઠાં વેણ બોલ્યો છું તે મુખના ગાલ ચી-રી નાખીશ. તેને ગાલ ચીરવાને તેડાવે છે.

ભાટને અવળે હાથે બાંધીને લાવે છે. તેવારે ખેંગા-રને રાણુકદેવી કહે છે હે રાજ એ શું કરોછો.

ખેંગાર—આ ભાટના ગાલ મારી કટારે ચીરછું.

રાણુકદેવી—હે રાણા તાઢા પડી મારી અબળાની વિનતી સાંભળો. ભાટના મુખતો એમ ના ચીરાય. લાવો પેલી સુનૈઆની થેલી ને હીરા માણેકની પેટી; તેમાંથી મુ-ઠીઓ ભરી ભરી એના મોહમાં ખુબ ઠાંસો એટલે ગાલ ફુલીને ફાટશે. એથી તમારી કીર્તિ અમર થશે, ને ગામે ગામ ને દરબારે દરબાર ગવાશે. આપણ પરણ્યા તેની ખુશીનો સરવેને સરપાવ કરો.

ખેંગાર—બલી જુગતી ઠકરાળાંએ શોધી. હવો તમા-રે ધમ કરો. ભાટના હાથ છોડી તેને માથે પાઘડી બંધા-વે છે, ને શેલું ઓઢારી તેના મોડામાં સોનાની મોહોરો ને હીરા ભરે છે. ભાટનું મોહ ભરાય છે એટલે તે ઉં ઉં

ઉં કરે છે તે હાથ વતે બતાવે છે કે બસ થયું. તેના ગા-
લ ખુબ ફુલ્યા છે. રંગલો કહે છે-ઓ ભાટ મુવો રે, મુવો
ગલ્યા એ મરવું તો સારૂ. લો મારા ગાલ ઓગ ભરો,
ભાટ આપણા બેનો ભાગ વગેરે બોલી હસાવે છે. ભાટ
ચાલ્યો જાય છે.

રાણકદેવી આંબડું ગાય છે—સાંકડી શેરીમાં ગુણી-
ગલ રાજ મળ્યા, સાથે છેલ બે ચાર; ઝાંઝરને મસે હું
ઉતરી, રાજ માની લેજો જુહાર. મુને જોબનીઆંની પીડુ
રે હાં, મુને જોબનીઆં પીડુ રે, મને લેઇને રઢીઆમાં બાં-
ડોરે રાજ. અનીજ રે પીયુ વીના સુખ નવ થાય રે રા-
જ. અની. ગુણવંતા જીરે જીરે, સુંદરી સંદેસો મોકલે;
મારા રઢીઆળાને કહેજો જુહારરે રાજ અની ગુણવંતા
જીરે જીરે, મેંતો માથું ગુંથીયું, ને લટ વીસરી; ગુણવં-
તાને જોવા નીસરી રાજ. ગુણવંતોજી આવ્યા શેરી રે હાં.
ગુણવંતોજી આવીઆ શેરાંએ, મેંતો ફુલડાં નાંખ્યાં વેરીરે
રાજ. અનીજરે રાજ મેંતો ફુલડાં નાંખ્યાં વેરી રે રાજ.
ગુણવંતોજી આવીઆ અડકીરે હાં; ગુણવંતોજી આવ્યા
અડકીએ; મારી દુઝણી જોટો ભડકીરે રાજ. અનીજરે
મારી દુઝણી ઝોટો ભડકીરે રાજ. મારૂં નાકનું મોતી લેજો
રે, મારા ગુણવંતાને જોવા દેજો રે રાજ. સગીરે નણંદના
વીરરે, તમે લાવો દખણના ચીરરે રાજ. તા થઇ તા થઇ.

રંગલો—ફાંફરો ફાડું.

હાકોર—દાંત પાડું.

રંગલો—માંથું વાઢું.

હાકોર—અલ્યા રંગલા તું કોને કહે છે રે લુચ્ચા.

રંગલો—ભૂલ્યો ભૂલ્યો બાપજી. મેં જાણ્યું હું ચેલા

મંગળ ભાટને કહું છું. પણ તે ઢળ્યો તો મારો ભાગ આલ્યા વના નાસી ગયો.

ઠાકોર--ભાટને મળેલા સરપાવમાંથી ભાગ માગે એવો તું નઠારો છે, જા તારૂં મારે કામ નથી.

રંગલો—મુવો, મુવો, મુવો, મુવો, મુવોરે, મુવો, મુવો રે મુવો.

રાણુકદેવી—કેમ રંગીજી જીવોછો ને મુવો મુવો સીદ કહો છો ?

રંગલો—મેં જાણ્યું મારા મોહોમાં તમે હીરા ભર્યા; બુબ ગડબી ગડબીને ભર્યા તેમાંના થોડા પેટમાં ઉતરી ગયા તેથી મેં જાણ્યું હું મરી ગયો.

રાણુકદેવી—તો લ્યો તમને ખરેખરા હીરા જમાડું એટલે ખરેખરા મરશો.

રંગલો—ના બા ના, તમારા હીરા મારે નથી ખાવા. જે અલાવાનું કહ્યું તું તે નથી અલાવતાં તો હીરા શું આપવાનાં છો ?

રાણુકદેવી—મેં તમને શું આલવાનું કહ્યું હતું?

રંગલો—જ્યારે તમે સીમાડે ગધાડાં ચરાવતાં હતાં, અને પાણીની તરસ લાગી હતી ત્યારે તમે તલાવડીમાં બેઠાં બેઠાં પાણી પીતાં હતાં, અને બેવામાં હું મારે બાંડીએ ઘોડે બેસીને જતો હતો ત્યારે તમે મને કહ્યું હતું કે સેરાઠના ધણી રાબેંગારને વરી જુનાગઢ આવીશ ત્યારે રંગજી ઠાકોર તમને એક ગામ અલાવીશ તો હવે લાવો. અલાવો.

બેંગાર—અલ્યા રંગલા તું ગામને શું કરીશ? કરડીશ કે ?

રંગલો—હોવે, ગામને બચકાં ભરીશ, બાઇશ, ને મ-
ને ગગશે તે કરીશ આલો તો બરા.
ઝેંગાર—તારૂં ગામ કયું રંગલા.
રંગલોં—મારૂં ગામ કજેતા.
ઝેંગાર—લે તારે ગામ તો છે ને.
રંગલો—એ ગામમાં તો મારૂ ઘર છે. એ ગામનો
હું ધણી નથી.
ઝેંગાર—તો ગામ તારી સ્ત્રીને ગામનો તું માટી
ઝોગ કરવું છે તો કાલે સવારે ચોખ્ખે પાણીએ મોહ ધોઈ
ને આવજે.
રંગલો—વારૂં આવ્યા આવ્યા, એ બધી ઉડાવાની
વાતો. હવે બાવું, પીવું, ગાવું હોય તો ગાઇ લો, ને ભ-
ગવાનને સગરી લો, હવે વખત થોડો છે. કાંઇ લાજ શર-
મ છે ! છી, છી, છી, છી, થુ, થુ, થુ, થુ.
ઝેંગાર તેને એક બે છકડો લગાવે છે એટલે મુવો-
રે, તું મુવોરે, એમ બુમો પાડતો નાશી જાય છે.
હકરાળાં આંબહુ ગાય છે—અમે સરોવર ગયાતાં
પાણીરે હાં, અમે સરોવર ગયાતાં પાણીરે; ગુણવંતીજી ઉ-
ભા દાણીરે રાજ; હુંતો દેખીને લજવાણીરે હાં; હુંતો દે-
ખીને લજવાણીરે; મેંતો ઘુંઘટ લીધો તાણીરે રાજ; મેં-
તો ઘુંઘટ લીધો તાણીરે હાં. મેંતો ઘુંઘટ લીધો તાણીરે,
મારી નવરંગ ચુંદડી બીન્નણીરે રાજ.
રંગલો—રોહો રોહો બાભીજી, આવો કાનમાં વાત
કહું. એમ કહી હકરાળાંના કાનમાં કહેછે કે ઠાકોર પર
સ્ત્રી પાગળ લાગ્યા છે, મારા બાસડાના સમ જુહું કહેતો
હોઉં તો.

ઠકરાળાં રીસાઇને ગાય છે—અની હો હાકોરનું પર નારી ચીત લાગ્યુંરે રાજ. ભાઇ તેણે કરી દીલ ભાગ્યું. તમે મને જુઠા હાથ વાઓ; તમે મને મારી ઘેર જાઓ રાજ. તમે સનેહડોના વેરીરે રાજ; અહીંથી પરારે તમે જાઓનેરે રાજ. જુઠા બોલા રાણા અહીંથી પરારે તમે જાઓનેરે, રાજ બોડાઇમાં દીહા. અહીંથી. અમને રંગજી ભઇએ કીધું, અહીંથી. અમને કાકોજીએ કીધું. અહીંથી. પેલી ગલાલીના વલુંધા, અહીંથી. અમારી સૈયરો દેશે મેણાં અહીંથી. અમારી લોકમાં થારે હાંસી અહીંથી. રાજ સદાના છો જુઠા તાં થૈ તા થૈ.

અની જીરે જીરે આલી માલી ચપટી આલી. (એજ ત્રણ ચાર વખત બોલવું) કાકુજીને કહેજ્યોરે, આલી માલી બાપુભાને કહેજ્યોરે, આલીમાલી.

બેંગાર—હે રંગલા.

રંગલો—હે રાજ.

બેંગાર—અમને બેને લડાવી મારવાને ઠીક ઘાટ રચ્યો છે. તું નીમકહરામ થઇ ઠકરાળાંને જુઠું સમજાવી ટંટો કરાવે છે કેમ. પણ ઠકરાળાંએ મારા ઉપર મોહેની નાખી છે. હું તો દુનીઆમાં એનેજ દેખુછું. ગાય છે—મોહ્યો મોહ્યોરે મુખને ચંદે; એણે મને મોહ્યોરે મુખને ચંદે. મોહ્યો મોહ્યોરે હાર ગળુ બંધે; એણે મને મોહ્યોરે હાર ગળુ બંધે. એણે મને બાંધ્યારે પ્રેમને પાશે; મોહ્યો મોહ્યોરે ચંદ વાસે. મોહ્યો મોહ્યોજી હસ્ત કમળે; મોહ્યો મોહ્યોજી કુંભ સ્થળે. મોહ્યો મોહ્યોરે અળકા લટે; મોહ્યો મોહ્યોજી કેસરી કટે. મોહ્યા મોહ્યા અરગજાને બેહેકે; મોહ્યો મોહ્યોરે ચાલને લેહેકે. મોહ્યો મોહ્યોરે સ્નેહને નગને; મોહ્યો મો-

ત્યારે હંસાગમને. મોલ્યા મોલ્યારે ઝાંઝરને ઝમકે; મોલ્યા
મોલ્યા ઘુઘરને ઘમકે. હુંતો મોહોના ફંદમાં પડીઓરે;
હુંતો રાજના કાજ વીસરીઓરે.

રાણકદેવી ગાય છે—અની જીરે જીરે ઢાળના ધુ્આ-
કાજીરે, અની જીરે જીરે ઢાળના ધુણાકા તેતો મારી પાં-
સલીઓમાં સાળેરે, અની. તારે રાવટડેના જાશો, અની
રાવટડેના જાશો. રાવટડો રાજ બંકા, અની રાવટડો રા-
જ બંકા. અની પનીગારી થાઉ જીરે જીરે, તારે ચોક વ-
ચે વાવડી ગોદાવો અની જીરે જીરે તારે ચોક વચે વા-
વડી ગોદાવો, અની ગુણવંતા જીરે જીરે, હું પાણીડાની
ગસે મસે આવું, અની ગુણવંતા રૂડા રાજ, સલુણા રૂડા
રાજ. થૈ થૈ તા થૈ.

સોનાના સાંકળીયાં, રાજ રૂપાના માંદળીઆરે, જીરે
જીરે. અની ગુણવંતા જીરે જીરે; તે તો મારે સોહાંઓરે,
જીરે જીરે, ગુણવંતા જીરે જીરે. ઓલડી સોનાની રાજ, એની.

હાકોર—હે રંગલા.

રંગલો—હે રાજ.

હાકોર—ઠકરાળાંએ શું કહ્યું ?

રંગલો—ઠકરાળાંએ કહ્યું અમારે સોનાની ઝાલ જો-
ઇએ, કાને પહેરવાને.

હાકોર—આણીકોર ભાલગાં જાઇશું ત્યારે એ ઓલો
લાવીશું.

ઠકરાળાં—રંગજીભાઇ, એ ઓલોને શું કરે. મારેતો
સોનાની જોઇયે સોનીને ત્યાં ઘડાવીને લાવે તે.

હાકોર—અમલપાણી કસુંબા થશે ત્યારપછી ઘડાવીશું.

રંગલો—સાંભળોછો ઠકરાળાં, અમલપાણી કરાવો
પછી ઘડાવીશું, ધમ કહું છે.

ઠકરાળાં છોડીને બોલાવે છે, કસુંબા પાણી કરે છે, ને ઠાકોરને ઠકરાળાં બંને એક એકને પાય છે. ઠકરાળાં ગાણું ગાય છે—કાઠો કસુંબા કેસર વરણારે જીરે જીરે, કાઠો. અમલી તે આરોગેરે, હો મારી નણદીના વીરા. (એ ને એ ત્રણ ચાર વાર ગાય છે) એકવાર લોનેરે રાજ, બીજીવાર લોનેરે રાજ, ત્રીજીવાર લોને રાજ, ચોથી વાર લોને રાજ, ચોથી. એસા થૈ તા થઇ.

હે અમલના ઘેરાણા મારે મોહોલે પધારો, હો અમલાના છાકયા મારે મોહોલે પધારો હો રાજ. આજના અમલાસે મારા આછા સાળુ ફાડયા હો રાજ, હો અમલા ના. બેગડી મુકોમાં મારી નથની ચુચાંણું હો રાજ. હો અમલાના.

રંગલો—ઠાકોર હવે તમારે ઢોલીએ નહીં સુવે; એ-તો કાગારણમાં સુશે. જુનો પેલા કાસદ આવે છે તે શા સમાચાર લાવ્યા.

કાસદ રાખેંગારને સલામ કરી કહે છે કે ગુર્જરદળ દેશ ચાંપે છે. અસંખ્ય સેના લઈ પાટણનો રાજા ચડી આવ્યો છે, અને સોરઠની રૈયતને પીડે છે.

રાખેંગાર—જાગરૂત થઈ કમરમાંથી તરવાર તાણે છે ને ફેરવતો ઉરેછે, અને કામદારને બોલાવી સેના સજ કરવાનો હુકમ આપી સર્વે જાય છે.

સીધરાજ તેના પ્રધાન અને તેની સેના આવે છે. તેની મેલણી–આવે મારો ગુરજર દેશનો રાય, આવે મારો પાટણનો મહારાજ, તા થઈ તા થઇ.

રાજા—હે પ્રધાનજી, બધી તૈયારી થઈ રહી કે કાંઇ બાકી છે?

ચ કરવા માંડીએ રાજમંડળ સર્વ ભેગું થયું છે, નાગોર નો રાજા, રતલામનો રાજા, અચળગઢનો રાજા, આબુનો રાજા, ગોધ્રાનો રાજા, માનદેશનો રાજા, મરેઠો બાદવરાય, ઉત્તર, દખણ, પુરવ ને પશ્ચમ ચારે દશના મંડળીક રાજા પોત પોતાની સેના સાથે હાજર થયા છે. એ સઘળા કહે છે કે સોરઠના રાખેંગારે બોટું કામ કર્યું. એણે મહારાજનું અપમાન એટલું કર્યું છે કે એને જડ મુળથી ઉખેડી નાખવો જોઇએ.

રીધસજ—રાગ ઝરખે બેહકર, સબકા મુજરા લેત;
જૈસી જીનકી ચાકરી, ઐસા ઉનકું દેત.

અન્યા કરનારને સજા કરનાર ભગવાન સમરથ છે. માણસ, પછી રાજા કે રંક, જેવું કરશે તેવું પામશે, જેવી કરણી તેવી પાર ઉતરણી. મારાથી તગારાથી શું થઈ શકે ? કાંઈ નહીં. કરતા હરતા પ્રભુ છે. વાગદાન કરેલી કન્યા બળાતકારે લેઈ ગયો તે પ્રભુ કેમ સાંખશે. ધર્મશાસ્ત્રનો નીગ ભંગ કરી બેંગાર પરમેશ્વરનો ચોર થયો છે, તે ઈશ્વરી ઇછાથી મારે હાથે સજા પામશે. પ્રભુ આપણને જસ આપમે કેમકે આપણી તરફ ચત છે, ધરમ છે, ને બળ છે. કરનારનો હરી છે. હું કે તમે, કે કોઇ બીજું તો નીમીત માત્ર છે. ગાય છે, ને બીજા ગાવા લાગે છે- હરી કરે તે થાય, ભાઈ હરી કરે તે થાય; માણસનું ધાર્યું મીથ્યા જાય, ભાઇ હરી કરે તે થાય; કીધાં કરમ ભોગવવાં ભાઇ કીધાં કરમ ભોગવવાં; આ લોકમાં કે પરલોકમાં ભાઈ કીધાં કરમ ભોગવાં. રંકથી તે રાય સુધી છે સૌનો તે ધણીરે છે સૌનો તે ધણીરે ભાઇ છે સાચો. પાપી પકડાય વેહેલેરો મોડો, ભાઇ પાપી પકડાય વેહેલેરો મોડો એ ન જાશો વીસરી, ભાઈ એ ના જાશો વીસરી;

હરી કરે તે થાય, ભાઇ સૈનો છે તે ધણી, (એ બે ત્રણ વાર ચડાવીને ગાવું.)

પ્રધાન—મહારાજ આજે ત્રીજે પોહોરે આપને ઉપાડવાનું મુરત છે.

સીધરાજ—ઠીક એ વખતે ચાલવા માંડીશું.

રાણી આવે છે તેની મેળણી—માલી લાવે મોગરો ને કુંભાર લાવે જળ કુંભ; સારા સકન જોઇ સાંચરો, મારા પીયુડા રાજ અનુપ. એસા થઇ તા થઇ.

રાણી—ઉદાસ મૂખે, હે રાજ, મને તમારી હારે તેહી જાઓ. મને એકલાં નહીં ગમે, તમને એકલાં નહીં ગમે. પીયુની સેવા કરવાને પતિવ્રતા નારી જોડે જોઇએ.

સીધરાજ—સાથે ન હોય સુંદરી, જ્યાં જુંઝ કરે શૂરવીર;
જય કરી વહેલા આવશું, રાણી દ્રીએ રાખો ધીર.

રાણી—કેમ રહે ધીરજ રાયજી, કેમ વસીએ એકલ વાસ;
પીયુ પધારે પરદેશડે, ત્યારે સૂણની મેલે આશ.

હે રાજ, તમારાવના આ મહેલ મને જંગલ જેવો લાગશે, મારે મનતો હું એકલી લાગીશ. તમારાવના મને રમવું નહીં ગમે, મને જમવું નહી ગમે, મને ફરવું નહી ગમે, મને બેસવું નહી ગમે, મને સુવું નહી ગમે. જેમ એક હાથે તાળી પડતી નથી તેમ ભરથારવના ભાગનીને સુખ નથી. હવે તો ઘરે દહાડે મળીશું માટે મારે હાથે કસુંબા પીને સીધારો. ગાય છે—આજ અગલાં મંગાવો આગળ, તેના કાઢોરે કસુંબા ગાળી ગાળી; પીયેાને ગુણયલ પાતળા એક હાથે ન પડે તાળી રાજ, અનીછરે છરે એક હાથે ન પડે તાળી રાજ. અનીછરે છરે ઘેર રોહો રોહો, ચાલવા નહી દેઉ રાજ. અની છરે છરે ઘેર રોહો તો કસુંબા પાઉં રાજ. અની છરે છરે મારા અબળાનો

સધરા જેસંધનો વેશ.

શો વાંક રાજ; અની જીરે જીરે મારા અબળાનો આધાર
રાજ. અની જીરે જીરે મારા અવગુણ પાલવ નવ બાંધોરે
રાજ. એસાથઇ. રાજ સોળરે વરસની સુંદરી હો, એને મા-
થે ઝુમકે વેણ કાલો; સોનાના બાજઠ રૂપા થાળી રે; એક
હાથે ન પડે તાળી રાજ. અની જીરે. એસા થઇ. ઉંચી
મેડી ઝાકઝમાલીઆંરે હો, અને ફુલ લાવેજ રાયનો માળી;
મારા પીયુજીની સેજ સમારતાં, એક હાથે ન પડે તાળી
રાજ. અની જીરે, એસાથઇ. આજ મારો બાલમરે ચાલ્યો
પરદેશડે હો, અને બોલ લીજેજ વાળી વાળી. આજ તો
આનંદ નીત્ય દીવાળી, એક હાથે. અની જીરે. એસા થઇ
તા થઇ.

સીધરાજ – સાપ કુંપ ને જળની રેલ, તે સાથે નવ કરીએ ખેલ.
કમુંએ પીએ તે ગધો બને, નીસો ચઢે થાય હાની;
ગાંજો, દારૂ, ભાંગનું, નામ ન દઇએ શાણી.
રાજકાજ સંભાળજો, કરજો મંત્રીને સાહે;
વેરી વશ કરી આવશું, તમે હઠેડે ન રાખો હાય.
શીખ દેતો સંચરીએ, તે કરીએ રૂડાં કાજ;
ઇશ્વર ગાયું એટલું, તું રાખે કૂળની લાજ.

રાણી ગરબી ગાય છે.—

હાંરે પ્રભુ રખ્યા કરો, રખ્યા કરો; ટેક.
હાંરે પ્રભુ રખ્યા કરો, રખ્યા કરો.
મારા પ્રાણ પીયુની રખ્યા કરો; હાંરે પ્રભુ ૧
એના મારગના વિઘ્ન સર્વે હરો.
એના વેરી તે સર્વે અંધ હજો; હાંરે પ્રભુ ૨
એની ઢાલ તે હરી તમે થજો.
એના બાહુમાં બહુ બળ દેજો; હાંરે પ્રભુ ૩
મારા રાજની કાયા કુશળ રેજો.

એના વેરીના ઉમંગ ભંગ થજ્જે;
ધાર્યું શતરૂનું સર્વે વ્યર્થ થજ્જે. હાંરે પ્રભુ ૪
મારા ધણીનું ધાર્યું સફળ થજ્જે;
એના વેરીના જડ મૂળ જજ્જે. હાંરે પ્રભુ ૫
રાત દીવસ રાયનું જતન કરો;
સૌ દુશમન એના ફાટી મરો. હાંરે પ્રભુ ૬
મારી ગુજરી સેનાને કુશળ કરો;
એના ભય સંકટને તમે હરો. હાંરે પ્રભુ ૭
મારા સોલંકી રાયનો જય કરો;
એને મસ્તકે તમે હાથ ધરો. હાંરે પ્રભુ ૮

સજન નાયક આવી રાજાને નમસ્કાર કરી કહે છે—મહારાજ, વાણીઆની નવી પલટણ બનાવી મને સોંપી છે તેને અહીંજ રહેવા દો. વાણીઆ ભાઇના પોતીઆં છુટી ગયાં છે. જુધે ચડવાનું કહું છું કે પોક મુકીને બેસી જાય છે, ને રડે છે.

સીધરાજ—એમને અહીં બોલાવો.

વાણીઆની પલટણ બીહીતી બીહીતી આવે છે, ને હથીયાર નાખી દેછે. રાજા ધમકાવે છે ત્યારે પાછાં લે છે, બહુ ડરે છે, કોઈ રડેછે, કોઈ પોક મુકે છે. સૌના ટાંટીઆ ઢીલા થઈ ગયા છે, ને કેટલાકનાં પોતીઆં છુટી ગયાં છે તે હથીઆર ભોંય મુકી પહેરે છે.

રાજા—એમને ચોરણા પહેરાવો, આ પોતીઓ તો નહીં ઠીક પડે.

સજન—મહારાજ એમને ચણીઆ પહેરાવો, એમને ઘાઘરા પહેરાવો, ને ચુડા પહેરાવો ને સાલા પહેરાવી ફોજનું દળણું દળવા રાખો. લઢવામાં એ બાયલા લોક નહીં કામ લાગે. કણબી પણ એવાજ બાયલા છે તેમને લાકડાં

ચીરવા રાખો. એમને હથીઆર નકામાં ઝલાવ્યાં છે.

વાણીઓ—હા શાહેબ હા, પણ આગળ કે પાછળ ?

બીજો વાણીઓ—રે મહારાજ નાણા લેઇને અમારો છુટકો કરો આપજ્ઞ.

રાજા—નહીં, નહીં, મારે તમારા નાણા નથી જોઈતાં, મારેતો તમને લઢવૈયા કરવા છે.

ત્રીજો વાણીઆ—ટો હમે બકરીઓની સામા લઢીશું, ડોશીઓ જોડે લઢીશું, બાયડીને મારીશું. વળી કહેટો હમે ઝબે લઢીએ. મોટા વરઘોડા કાઢીએ, ને ગાળો ભાંડીએ.

રાજા—આ થયો તમારો વરઘોડો, જુવો કાંઈ લાજ શરમ છે.

૪ થો વાણીઆ—અડે મહારાજ અમે વાણીઆભાઈ ટે શું જુધ્ધ કરવાના હટા બે ચાર છાટીના હાગા હોય ટે વાણીઆ લટે, પણ બીજટો નાશી જાય, ને હજકાઈ ગઇ. (પાછળ અવાજ સાંભળીને ચમકે છે) બાયલું બોલી તીખળ કરી રાજાને હમાવે છે. એવામાં રાણેંગાર, અને તેની ફોજ આવે છે એટલે વાણીઆ ભાગી જાય છે.

રાણકદેવી (રડતી રડતી એંગારને કહે છે—હે સ્વામી કોઈ રીતે લાજ રહે ને વગર વઢે પતતું હોય તો પતાવો. આપણા ભાટને સીધરાજ પાસે મોકલો કે સલાહ કરે. આપણું નાનું લશ્કર કેમ ટકશે. ગુર્જરી સેના બહુજ મોટી. મેં ગઢ ઉપર ચડીને જોયું તો તેનો પાર લાગો નહીં. મારે માટે આ આફત આવી છે. હું કાં મોઇ નહીં. જનમતા વારને મને મારી માડીએ વીખ દીધું હોત તો કેવું સારું થાત. પરમેશ્વરે મને રૂપ શું કરવાને દીધું મારા એંગારરાયને, મારા પીયુજીને આમ દગાથી હું

શીદ અવતરી હઇશ ! હે નાથ મને પ્રથમ મારો, મારૂં માથું વાઢો, પછી રણમાં પધારો. હું રાજની દીકરી છું; હું જાણું છું કે જુધ કરવું એ રાજપુત્રનો ધરમ છે, પણ આ સમે આપણું કાંઈ ફાવે તેવું લાગતું નથી, તેથી મારા પ્રાણ કાંપે છે, મારી દેહ ધ્રુજે છે. ગુરજર રાજા મહા બળીઓ છે, એથી બધા રાજા બીહીતા રહેછે, કહેછે કે એની હાકે ઇંદ્રના હોસ ઉડી જાય છે.

"જગત કાંપે છે એને ધાકે; એણે પૃથ્વી ચડાવીછે ચાકે.
ક્ષત્રી સાથ રેહે સર્વે બીહીતો, તેને તમો કહીપરે જીતો.
મંત્રી રહ્યો છે દંત કરડી; શું જાઓછો મરડી મરડી.
સસી સૂર્ય વંશ નૃપ જેહ; તેની થર થર ધ્રુજે દેહ.
માટે પહેલાં મુજને મારો; સ્વામી પછે રણમાં પધારો.
એમ કહી ભરતી લોચન; દેખી વારેછે સ્વામીન."

જેંગાર—હે નારી તુ ક્ષત્રીની પુત્રી થઇને આ શું કરે છે. એકવાર સૌને મરવું છે. અગર કોઇ નથી. નાઠે મારા કુળની લાજ જાય; મારાં માત પીતાને, મારી સો પેઢીને લાંછન લાગે.—

" નથી ઉગર્યાનો ઉપાય; તારે ભય પામે શું થાય.
મૈાગર જોલે મણીધર ડોજે; ન રોળેતો સર્પને તોલે.
ધન ગાજે કેસરી દે ફાળ; ન ઉછળેતો જાણે શીઆળ.
ક્ષત્રી ન સાંડે દેખીને દળ; ન હોય પુરૂષ જાણવો વ્યંડળ
હાંકયો વાધ ન ગાંડે કાન; ન હોય સારદુળ જાણવો સ્વાન
ધરમાં ધોંજારો રેહે જેસી, જુધે ચરણ વનાને રહે જેસી."

એ બોલતાં ખુબ ઉસેકેરાયો. શરના આવેશમાં હોંકારાની સાથે રાણીને અળગી કરી સીધરાજ ઉપર ધસે છે અને રાજ અને તેગની ફેજો લડે છે. વઢતાં વઢતાં જે-

ગારના જોધા પડે છે, ને ગુરજર નાયકા તેને પકડી બાં-
ધી લેછે. ગુજરી ફોજ જગના હોકારા કરે છે. બાંધેલા
ઓંગારને અને રાણુકદેવીને કારે એસાડે છે. તે વેળા રા-
ણીની આંખોમાંથી આંસુ પડે છે. તેને ઓંગાર ધીરજ આ-
પે છે ને કહે છે.—

"મારા મનમંદિરે સુંદરી, આંખો કરો મુખ ચંદ;
બંધન બે દુઃખ અધિક છે છે, તારા આંસુડાના બીંદ."

મેં મારા કુળને લજવ્યું નથી, મેં મારા નામને
ખેપ લગાડી નથી. બે લડે તેમાં એક હારે એવું પરા પુ-
ર્વથી થતું આવ્યું છે. મેં પાછી પાની કરી નથી. દગા
કપટથી, અને શત્રુના મોટા દળથી માત્ર હું જીતાયો છું.
ઓમ વાનો કરે છે એવામાં સીધરાજ ઓંગારનું માથું વા-
ઢવાનો હુકમ કરે છે. સીપાઇઓ તેને પકડી લઇ જાય
છે રાણુકદેવી તેની પાછળ દોડે છે. સીધરાજ તેને પકડી
રાખે છે. રાણુકદેવી તેને તરછોડી કહે છે મને સત ચડયું
છે. હું તારા મોહેલમાં આવવાની નથી હું બળી મરીશ. જો
તું મને છેડીશ તો હું તને શાપ દઇશ. આવતે ભવે
તારે મારી બેરે પરણવું હોય તો મારી જોડે બળી મર.
સીધરાજે તેમ કરવાની ના પાડી ને કહ્યું કે તું એકલી
બળી મર એમ કહી સર્વ જાય છે એટલે વેશ પૂરો થાય
છે. પછી વખત હોયતો નીચેનો સતીનો ગરબો ગાવો.
બાકીના કાળમાં સતી થતી તેવારે શું બનતુ, રાણુકદેવી
સતી થઇ તેવારે શું બન્યું હશે તેનો કાંઇક વિચાર એ
ગરબાથી આવશે.

એ ગરબામાં બીનતવાર કેટલીક હકીકત વર્ણવી છે.
વડનગરા નાગરની જાતમાં સુરતમાં આજથી ૧૪૦ વરસ
પર એક સતી થઇ હતી. સતી થનાર શીવબાઇને સાસરે ધ-

ણું દુઃખ હતું એવી ઘરડાં વાત કરતાં. રંડાયા પછી એવાં દુઃખમાં જીવ્યા કરતાં મરવું ભલું એવું આકળા સ્વભાવની સ્ત્રીને લાગે એમાં નવાઇ નથી. સતીઓના પરતાવીશે જે ગયો ચાલે છે તેવી એ ગરબામાં છે. પણ તેને બાળનારે માની નથી કેમકે તેમની ખાત્રી થઇ હોત તો તેઓ તરવાર ને ભાલા લઇને ચીતા આગળ ઉભા રહેત નહીં. એ ઉપરથી ભોળાને પણ સંધે પડવો જોઇએ. ગરબો બનાવનાર એજ વખતે, અને તે જોવામાં હતો એવું ગરબાપરથી જણાતું નથી; તેણે સાંભળેલી વાતો લખી જણાય છે. એ સતીનો ધણી દીલ્હીમાં મરી ગયો, તે વાત કાગળે જણી. લાલાસદાનંદ સતીનો જેઠ હતો

સતીનો ગરબો—શ્રી સરસ્વતીને વીનવું, ને ગણપત લાગું પાય; સતી માતાનો ગરબો ગાઉં, અંબા કરજો સાહે. સતીમા જોર થયાં. ૧ સંવત ૧૭૯૭ ના ભાદરવા વદ સાર; દ્વાદશી શુભવાર ગુરૂએ, સત ચડયું નીરધાર. સતીમા જોર થયાં. ૨ જે દહાડાના સ્વામીજી પધાર્યા, તે દહાડાનું જાણ્યું રે; દુધજ પીને પ્રાણુજ રાખ્યા, ઘરમાં કોઇએ ન જાણ્યું. સતીમા. ૩ પેહેલા પોહોરનું સત ચડયું, જે વારનો કાગળ વાંચ્યોરે; આપ રૂપ થઈ પોતે બેઠાં, પુરવ જનમનો સાંચો. સતીમા. ૪ સુરતમાં એવો સો૨ પડયો જે, નાગરમાં સતી થાયરે; નાનાં મોટાં જોણે સાંભળ્યું, સહુકો જોવા જાય. સતીમા. ૫ સગાં કહેરે બાઇ શું કરો છો, થાયછે આપણી હાંસીરે; જ્યારે માથે સંકટ પડશે, જાશે સઘળા નાશી. સતીમા. ૬ શીવબાઇ કહે મને સત ચડયું છે, હું નથી કાંઇ કાચીરે; જે કહેશે તેને પરતો દેખાડું, મારી વાત છે સાચી. સતીમા. ૭ સંસારમાં

બેન સહુને હોય છે, એવી ન કરીએ વાતરે; સગાં કહે બાઇ છાના રેહોની, કયાં કરેા ઉત્પાત. સતીમા. ૮ કાગળ લઇ બોળામાં બેઠાં, મારે તેા હવે બળવું રે; સગાં સહોદર ભાઇ શાંડુ, મારે સંસારને શું કરવું. સતી. ૯ સતીમાને ઓ રડે બેસાડી, આહારથી દીધું તાળું રે; તાળું તેા બાંધી પડયું, હવે કહેાતેા હવેલી બાળું. સતી ૧૦ એક હાથમાં સાત સેાપારી, બીજી મુઠીમાં રૂપૈયા બેરે; લાલાસદાનંદ સતીને કહે, હવે મટાડેા સંદેહ. સતી ૧૧ સતીમા કહેરે લાલાસદાનંદ, અંજાનું નાગ લેરે; એક હાથમાં સાત સેાપારી, ને બેમાં રૂપીઆ બે. સતી ૧૨ કંકૂ કહાડી સહુને દેખાડયું, સદાનંદ કહે સાયું રે; ચાલેા હવે રજા લેવા જઇએ, અહીં નથી કાંઇ કાચું. સતી ૧૩ લાલાસદાનંદ અસ્વાર થઇને, દરબારમાં તેા આએવારે; ઠાકેાર કુસનદાસ, મેહેતા માણેકચંદ દીવાનજી બેલાએવારે. સતી ૧૪ ગણે ગણી વીચાર કરીને, બાં સાહેબ કને આએવારે; ઠાકેાર કુસનદાસે અરજ કરી, બબર નથી અમે લાએવારે. સતી ૧૫ બાં સાહેબે વાતજ પુછી, તેનેા તે ઉત્તર દીધેારે; તારે નવાબે રજા આપી, પાડેા માની લીધેા સ૦ ૧૬ લાલાસદાનંદ રજા લઈને, હવેલીએ આવ્યારે; આપ રૂપ થઈ સતીમા બેઠા, સર્વે કેાઇ મન ભાવ્યાંરે. સતી ૧૭ ચાકર નકર સહુ કેાઈ આગે, ગાતા આમને આપેારે; હાથ ચેાળી અંગારા કહાડયા બેઠા બેઠા તાપેા. સતી ૧૮ લાલાસદાનંદ વિનતી કરે છે. ઉભા બે કર જોડીરે; કહેાતેા ગાતા રથ મંગાવું, કહેા તેા મંગાવું થેાડીરે; સતી મા કહેરે રથ મંગાવેા, બળદ આપણા જોડી. સતી ૧૯ ઢાગ ઢાગથી લેાકજ આએવા, કહે માહેરમાં વાતેારે; સતી ગાતા તેારણે આવ્યાં, દીધા કંકુના હાથ. સતી ૨૦ રગટુમ કરતાં રથમાં બેઠાં, પાસે બેન ને

માશીરે; નાગર લોક સહુ જોવા ઉભા, દુર્લભ દર્શણ કર્યાં-
થી. સતી ૨૧ લોક તણી બહુ ભીડ મળી છે, તેને આઘા
કાઢોરે; જ્યારે સતીએ રથ ચલાવ્યો, ત્રણ ગડી રહ્યા દ-
હાડો. સતી ૨૨ નાણાવટથી રથને હાંકયો; સદાનંદ અ-
સ્વાર થાય; રથની પાછળ લોક દોડે, જે આંબે કહેતા જા-
ય સતી ૨૩ દોસીવડ (વટ) થી રથ દોડાએવો, કેળા પી
ઠે તો આએવોરે; થાળ લઇ કંકુની બેઠાં, ઝવારે વધાએ-
વો. સતી ૨૪ લાલ દરવાજેથી રથ ચલાએવો, તે અશ્વની
કુમાર આએવોરે; તાંહાં સતીએ આજ્ઞા દીધી, મસાલ સળ-
ગાવી લીધી. સતી ૨૫ અશ્વની કુમારથી રથ ચલાએવો,
ગુપ્તેશ્વરની વાટેરે; રથની પાછળ લોકજ દોડે, ભત્રીજા બે
સાથે. સતી ૨૬ ગુપ્તેશ્વરથી રથ ઉતાર્યો, સોગનાથગાં તે
આએવોરે,; રથેથી ઉતરી સતી માએ, સદાનંદ બોલાએવો;
સતી. ૨૭ સતીમા કહેરે લાલાસદાનંદ, સાંભળો, મારી વા-
ત; સુરજ દેવતા અસતજ પામ્યા, રહેવું પડયું છે રાત.
સતી ૨૮ લાલાસદાનંદ વિનતી કરે છે, સત ઉતરી કહી જા-
શેરે; પ્રભાતે બળાશે નહીં તો, લોકમાં હાંશી થાશે. સતી
૨૯ આટલો પરતો તમને દેખાડયો, તોએ તમે નહી માનો
રે; મારૂં સત ઉતરી નહી જાશે, તમો નિશ્ચે કરીને જા-
ણો. સતી. ૩૦ રાત વેળા અમે બળી મરીએ, સાંભળો
બેન ને માસીરે, નાગર લોક સહુ એમ કરી કહે-
શે; સતી થયાં છે નાશી. સતી. ૩૧. પાંચ દિવસનું
સત છે મારૂં, વાત કહું નિરવાણરે; નાગર લોક સહુ દે-
ખતાં, હું બળું ઉગમતે ભાણ સતી. ૩૨ તાંહાંથી સતી
એ રથ ચલાએવો, મુનશીની વાડીમાં આએવોરે; રથેથી
ઉતરી બેરાં બોલાએવાં, ગાએો બેન ધન ધન દહાડો. સતી.

૩૩ આણુંદી આણુંદી આણુંદમાં બેહાં, વાત કરે છે બી-
દીરે; એટલી સતી ઘણી થઇ, પણ એવી કોઇ ન દીઠી.
સતી. ૩૪ પાછલી રાતે કાંઠે આએવાં, જ્યાં ક્રિયા સ્વ-
ળી થાયરે; ગોર કનેથી તુલસી લઇને, સતીમા નાહાવા
જાય. સતી. ૩૫ સતીમાતો નાહાવા બેહાં, મારી બુડકી
૧૦૮ રે; એકે સાસે બુડકી મારી, કોએએ ન સાહેઓ હાથ.
સતી. ૩૬ લાલાસદાનંદ કાંઠે ઉભા, વિમાસણ મન આવેરે;
બે બ્રાહ્મણ પછવાડે મૂકયા, રખે તાપીમાં ઝંપલાવેરે. સતી.
૩૭ તેણે સમે માછી નાહીને નીસર્યાં, ગાયની પુન્ન કીધીરે;
ગોર ગોરાણીને ગાય છે વચમાં, પ્રદક્ષણા તેમની કીધી.
સતી. ૩૮ ગોરાણીને ધરેણ આએપુ, ગાયને નામ્યુ ઘાસ-
રે; ગાય તજેથી સતીમા નીસર્યા, સુરજ ઉગ્યાની છે આશ
સતી. ૩૯ ગાય ગોરને પગે લાગી, સતીમા કહે છે વાતરે;
ચાલો હવે હવન કરીએ, થોડી રહી છે રાત. સતી. ૪૦
સતી માતાતો હવન કરે છે, લોક કરે છે વાતરે; લાલાસદા
નંદ સગાં સહોદરા, આએપાં નાળીએર સાત. સતી. ૪૧
જોવરે સતીએ નાળીએર આએપાં, સગાં સૌ આંસુ પાડેરે;
શીવબાઇ કહે તમે રોતાં રહોની, બધરાંને કોણ વારે. સતી.
૪૨ સતી માતો હવને બેહાં, પાસે કંકુની થાળીરે; ચુડો
ઉતારી ગોરને આએપો, નાકે રાખી વાળી. સતી. ૪૩ સ-
તીમા તો હવન કરી ઉઠયાં, હાથમાં લુધડાં લીધારે; કાંઠે
આવી નાહી કરીને વીધીએ તરપણ કીધાં. સતી ૪૪ પ-
રભાત થયે સુરજ ઉગ્યો, તેની પુન્ન કીધીરે; સુરજ દેવ-
ની વિનતી કરીને આજ્ઞા માગી લીધી. સતી. ૪૫ એક
હાથમાં નાળીએર લીધું, ને કાકડી બીજે કીધીરે; મરડી
આગળ આવી કરીને પાંચ પ્રદક્ષણા કીધી. સતી. ૪૬ લો-
કતણી બહુ ભીડ થઈ છે, તેને હાથા કહાડોરે; જરે સ-

તીમા મડીમાં પેઠાં, જે ધડી ચડીઓ દહાડો. સતી. ૪૭ ભત્રીજા વેણીલાલે આવી, માની વીનતી કીધીરે; સતી માતાએ નાળીએર આપી, આશીશ ધણેરી દીધી. સતી. ૪૮ સતી માતાના પ્રતાપ થકી હું, ઓચરછું આ વાણીરે; લાલાસદાનંદ મડી આગળ ઉભા, હાથમાં તરવાર તાણી. સતી. ૪૯ તેજે માનું મોહું ચળકે, ને વર્ત્યો જે જે કારરે; સતી કહે માંરા આ સંઘાથે પાંચમો અવતાર. સતી. ૫૦ તમો જણો જે ચીશ પાડશે, લોક કરેછે શોરરે; હું કાંઇ ચીશ પાડું નહીં, છાના રાખો ઢોલ સતી. ૫૧ લાલાસદાનંદ મડી કને ઉભા, પાસે ઉભા છે પાળારે; સતીમાતાએ ધી લેઇને ભીંજવી પોતાની માળા. સતી. ૫૨ સતીમા કહેરે લાલાસદાનંદ, આએવું ધણીનું તેડુંરે; તમને તો હું એટલું કહુછું, મારૂ બંધાવેલ દેહેરૂં. સતી ૫૩ પછી સતીએ યાદ કરીને, કાગળ ખોળામાં લીધોરે; સ્વામીજીનું સ્મરણ કરીને, જીવ સમરપણ કીધો. સતી. ૫૫ અગરચંદનના લાકડા માંહે, લીધું તુલસીનું કાસ્ટરે; પહેલાં પોતાના કેશ લગાડી, પછે લગાડયું ઘાસ. સતી. ૫૫ ચોમેરથી અગ્ની લાગે, ઉપર નાખે ઘાસરે; વેગે કરીને સતીમાએ કીધો, જઇને વૈકુંઠ વાસ. સતી. ૫૬ સતી માતાની ગરડી લાગી, તાહારે થયો હંગામોરે; કોઈ વધાવે સોપારી પૈસા, કોઇ નાખે બદામો. સતી. ૫૭ સતીનો ગરબો ગાય સાંભળે, ફરી ન આવે ગર્ભવાસરે; કણપીઠ કેરા ચોકમાં છે, અંબાકેરો દાસ. સતી. ૫૮ સતી તણો તેણે ગરબો જોડયો, નાહાના સુત દુર્લભ રામરે; શ્રોતા વકતા સહુ જનોને, જોડી હાથ કરૂં પ્રણામ. સતીમા જોર થયાં. ૫૯

પાંચ ચોરનો વેશ.

નાયક..... ભવૈયાનો આગેવાન.
રંગલો.....હસાવનાર.
ગંગો ને જેઠો .....એ ગોલા.
ઢોકલી ને હીકરી.....એ ગોલીઓ.
નવલશા .....વાણીઓ.
ગટકળ.....મેહેતો.
બૂખણ.....સોની.
વીજળી.....સોનારણ.
ગગન .....દરજી.
રંગોલી.....દરજણ.
મતબાલો .....ગોકુલનો ચોબો.
બ્રમનાદુત, વૈષ્ણુવો, ગાનારા તથા બીજા.

બધા ભવાયા-જય જય જય કીરતાર; જય જય સ-
રજનહાર. જય જય જય જગતાત; જય જય તું મુજ
ગાત જય જય સદમતિ દાતા; જય જય વિશ્વ વિધાતા.
નમુ નમુ નાગી શીશ; નમુ નમુ તું જગદીશ નાટક રૂડાં
રમીઓ, પ્રભુ કૃપાજ્યે હોય; રીતિ સુનીતિ દાખીએ સજ્જન
એહા જનેય. રમણ રમે ને ગુણીજન ગાય, અનુપમ કરે
ગોબ; ઓતાજન સૌ સાંભળો, કોય ન કરશો ક્રોધ. ગહીપ-
તિને વિનવું. ને શાહને કરું સલામ; માયું આશીશ ભૂ-
દેવનો, સૌ બોલો હરીનું નામ. (ચડાવીને ત્રણ ચારવાર)
સૌ બોલો હરીનું નામ. એસા ચે તા થઇ.
નાયક—" દુર્ગુણની નિંદા કરે, જો દુર્ગુણી દુખાય;
સગળ લે તે નિજ શિરે, એનો નહિ ઉપાય."
હે સજ્જનો આ વેશમાં નહારા ને નહારા કહ્યા છે,

દુર્ગુણીને વખોડ્યા છે, પણ કોઇ અમુક કલાણું માણસ તાકેલું નથી, કોઇના ઉપર કહ્યું નથી; તેમ છતાં આપણા કવિ રાજે કહ્યું છે તેમ જે દુર્ગુણી હશે તે પોતાને માથે તાણી લેઇ રીસાય તો વેશ જોડનાર તથા ભજવનાર લાચાર છે; એનો ઉપાય નથી.

સતીયા સત મત છોડીઓ, સત છોડે પત જાય;
સતકી બાંધી સુકીર્તિ, સતસે સબ સંસાર.

રંગલો—હો હો ભાઈ નાયક આ વેશ કોના કહીયે?

નાયક—એ વેશ પાંચ ચોરના કહેવાય.

રંગલો—ઓ બાપરે, નાસો, ભાગો!

નાયક—કેમ અલ્યા ભડકયો કેમ? બીધો કેમ?

રંગલો—એક ધારાળો તીર કામઠું ચડાવી, ભોચ મારા દીચરાને કરતો, કે કાગદાના ઝપાટા લગાવતો, આવેતો પ્રુસ નીકળી જાયતો પાંચ આવે ત્યારે તો મારા રામજ રમી જાય.

નાયક—ના બીહીતો રંગલા, ના બીહીતો. ગારકણા ધારાળા ભીલ કોળીનો વેશ નથી, આતો કસબ ચોરનો વેશ છે. જગ પ્રસિદ્ધ મોટા પાંચ ચોર છે, એ ચોર મારકણા નથી; ફોસલાવી પટાવી, નજર ચુકાવી, કપટ કરી, જુહું બોલી છેત્રી ખાનારા છે. એ પાંચ ચોર આ વેશમાં આવશે. તું બીતોમાં; ધબરાતોના.

રંગલો—ભલે ભાઈ ભલે. બોલોરે મારા બેટા બોલો, ભલે ભાઈ ભલે; વગાડો ભુંગળો તમે ગધા લોક ધેં ધેં ધેં.

ગોલા આવેછે તેની મેળણી—ગોલા રાણા આવેરે, બાંયણી મુસળું લાવેરે, બનીહો ગોલા રાણા આવેરે બાંયણી મુસળું લાવેરે. એસા થૈ તા થૈ. ભૂંગળો ધેં ધેં ધેં.

પાંચ ચોરનો વેશ.

એ ગાળા ગાળી કરતા આવે છે.

ગંગો—જાની સાલા ચોર, સાલા લુચ્ચા, છાકટા.

જેઠો—જારે સહરા, તું ચોર તારો બાપ ચોર, તા-
રો દાદો લુચ્ચો, તારો બાપ છાકટો.

ગંગો—એક લાત મારીશ તો દાંત પડી જશે.

જેઠો—એક થપાડ મારીશતો પગ ભાગી જશે.

ગંગો—અલ્યા, આવ એક વાત કહું.

જેઠો—પેલા કામમાં કટલું મળ્યું. ચાલ પીઠામાં
જઇ દારૂ પીએ.

નાયક—અલ્યા ઓ તમે કોણુછો? ને આ શું કરોછો?

ગંગો—અમે ગોલા રાના છીએ; ગોલા લડાઇ કરી-
એ છીએ.

નાયક—ગોલા લડાઇ તે શું?

ગંગો—માહોમાં જુદું જુદું લોકને દેખારવાને લ-
ડીએ, વાતો કરતાં ગાલો દઇએ ને ધપ્પા મુકી કરીએ ને
ગાંહેથી એકના એક.

નાયક—તો તમે ગોલારાણા કેમ કહેવાયા?

ગંગો—જગડસંઘ રાજાના દરબારની ગોલીઓના
અમે છોયા તેથી ગામમાં ગોલારાના કહેવાઇએ ને દરબા-
રમાં બવાસ કહેવાઇએ. અમે ધંધામાં ચોર ગણાઇએ.
ગોલાનો ભરોસો કોકને પડે નહિ. ડાંગર ભડવામાં ચોરી-
એ, બાંડવામાં ચોરીએ, ઝાડકવામાં ચોરીએ, માલ વેચવા-
માં ચોરીએ, એવા અમે ગોલારાના.

રંગલો—છીટ, છીટ, દુર જાઓ, યુ ઢેમ ચોર ગદા
લોક.

નાયક—રે છાનો રહે રંગલા. ને પુછવા દે. આ-

લ્યા ગોલા પણ તમારામાં કોઈ સારા આદમી ખરા કે બધાજ ખરાબ.

ગોલો—હોવે કોઇ ભલા ભગને છે. આ પેલો નારણ ગોલો શાવકાર છે. પણ નાયક બામન વાનીઆને બીજી ઉંચ વનમાં પન ગોલા ગોલી ઘનાં છે.

નાયક—શું ગોલારાણા તે નાતોમાં પણ ગુસ્યા છો કે ?

ગોલો—હોવે અમે જેમ નાતે ગોલા તેમ તે સ્વભાવે ગોલા. જે વહુને મારે ને ભાંડે તે ગોલા કહેવાય. જે વરને ભાંડે અને વાત કરતાં છોકરાંને ભાંડે તે ગોલી રાંડ, મુવા, ને રાંડના, ને રોયા, ને પાધડી બળ્યા, ને આંધળા ને ઢળ્યા ને પીટયા, એવા એવા ને એથી ભુંડા બોલ જેને મોડે સદા વસી રહ્યા છે તે ગોલા. તમારે ગોલીની ગાલ સાંભળવી છે ? પણ ભુલ્યો આ સભામાં ન બોલાય

નાયક—વારૂં થોડો નમુનો તો દેખાડ અલ્યા ગોલા.

ગોલો કુદે છે. હાથના ચાળા કરે છે, ને રંગલો તેની જોડે કુદે છે ને બહુ ગાય છે—મારી ગોલી આવેરે, ગાલો ભાંડતી આવેરે, લડતી વઢતી આવેરે, મારી ગોલી આવેરે–એસા થઇ તા થઇ.

હાથમાં ધોડો લેઇ ઢોકલી અને તેની જોડે તેનો છોકરો આવેછે. ગોલી છોકરાને નવડાવતી હોય તેમ કરેછે ને બબડે છે. એટલે તેની નણંદ ઠીકરી પાછળથી આવી પુછેછે–"અલી કેમ એને નવડાવેછે? એટલે ઢોકલી જવાબ દેછે કે એના રોયા બાપનું અસ્નાન કરાવું છું. ઠીકરી કહે કરાવને રાંડ તારા ભાઈનું અસ્નાન, મારા ભાઇને સીદ મારેછે, રાંડ છેનાલ. ગાલાગાલી ખુબ લડેછે, ને ગંગો બુધું

લેઇને મારવા દોડેછે એટલે ણને નાસી જાયછે.

નાયક—અલ્યા જેઠા તારી બાયડી કેમ ન આવી? કુંવારો છે?

જેઠો—મારી બાયડીને ઓળખાવું સાંભળ—
વનમાલીદાસની દીકરી, ને ઝેરબાઇ નામ;
સાડા ચારનું પલ્લું, ને મસાણપૂર ગામ.

નાયક—તો શું તું લાકડામાં પરણવાનો?

જેઠો—પણ અમારે તો નાતરે ગળે, એક કાઢીએ ને બીજી ઘાલીએ. તાલીઓ પાડી ગાયછે—અમે લગને લગને કુંવારા લાલ તનમન મચકો કારેલી. અમે નવી નવી લાવીએ લાલ તનમન મચકો કારેલી. એટલે "પકડો પકડો" એમ પાછળથી બુમ પડેછે, ને ગોલા નાસી જાયછે.

ગવૈયા ગાયછે— એકવાર રામ રામ બોલો, રે ભાઇ. એકવાર રામ રામ બોલો; પેલી નવાપરાની સોનારણને લેગયો ગોલો; રે એકવાર રામ રામ બોલો. સોની ભાઇ તો દરીઆદ ગયા ને મુકવા લાગ્યા પોકો; ત્યારે ટોપીવાળે સગન કરીને બોલાવ્યા લોકો રે એકવાર. સોનારણ કહે ડોસો ન ગમે જુવો મુવાના ડાચાં; ગાયે એને તાલ પડીછે, નથી બોલાતી વાચા. એકવાર. મને જુવો નવ જોબન વેશે, એને દેખી ઠચ્ચર; ડોળ દેખીને ભડકા ઉઠે, કેમ સહેવાએ જચ્ચર. એકવાર છતે ધણીએ બળે છાતડી, વેહું રંડાપો આગ; ઘરડા વરને પરણાવે, તેને મોટા દેન્તે ડામ. ભાઇ એકવાર. સાહેબને ગન દયા આવીને, વિચાર મનમાં કીધો નવો કાયદો આડે આવ્યો, ને લાઇકારટથી બીધો. એકવાર. સોની કહે સાહેબ વચાડ કડોને, રાન કેમ કહે છે ડોહો; બે ધીનો શીડો ચપાડું ને લાડવો ગળું મોટો. એકવાર

એટલામાં તો ચક્કરી આવીને, ડોસો પડિઓ ભાંયે; સોનીડા ઉપાડી ચાલ્યા, રામ બોલો કેતા જાય. એકવાર. તા થૈ. તા થૈ. ધેં ધેં ધેં.

એટલે પડદામાંથી સોની આવેછે. (માથે પાઘડી, ખાંધે મેલી પીછોડી, નાનું પોતીઉં ને તે ઉપર રૂપાનો કંદોરો પહેરેલો ને ગંદે લુગડે વીટાળેલો કાંટો, સાંડસી, ચીપીઓ વગેરે બગલમાં મારેલાંછે.)

સોની—સકળ સંસાર રીઝાવીએ, ઘડીએ નવા બહુ ઘાટ;
સોની વીણ સોના તણો, કોઈ ન પુછત વાત.
નારી રાખે નેહ ઘણો, વળી જે જન અજ્ઞાન;
સોના વીણ સંસાર સહુ, દીસે જેમ સમસાન.
સોનું મારે ને સોનું તારે, સોનુ પમાડે માન;
સોના પાછળ દુનીઆ ધાયે, જેમ રોટલા વાંસે સ્વાન.
સોને શોભે દેહડી, ને સોને શોભે વસ્ત્ર,
સોનું વહાલું સર્વને, ને સોનું ખપે સર્વત્ર.

હે ભાઇ નાયક એવું જે સોનું તેના ઘાટ ઘડનાર હમે સોની મહાજન કહેવાઇએ. જગતમાં ત્રણ મોટી મોહની છે–'જર જોરૂ ને જમીન, એ મળવાની કરે સૌ આશ'. જે ઘેર સોની ના સાંચરે, તે ઘેર સદા રહે શોક; સોનીડા મફત કામ કરે, એમ માને મૂરખ લોક. સોની મહાજન ટાચકા, રાત પડે ગુજરાત કા, ટીલા કરે સાણુકા, ને સોના ચોરે બાણુકા. રે નાયક રાતે સૌને સુવાનો વખત ત્યારે સોનીને ઘડવાનો વખત એનું કારણ મનમાં સમજી લ્યો. સોનું ચોર્યા વના સોની જીવી શકે નહિ.

નાયક–કેમ અલ્યા ઓગ બોલેછે? શું ઘડામણ નથીલેતા?

સોની—ઘડામણ પર રહેતા હોઇએ તો, ઉજળા વા-

જળા ફરીએ શેના, ઘર કયાંથી બાંધીએ, બાયડી કયાંથી પ-
રણીએ ? અમે પાકા ચતુર ચોર કહેવાઇએ.

નાયક—તમે સોનું ચોરો તે ઘરાક ન જાણે !

સોની—એ જાણે ન જાણે એમનું એમજ તો, રાંડે
જણ્યા સઘળા સરખા એટલે કરે શું. એક સોનીને કાંઠે
ને બીજો લાવે તે પણ તેવોજ ત્યારે શું કરે. ઘરાક જ-
ણદાર હોય તો ઝાઝું ફાવે નહિ પણ છેક કોરાતો ન જ-
ઇએ. સોનારણને જોઇએ સાંકળાં, સોનારણને જોઇએ કડાં,
સોનારણને જોઇએ કસુંબા સાળુ, ને કસબી લુંગડાં તે ધ-
ડાગણુમાંથી ન મળે.

નાયક—પણ તે સાટે પાપમાં પડો કેમ.

સોની—બામણ જમાડી પાપ બામણને ગાયે નાંખી-
એ. બગીબારસ કરીએ; પુનદાન કરીએ, જત્રા જઇએ
પછી શું ? કેમ નાયક ડોકું કેમ ધુણાવો છો, બોલો
બોલું શું છે ?

નાયક—તો તમારામાં કોઈ સાચા હશે કે નહિ ?

સોની—આવડી મોટી દુનીઆ પડી છે તેમાં કેમ
નહિ હશે ? હશે. વાર હવે મારી સોનારણ આવે તેને મે-
ળવી દેજો. ગવૈઆ ગાય છે—અનીહો સોનારણનો ચટકો
ને સો રણનો મટકો જરે જરે સોનારણનો લટકો ને સો-
નારણનો દમકો જરે જરે. હું દેખું તારી વાટડીરે, મા-
થમકતી વીજળી. અનીહો હું તો દેખું તારી વાટડી જ

એટલામાં તો ચક્કરી આવીને, ડોસો પડિઓ ભાંયે; સોનીડા ઉપાડી ચાલ્યા, રામ બોલો કેતા જાય. એકવાર. તા થૈ. તા થૈ. ધેં ધેં ધેં.

એટલે પડદામાંથી સોની આવેછે. (માથે પાઘડી, બાંધે મેલી પીછોડી, નાનું પોતીઉં ને તે ઉપર રૂપાનો કંદોરો પહેરેલો ને ગંદે લુગડે વીટાળેલો કાંટો, સાંડસી, ચીપીઓ વગેરે બગલમાં મારેલાંછે.)

સોની—સકળ સંસાર રીઝાવીએ, ઘડીએ નવા બહુ ઘાટ;
સોની વીણ સોના તણી, કોઈ ન પુછત વાત.
નારી રાખે નેહ ઘણો, વળી જે જન અજ્ઞાન;
સોના વીણ સંસાર સહુ, દીસે જેમ સમસાન.
સોનું મારે ને સોનું તારે, સોનુ પમાડે માન;
સોના પાછળ દુનીઆ ધાયે, જેમ રોટલા વાંસે સ્વાન.
સોને શોભે દેહડી, ને સોને શોભે વસ્ત્ર,
સોનું વહાલું સર્વને, ને સોનું બપે સર્વત્ર.

હે ભાઇ નાયક એવું જે સોનું તેના ઘાટ ઘડનાર હમે સોની મહાજન કહેવાઇએ. જગતમાં ત્રણ મોટી મોહેની છે–'જર જોરૂ ને જમીન, એ મળવાની કરે સૌ આશ'. જે ઘેર સોની ના સાંચરે, તે ઘેર સદા રહે શોક; સોનીડા મફત કામ કરે, એમ માને મૂરખ લોક. સોની મહાજન ટાચકા, રાત પડે ગુજરાત કા, ટીલા કરે સાણુકા, ને સોના ચોરે બાણુકા. રે નાયક રાતે સૌને સુવાનો વખત ત્યારે સોનીને ઘડવાનો વખત એનું કારણ મનમાં સમજી લ્યો. સોનું ચોર્યા વના સોની જીવી શકે નહિ.

નાયક–કેમ અલ્યા એમ બોલેછે? શું ઘડામણ નથીલેતા?

સોની—ઘડામણ પર રહેતા હોઇએ તો, ઉજળા વા-

પાંચ ચોરનો વેશ.

જળા ફેરીએ શેના, ઘર કયાંથી બાંધીએ, બાયડી કયાંથી પ-
રણીએ ? અમે પાકા ચતુર ચોર કહેવાઇએ.

નાયક—તમે સોનું ચોરો તે ઘરાક ન જાણે !

સોની—એ જાણે ન જાણે એમનું એમજ તો, રાંડે જણ્યા સવળા સરખા એટલે કરે શું. એક સોનીને કાઢે ને બીજો લાવે તે પણ તેવોજ ત્યારે શું કરે. ઘરાક બ-ણદાર હોય તો ઝાઝું ફાવે નહિ પણ છેક ફોરાતો ન જ-ઇએ. સોનારણને જોઇએ સાંકળાં, સોનારણને જોઇએ કડાં, સોનારણને જોઇએ કસુંબા સાળુ, ને કસબી લુંગડાં તે ધ-ડાગણુમાંથી ન ગળે.

નાયક—પણ તે સાટે પાપમાં પડો કેને.

સોની—બામણ જમાડી પાપ બામણને માથે નાંખી-એ. અગીઆરસ કરીએ; પુનદાન કરીએ, જાત્રા જઇએ પછી શું ? કેમ નાયક ડોકું કેમ ધુણાવો છો, એમાં ખોટું શું છે ?

નાયક—તો તગારામાં કોઈ સાચા હશે કે નહિ ?

સોની—આવડી મોટી દુનીઆ પડી છે તેમાં કેમ નહિ હશે ? હશે. વાર હવે મારી સોનારણ આવે તેને મે-ળવી દેજે. ગવૈઆ ગાય છે—અનીહો સોનારણનો ચટકો ને સો રણનો મટકો જીરે જીરે સોનારણનો લટકો ને સો-નારણનો ઠમકો જીરે જીરે. હું દેખું તારી વાટડીરે, મારી ચમકતી વીજળી. અનીહો હું તો દેખું તારી વાટડી જીરે જીરે.

સોનારણ આવીને ગાય છે—અની હો પીયુડા હુંતો પાતળીરે, મારે જોઇએ સુંદર ચીર; ચેલો છેલ કરે છે ઠેક-ડીરે, જરે ભરવા જાઉછું નીર. પીયુડા હુતો પાતળીરે.

દરજી—જમડા ઝાલી જાય છે વાહાલી, હવે લાકડા-
માં જઇ પેાઢશું મારી વાહાલીરે.
લુગડાં ચોરીને ઘર ભર્યું, હવે જવું પડેછે
નાગાં મારી વાહાલીરે;
ભોગવવું મારે એકલાને વાહાલીરે.

દરજી રડે છે, અને દરજણ રડે છે એટલે પાછળથી ધુગઉડે છે કે ચેાથેા ચોર આવે છે તેને માટે ભાગ કરેા. એટલે દરજી અને દરજણ જતાં રહે છે. ને ગવૈઆ ગાય છે—અની હેા વાણીઓ વણજ કરે કે ઓછું આપીને હરખાય (બે ત્રણવાર ચડાવીને) બનીઆ સાંચે પળી પળી ને રામ લડાવે કુપ્પા. (ઉતાવલી ચાલે) એસા થૈ તા થૈ.

વાણીઓ આવી આસપાસ જોઈ કહે છે, અમે શાહુકારના બેટા, અમે શાહ કહેવાઇએ, અમને ચોરની ટોલીમાં સીદ ગેાચી ઘાલ્યા? અમે ટો વેપાડી.

નાયક—તમે વેપારમાં ચોરી કરેા કેને?

વાણીઓ—હેાવે. બેટા બહુંજ ટો. આ ધડમના દડપાડમાં જુહું ના બેારાય. વેપાડમાં કાંઇ ગાર મેર કરીએ બડા દુકાને બેહા જુહા સગ બાધયે, ધડાકને છેટકરીએ બડા. પણ તેમ મેાટા શાવકારે બડા. અમારે ભરેસે તેા દનીઆ ચાલે છે. ગાથું જવા દઇએ પણ નાક ના જવા દઇએ. દેશ પડદેશના ચૌટામાં વાણીઆની સાખ ભાડે; વટ ન જવા દે તે વાણીઓ.

નાયક—તે દહાડા તેા ગયા. હવે તેા વાણીઆ દેવાળાં કાઢી લેાકની થાપણેા દુબાવે છે. અવેજ સંતાડી દેવાળું કાઢે તે ચોર બરા કે નહિ?

વાણીઆ—અરે નાયક બેતેા બીજા, પણ સલામ

પાંચ ચોરનો વેશ.

કરૂં બાપજી મને જવા દે. પેહેલા ધાંચીને પકડ, શાવકને પકડ, ભાટીઆને પકડ, કણબીને પકડ બીજા ઘણાએ ચોર છે. બધા વાણીઆ ચોર નથી.

નાયક—બધા નહીં પણ ઘણાકતો ચોર ખરા.

વાણીઓ—વાકું ભાઇ શાહેબ ગાફ કરો ને જવાડો. લે જો દડશણ કર્યાં. એમ કહી "જે જે, શીવલવની જે, ગોકળેશ, ગોકળેશ" એમ બુમો પાડતો નાઠો.

મોટા જાડો પાડો મતબાલો નામે ચોગો દોડી આવી બુમો પાડે છે—દોડો, દોડો, ધધેકી ચાલ, કુતેકી ચાલ, દોડો, દોડો, જે બોલો.' વલકુડી વાણીઓણો, ભાટીયણો, લુવાણીઓ, કાયચડીઓ અને તેમના ભાયડા જે જે કરતા દોડે છે. ને પડદો પડે છે. થોડીવારે ભુંગળો વાગે છે ને ગવૈયા ગાય છે—અનીહો દરબારનો કુતરો આવે રે, કચેરીનો ભુંડ આવેરે, અનીહો મોટો ચોર આવેરે, અનીહો મોટા ચોર આવેરે. એસા થૈ તા થૈ. આજ તારો હુકમ ચાલે ને માને છે ગુલામરે, જેમ બાળગરના વાંદરા કરે છે સલામરે. રાજને લુટે, લોકને લુટે, ધુતે કરો ફગાઇ; જલમજોર થઇ જુલમ કરે ને કરે ઘણી લુચ્ચાઇ, (ચઢાવીને) કરે ઘણી લુચ્ચાઇ, એ કરે ઘણી લુચ્ચાઈ.તાથૈતાથૈ.

ગટકજી મેહેતો આવે છે. માથે કાળું લુગડું બાંધ્યું છે, ધુંટી લગીની નીચી ચાળનું અંગરખું પહેર્યું છે, કેર ખાંધી છે, કાનમાં લાંબી લેખણ ખોશીછે ને બાંધે કીનખાબને લુગડે બાંધેલો ગાંસડો ભેરવ્યો છે.

નાયક—ઓહો આ વેશ કેનો આવ્યો ?

મેહેતો—એ લાંચીઆ ચોરનો વેશ છે.

નાયક—તમે કોણછો ?

મેહેતો—હંરે કમબખ્ત નાયકડા તું કોણ પુછનાર! અમે દીવાન, અમે અમલદાર, અમે કામદાર, અમે કારભારી, અમે વકીલ, અમે મુખતીઆર, અમે કારકૂન, અમે મેહેતા, અમે નવીશંદા અમે મુત્સદ્દી, અમે ફોજદાર, અમે થાણદાર, અમે માગલતદાર, અમે મુનસફ, અમે ન્યાયાધિશ, અમે શીરસ્તેદાર, દફતરદાર, ચીટનીસ, જેલર, માજીસ્ત્રેટ, મુખી, તલાટી, બેલીફ, રજીસ્ત્રાર, કારકુન, એજંટ, ઇજનેર, ડાકતર, અમને ઓલખ્યા ?

નાયક—ના ઓળખ્યા સાહેબ. આપની જાત શી ? નાત કઈ ? નામ શું ?

મેહેતો—મારૂં નામ ગટક મેહેતો. અમારી બે જાત છે દરબારી ને સરકારી. એક જાતમાંથી બીજી જાતમાં જઇએ ખરા. અમારી નાતોતો બધી, વળી ગુણ કર્મ પ્રમાણે અમારાં બે તડ છે, ૧ ઘરમી અને ૨ બહારમી.

નાયક—એ ના સમજ્યા.

મેહેતો—એનો અરથ એટ્લે અમારામાં નાગરાદિ બધી જાતના બ્રાહ્મણ છે, બધી જાતના વાણીઆ છે, ક્ષત્રી છે, કાયસ્થ છે, ગરાસીઆ છે, કણબી છે, દક્ષણી છે, પરજુ છે, દરાડે વરણના હિંદુ છે, વળી પારસી, મુસલમાન, યુરોપી ને દેશી ખ્રીસ્તી (વીસવાસી,) હાફકાસ્ટ વગરે બધી નાતોના માણસ અમારી જાતમાં ભળી શકે છે.

નાયક—એતો સમજ્યો પણ માથે પાઘડીને ઠેકાણે સુવાવડી બાયડીની પેઠે કાળું કપડું કેમ બાંધ્યું છે ? ને બાંધે ગાંસડો શેનો છે?

મેહેતો—એનાં ચાર કારણ છે—એકતો અમે કાળા

વાવડીને સીરાપુરી ને તેજના જોઇએ તેમ અમને પારકા
નું ધન જોઇએ; ત્રીજું સુવાવડીનું મોત થતાં વાર નહિ,
તેમ અમારૂ થતાં પણ વાર નહિ. ચોથું અમારી જાતના
લોક ઘણી તરેહની પાઘડી બાંધે છે, ને મને તો બધાની
વતી પકડી આણ્યો છે તેથી પાઘડી ન પહેરતાં માથે આ
કાળું લૂગડું બાંધીને આવ્યો છું. બાંધે પાઘનો ગાંસડો છે.

નાયક—તો ધર્મી તે કોણ અને અધર્મી તે કોણ ?

ગટકજી—ધર્મી તે ચેલા મૂર્ખા, લક્ષ્મી ચાંલ્લો કર-
વા આવે તે વારે મોહો ધોવા જાય તે કામ કરવામાં તો
અમારા જેવા ચતુર, લખંતે ભણતે બબડદાર, પણ ચાલતે
ચલણે હાથ ન મારે, ધન ન જોડે તે જેવકૂફ નહિ અલ્યા
નાયક ! દરબાર તરફથી કે સરકાર તરફથી જે પગાર મ-
ળે તેજ લેવો. એ તો સાળા પરમાણિક કહેવાય. શું મા-
રા ભાઇ પરમાણિક થઇને અમારો ધંધો બગાડવો; એવાં
નઠારાં માણસ વધતાં જાયછે બરાં, તોપણ હજી મોટા જા-
થો અધર્મીઓનો છે. એ થોડા છે, અમે ઘણા છીએ. એનો
બધા ન્યાય, અને સુનીતિ પ્રમાણે ચાલનારા. એમાં કેટલાક
એવા છે કે લાંચ ના લે, દરબાર, સરકાર, રૈયત કે ઇર-
કોઇને છેતરી પઇસા ખાય નહિ, પણ થોડો પક્ષપાત કરે.
જેવાંને પણ અમે અમારામાં ન રાખીએ. નર્યા ધર્મીથી
એ કોઇક સારા, પણ પુરા લાયક નહિ; અમારે એમને ના
મને. વળી એમનામાં દયાળુનો ત્રીજો ઉપવર્ગ છે. તેઓ પં-
ડે ચોખ્ખા રહે, પણ હાથ નીચેના અધર્મીઓને છેડે ન-
હિ. તેનું કરમ તે ભોગવશે એમ કહી આંખ આડા કાન કરે
એ પણ અમને ગમે નહિ કેમકે સાચા ગોલા; સાહેદી
રવાની હોય તો સાચું ગોલી બરાબર કરે. વળી કેટલાક ના

ણાં ના લે, પણ ધનવાન લોકમાં વગ ચલાવી પોતાના કા-મ કરે, મોટાઇનો ભપકો કરે, ને જુલમ જરાદિક નઠારા કામ કરે. તે અમને વધારે મળતા ખરા પણ જોઇએ તે-વા નહીં. અમે તો લાગ આવે બધાંએ કરમ કરીએ.

નાયક—તમે શું અધર્મી કેવાઓછો?

ગટકજી—અમને અધર્મી તો અમારા સામા વાળી-આ કહે છે. અમે તો ધરમ ધ્યાન, ને પુનદાન મસ કરી-એ. અમારૂં કામ એકે સરકારી કે દરબારી નોકરીમાં જે તદબીરથી, જે યુક્તિથી, કાવતરાંથી, ગેરઇનસાફ કરી, જુઠું બોલી, જુલમ કરી, ઠગાઈ કરી, હરકોઈ રીતે પગા-ર ઉપરાંત પૈસો મળે તેમ કરવું; એમ જેમ વધારે ધન પેદા કરાય તેમ કરીએ. દરબારી નોકરીમાં તો પગાર થો-ડો એટલે દરબારના કુત્રા મારી જાય એવું દરબાર જાણે પણ ખરા. દરબારને ઉધું ચત્તું સમજાવીએ એટલે ચાલવા દે. સરકારી નોકરીમાં ધારતી વધારે છે, ને કોઇની ખરા-બી થાય છે; પણ તે કોઇ કાચો પોચો હોય કે, જેનું ન-સીબ ફુટયું હોય તેજ ઝલાય. ઘણાક તો તળીયાં તાઢાં કરીને બેસીએ છીએ. તેની જોડે અમે ધર્મનું ડોળ ખુબ કરીએ, બ્રાહ્મણ, જોગી, સન્યાસિ, સાધુ, વગેરેને ધન આ-પી જગાડી રાજી કરીએ; તીર્થ જાત્રા કરી ત્યાં નામના કરીએ. કાશીમાં નાગના કરીએ, ગોકુળ મથુરાં જઇ, શ્રી નાથજી જઇ, પાલીટાણે જઇ, મક્કે જઈ પુન કરીએ. સા-ગાંને નાત અને જાતનાને નોકરી આપીએ, પોતપોતાના પંથની જાત્રા જઇ ત્યાં નામના કરીએ. હલકા દરજાના કા-રકુન, ઉધરાતદાર, વગેરેને થોડું ધન મળે તેવા પણ વરા કરી, ને વરઘોડા કાઢી ભપકો કરીએ. જુવો તો ખરા

અમારો પગાર કેટલો છે ને અમારી હવેલીઓ કેવડી મોટી છે. ઘરમાં આવી અમારા ડાગીના તો જુવો. ઘરનાં બૈરાંનાં લુગડાં ઘરેણાં તો જુવો! વળી વ્યાજે મુકેલી તે સંતાડી રાખેલી દોલતની કોઇને ખબરે ન પડે. પોતપોતાની ચતુરાઇ, અને અધિકાર પ્રમાણે રળીએ. પગારથી પૈસાદાર ન થવાય ને નાના પગારવાળાની આબરૂ રહે નહીં. અજ્ઞાન લોકમાં અમારી વાહવા ઘણી થાય, અમારાં વખાણ ઘણાં થાય. પેલા ધર્મીઓ કાંઇ માણસમાં છે! વાહ ઓતો બુસા, નાદાન.

નાયક—તો પાંચ મોટા ચોરમાં તમને દાખલ કર્યાછે તે વાજબી છે.

ગટક મેહેતો—એ પાંચમાં અમે મુખ્ય. પણ આ વાત જાહેર કરીશમાં આવ્યા. અમારામાં જે બધાથી પાકા ચોર છે તેઓ મોઢે મીઠા, ડાહી ડાહી શાસ્ત્રની અને પુનીતિની વાતો કરી લોકમાં ધર્મનો અવતાર હોય તેવું ડોળ દેખાડે છે. અમે ચોર ને વળી જાલમ જોર. અમેતો અધિકારી તે જરજોરીથી લોકને લુટીએ, ને મારી ખાઇએ.

નાયક—તમને લાજ શરમ નહિ?

ગટક૭—એ શું બોલો છો નાયક. આડો અવળો પાય પડ્યા વના ધન જોડાય નહિ. ને અમારામાં જે ઉકા દરજ્જના છે તેઓનો સંસાર વેહેવાર પણ ચાલે નહિ. ત જાતનાને નોકરીએ લગાડવા, જેમ તેમ ધન મેળવ. એ મોટી વાત.

નાયક—જે લાંચ લેતા નથી, હરામનું મારી ખાતા ી તેમનું કેમ ચાલે છે?

ગટકજી—કરકસરથી ચલાવી લે ને ગરીબ રહે. નાત જાતમાં અમારા જેવો લાવો તેમનાથી ના લેવાય.

નાયક—તમારાથી એ ધર્મી સારા. ધિઃકાર છે તમારા હરામના ધનને. તમારા લાવાને ધિઃકાર છે; બળ્યો તમારો વૈભવ; ધુળ પડી તમારી સાહેબીમાં. માયામાં બુડેલા પ્રાણીઆ તું વિચાર કર કે તારે અહીં કેટલી વાર રહેવું છે? સાચે માર્ગે મેળવેલા ધનથી પુલાવવું ન જોઇએ તો દુરાચરણથી મેળવવાની તો વાત શી. હે નરકની બાડીમાં વસનારા દેડકા તમે પાપના ગાંસડા શીદ બાંધો છો. ઇસ તન ધનકી કોન બડાઈ; દેખત નેનમે મીટી મીલાઇ; હાડ જલે જેસી લકડેકી મેાળી બાલ જલે જેસી ઘાસકી પેાલી; આપ કે બાતર મહેલ બનાયા, આપને જનકર જંગલ સેાયા; કહત કબીરા સુન મેરે ભૈયાં; બાંપ મુએ પીછે દુખ ગઈ દુનીયાં. એ કબીરનું વચન ખરૂં છે કે ખોટું? એથી વધારે જાણવાનું એ છે કે આપણા મુવા પછી દુનીયાથી છુટાય પણ પાપથી છુટાતું નથી. તમે આ લોકમાં વિશ્વાસઘાત કરી સંસારના અને રાજ્યના

કી જાણુજો કે દેવ તમારા જેવા લાંચીઆ નથી. તમારા અધર્મે મેળવેલા પૈસા ખરચવાથી આ જગતના લોક છેતરાય, પણ દેવ એવી લાંચ લે નહિ અને છેતરાય નહિ. એવો વિચાર કરી તમારાં ધર્મી અને અધર્મી એવાં બે તડ છે તે ભાંગી બધા ધર્મી થાઓ. મોત માથે ભમતું છે. થોડા વરસમાં તમને જમપૂરીમાં ઝાલી જશે. માટે માણુસના જીવનું કલ્યાણ કરનાર પરમેશ્વર, જેનાં હરી, વિષ્ણુ, બ્રહ્માદિ અનેક નામ છે તેનાથી નિરંતર ડરી વર્તો. તમારી નોકરી સુખે બજાવો પણ સત્યને છોડશો નહિ.

જીવ તું શીવને સંભારને, મૂકી દે બીજી આળ;
ઘડી એક નિસરે સોના સમી, શીરપર ફરેછે કાળ. જીવ૦ ૧

આંખ તણો રે ફરકડે, ઘડીએ વરશો થાય;
મૂરખ મનમાં નથી જાણતો, ઘડીએ ઘુંટ ભરાય. જીવ૦ ૨

જળ છે કામના હાથમાં, નાંખતાં કેટલી વાર;
મોહ પામી વિંટલાઈ રહ્યો, કેમ ઉતરશો પાર. જીવ૦ ૩

જેવું મોતી રે ઓસનું, એવો ખોટો સંસાર;
દેખાઈતું રે રળીઆમણું, ખરતાં કેટલી વાર. જીવ૦ ૪

જેવા કેળના થાંભલા, તેવો સકળ સંસાર;
જેવા ધુમાડાના બાચકા, જેવું વખોવ્યું વાર. જીવ૦ ૫

સંજોગ નદીને નાવનો, એવો સકળ સંસાર;
પછે કોઇ મળે નહિ, જ્યારે ઉતરીઆ પાર. જીવ૦ ૬

સમણું લાધ્યું રે ઉંઘમાં, પામ્યો લીલા વિલાસ;
જાગ્યો ત્યારે દેખે નહિ, અંતે થયો નિરાસ. જીવ૦ ૭

પ્રપંચ કરી ધન જોડીયું, લક્ષ્મી લાખ કરોડ;
મરતી વેળાએ માનવી, કેઠનો કંદોરો છોડ. જીવ૦ ૮

ગયા રાણા ને રાજીઆ, મૂકી ગરથ ભંડાર;
તારૂં આયુષ રે અલ્પતું, શાને કરે શીર ભાર. જીવ૦ ૯

ડાટયુ સાટયુ રે સર્વે રહ્યું, ન થઇ કર્મથી છુટ;
અસત મારગે સાંચર્યો, મેળવી તેં બહુ લુટ. જીવ૦ ૧૦

મારૂં મારૂં કરી માનીયું, તારૂં નથીરે કોય;
આપ સ્વાર્થે સૌ મળ્યાં, મનમાં વિચારી જોય. જીવ૦ ૧૧

કોનાં છોરૂ કોના વાછરૂ, કોના માને રે બાપ;
અંત કાલે જાવું એકલા, સાથે પુન્યને પાપ. જીવ૦ ૧૨

સુક સોનારે પાંજરે, રત્ન જડીઆં છે નંગ;
મુરખ મનમાં નથી જાણતો, ઘડીમાં સાથે ભંગ જીવ૦ ૧૩

પોપટ ભણતોરે પાંજરે, સામો ઉભોરે મંજર;
મુરખ મનમાં નથી જાણતો, ઝડપતાં કેટલીવાર. જીવ૦ ૧૪

કાળ સીચાણો સીર ભમે, મુરખ કરે પ્રપંચ;
ઓચીંતો તુંજને મારશે, વણુસરશે સઘળા સંચ. જીવ૦ ૧૫

પાંચ ચોર કેડે પડયા, લુંટે દિવસને રાત;
મૂરખ મનમાં નથી જાણતો, તારે કોનો સંઘાત. જીવ૦ ૧૬

ગટક મેહેતો—રે ભાઈ નાયક એ પાંચ ચોર કયા! અમે જગતને લુટીએ ને અમને એ લુંટે માટે એ ચોરના ચોર કહેવાય. એ પાંચ ચોરને મારે ઓળખવા જોઈએ.

નાયક—તમારે હાથે કાળાં કરમ કરાવનારા એ પાંચ ચોર છે, ને જ્યાં સુધી એ ચોરને પકડી કેદ કરશો નહિ ત્યાં લગી તમે દુરાચરણી રેહેશો, ત્યાં સુધી કુકર્મ કરતા અટકવાના નથી. એ ચોરના ચોરમાં ૧ લોભ, ૨ સ્વાર્થ, ૩ મત્સર, ૪ કામ, ૫ અજ્ઞાન એ પાંચ મુખ્ય છે. એ પાંચે કાયા ગઢમાં રહે છે. એમની જોડે સિપાઇ જ-

બરા ને ઘણા છે. ક્રોધ, કુબોધ, દુરાગ્રહ, કુબુદ્ધિ, અદેખાઇ, વેર, વખાણ, કુસંગ, કુતર્ક, કુવ્યસન, કૂળભોટાઇ, આળશ, નિશો, કપટ, અસત્ય, વેહેમાદિ, શૂરા જોદ્ધા એમની ફોજમાં છે. એ પાંચ ચોર અને તેમની ફોજ તમને આડી વાટે લઈ જઇ ભુલા પાડે છે. એમને જીતવાને વિવેકબુદ્ધિ અને સાત્વિક ગુણ ઈશ્વરે આપ્યા છે. તેનો તમે અભ્યાસ કર્યો તેથી તેઓ તમારામાં નબળા પડી ગયાછે. પાંચ ચોરનું બળ તમારા હૃદયમાં અન્યાયથી વધી પડયું છે તેથી અધર્મ માર્ગે ફુલાતા ફુલાતા ચાલો છો. એ પાંચ ચોરનું સામટું એક નામ માયા છે, ને બીજું નામ કળી છે. તમે કળીના દૂત છો. એ પાંચ ચોર કબજામાં ન રહેતાં છુટા પડેલા હોયછે ત્યારે તેઓના ચંડાળ ગુણ છે, અને જ્યારે તેઓ કેદમાં હોય છે ત્યારે બરોબર કામ કરે છે. તમારામાં એ છુટા પડેલા છે તેથી તમે ચંડાળપણાને પામ્યા છો. તેથી તમારી દેવ પૂજા, તમારી માળા, તમારા જપ, વ્રત, જાત્રાદિ વ્યર્થ છે, કેમકે તમારાં મન એ ચંડાળોએ અપવિત્ર કર્યાં છે; તમારૂં મન મેલું છે, તમારી અંતઃકરણની આંખો ફુટી છે. ગંગાસ્નાન ને જમનાપાને તમે શુદ્ધ થતા નથી. તમે અભડાયલા છો એ ચંડાળ ચોરોએ તમારા જીવને ઘેર્યો છે.

કાયા નગરીમાં ઘેરીઓ, લુટે ઠારો ઠાર;
મોતે દરવાજા રોકીયા, રૂંધાણા દસે દ્વાર. જીવ૦ ૧૭

ધર્મીનું ડોળ કરી ચાલતો, ધરતો ફદીઆમાં ગંઠ;
ફાટી આંખે સામુજુવે, જ્યારે રૂધાણો કંઠ; જીવ ૧૮

નકટ મુઢમતિ ગટક મેહેતાને ગાથી કાંઇ બોધ લાગ્યો નહિ ને તે શિવોહં, શિવોહં, બોલવા લાગ્યો.

નાયક—રે પાપી, રે દુષ્ટ, રે નરકમાં તરફડતા કીડા! તું શિવ કેમ હોઈ શકે? તું શિવ નથી. તું ખરો ભગત હોય નહિ. જો તું ધરમી હોય તો અધરમ કેમ કરે? તુંતો દુરાચરણી, અપરાધી, પાપી જીવ છે. તને જમડા ઝાલી જશે ત્યાર પછી તું પસ્તાઇશ. મરતાં સુધી તું પાપ અને પાખંડ કર્યાં કરવાનો. તારૂં હૈયું કઠણ પત્થર જેવું થયું છે.

જમના દુતે આવી પાછળથી ગટક મેહેતાની ગરદન ઝાલી. તેઓ તેને ધક્કા મારતા પકડી લેઈ જાયછે. ગટકજી ગળામાંથી બરાડે છે.

ગવૈયા શિખામણનું પદ ગાયછે—(રાગ ખમાયચી જીલ્લો, ત્રિતાલ ખ્યાલ. નારાયણ નરસિંહ નરોત્તમ પુરષોત્તમકો ધ્યાન ધરો, એ રાહે.)

'હે પ્રિય મિત્રો પ્રભુ આજ્ઞાઓ, મનકર્મ વચને માનોરે
સત્ય વચન, સતધર્મો ચરણો, સત્કર્માનુષ્ટાનોરે;
સદા પ્રભૂ ચરણે અભિનંદન, એ છે મુખ્ય વિધાનોરે ૧
પરધન પરદારાની ઈચ્છા, પરહિંસાનાં પાપોરે;
નિષેધ કિધોછે એ કર્મોનો, તે નવ તમે ઉથાપોરે. હે૦ ૨
તૃપ્તિ નથી તૃષ્ણાની થવાની, તૃણવત તેને માનોરે;
શુભ કર્માચરણોથી તમને, મળશે બહુ સનમાનોરે હે૦ ૩
વિષય તણા વિષવત રસ તમને, અતિશય સરસજ લાગેરે;
તેજસરસ તે નિરસ થઈ, નિશ્ચય ઉર દંશો વાગેરે; હે૦ ૪
કામાદી પડ રિપુછે મોટા, વશ જો તેને થાશોરે;
જગકર્તા કોપાશે અંતે, અધમ ગતીએ જાશોરે; હે૦ ૫
રહેણી વિના કહેણી મિથ્યા છે, જળવીણ જેમ ખીજ વાવોરે.

આલાભ્યંતર શુદ્ધ ક્રિયાથી જનમ તણો લ્યો લાહવોરે. હે૦ ૬

તુચ્છ વિષયના ભોગ તજીને, પરમ તત્વને જાણોરે;
તુષ્ટમાન જગદીશ થઇને, કરશે અતિ કલ્યાણોરે. હે૦ ૭

કરણી તેવી પાર ઉતરણી, એજ નિયમ છે સાચોરે;
ક્ષણિક સુખો છે વિષય ભોગનાં, નવ તે ઉપર રાચોરે. હે૦ ૮

અવસર વિત્યો ફરી નહિ આવે, ચિત્ત વિશે વિચારો રે;
વિષમ ગતિ છે કાળ તણી, પરમેશ્વરને સંભારો રે. હે૦ ૯

આ જગતમાં જનમ ધર્યો જે, તે પરિણામ જવાનો રે;
કૃતી પ્રમાણે પ્રભુની પાસે, નિશ્ચય ન્યાય થવાનોરે. હે૦ ૧૦

અંગ પંગુ અશક્ત નિરાશ્રિત, રોગી જનને પાળોરે;
અન્ન વસ્ત્ર ઔષધ આપીને, દુખ તેઓના ટાળોરે. હે૦ ૧૧

નીતિપાળી ભક્તિ કરશે, તે પ્રભુને મન છે વ્હાલોરે;
નિર્મલ અંતઃકરણ કિધા વિણ ઢોંગ ન કરવો હાલોરે. હે૦ ૧૨

ચિત્ત શુદ્ધ કરવાનો સાચો, સદાચાર છે પાયોરે;
દાંભિક વિધિના વેશ થકી, વિશ્વે ન જશે વાહોરે. હે૦ ૧૩

આત્મવત સહુ પ્રાણી ગણિને, સદા કરો ઉપકારોરે;
પ્રભુ આજ્ઞાનો એજ સાર છે, તે નિત ચિતમાં ધારોરે. હે૦ ૧૪

કૃપા નિધિ પ્રભુની કરણા વિણ, અર્થ નહીં સરવાનોરે;
પરા ભક્તિનો માર્ગ ખરો છે, ભવસાગર તરવાનોરે. હે૦૧૫

આ ઉપદેશ તમે ઉર ધારો, ઉત્તમ પદવી પામોરે;
કૃપા સિંધુ પ્રભુના શુભ ચરણે, મનની વૃત્તિ વિરામોરે. હે૦૧૬

અમારે ત્યાંથી નીચે પ્રમાણે ચોપડી-ઓ મળશે.

ચોપડીઓનાં નામ.				રૂ. આ. પા
વિવાહવિધિ...	...	...	...	૦–૮–૦
કરસનદાસ મુળજી ચરિત્ર	...	...		૦–૮–૦
ટુંકી કહાણીઓ ભાગ ૧ લો	...	....		૦–૮–૦
ભાગ ૨ જો	...	...	...	૦–૮–૦
પાર્વતી કુંવર આખ્યાન	...	...		૦–૨–૦
બોધવચન ...	...	...	...	૦–૨–૦
ઈંગ્લાંડની મુસાફરી	...	...	...	૦–૧૨–૦
દુર્ગારામ ચરિત્ર	...	...	...	૧–૦–૦
ભવાઇ સંગ્રહ	...	...	...	૧–૮–૦
સધરાજેસંગ	...	...	...	૧–૪–૦
ઇંગ્લાંડનો ઇતિહાસ	...	...	...	૧–૪–૦
વનરાજ ચાવડો	...	...	...	૧–૮–૦
સાસુ વહુની લડાઇ	...	...	...	૦–૧૨–૦
જગત્ પ્રવાસ	...	...	...	૨–૦–૦

નિશાળોમાં ચાલતી ચોપડીઓ.

ગૂજરાતનો સંક્ષિપ્ત ઇતિહાસ	...	...	૦–૦–૯
વ્યુત્પત્તિ પ્રકાશ	...	...	૦–૨–૦
ગૂજરાતી ભાષાનું નવું વ્યાકરણ...		...	૦–૧–૬

ઉપરની ચોપડીઓ અમારે ત્યાંથી તથા આર્યોદય પ્રેસમાંથી મળશે.

આસ્તોડીઆ ચકલો
અમદાવાદ
} રમણભાઇ મહીપતરામ